RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

# રાજકોટ મિરર

RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER

Year : 14 Issue : 356 Dt. 10-07-2025 Page : 08 Price : Rs 3

Editor : **PRATIPALSINH NARENDRASINH JADEJA,** Publisher, Printer & Owner : **YASHPALSINH JAYCHANDRASINH JADEJA**

Place of Publication and Printing : **201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT**




## ગુજરાત પર આફત







# ગંભીરા પુલ ધ્વસ્ત, ૧૧ મોત

## પુલ તૂટી પડતાં બે ટ્રક, બે વાન અને એક ઓટોરિક્ષા સહિત પાંચ વાહનો નદીમાં ખાબક્યા : મૃતકોના પરિવારોને ૨ લાખની સહાય

વડોદરા , તા. ૯

ગુજરાતના વડોદરા જિલ્લામાં બુધવારે સવારે પુલનો એક ભાગ તૂટી પડતાં એક બાળક સહિત દસ લોકોના મોત થયા હતા અને નવ અન્ય લોકોને બચાવી લેવામાં આવ્યા હતા. મહિસાગર નદી પરનો ગંભીરા પુલ મધ્ય ગુજરાત અને રાજ્યના સૌરાષ્ટ્ર ક્ષેત્રને જોડે છે. આણંદ અને પાદરાને જોડતા પુલનો એક ભાગ અચાનક તૂટી પડ્યો. આ પુલ ૧૯૮૫માં બનાવવામાં આવ્યો હતો. ગુજરાત સરકારે તાજેતરમાં ૨૧૨ કરોડ રૂપિયાના ખર્ચે એક નવા પુલના નિર્માણને મંજૂરી આપી છે. સવારે લગભગ ૭.૩૦ વાગ્યે, પુલનો ૧૦ થી ૧૫ મીટર લાંબો સ્લેબ તૂટી પડ્યો. વડોદરા જિલ્લા મેજિસ્ટ્રેટ અનિલ ધામેલિયાએ જણાવ્યું હતું કે પુલ તૂટી પડતાં બે ટ્રક, બે વાન અને એક ઓટોરિક્ષા સહિત પાંચ વાહનો નદીમાં પડી ગયા હતા. આ અકસ્માત બુધવારે સવારે લગભગ ૭ થી ૭:૩૦ વાગ્યાની વચ્ચે થયો હતો. સ્થાનિકોના જણાવ્યા અનુસાર, પુલ તૂટી પડવાથી ત્રણ ટ્રક, બે ઈકો, એક રિક્ષા, એક પિકઅપ અને બે બાઈક નદીમાં ડૂબી ગયા.

રાજ્ય માર્ગ અને મકાન વિભાગના ઈજનેરો અને પુલ બાંધકામમાં નિષ્ણાત ખાનગી ઈજનેરોની એક ટીમને તાત્કાલિક ઘટના સ્થળે પહોંચવા અને પુલ તૂટી પડવાના કારણો અને અન્ય તકનીકી બાબતોની પ્રાથમિક તપાસ કરવા અને અહેવાલ સુપરત કરવા નિર્દેશ આપવામાં આવ્યો છે. બચાવ અને રાહત કામગીરીના ભાગ રૂપે, સ્થાનિક નગરપાલિકા અને વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનની ફાયર બ્રિગેડ ટીમ બોટ અને તરવૈયાઓ સાથે અકસ્માત સ્થળે હાજર છે અને બચાવ કામગીરી હાથ ધરી રહી છે. ગઉછક્ષની ટીમ પણ ઘટનાસ્થળે પહોંચી ગઈ અને બચાવ કામગીરીમાં જોડાઈ. વડોદરા ફાયર વિભાગની ટીમ અને સ્થાનિક લોકોની મદદથી બચાવ કામગીરી ચાલુ છે. ગુજરાતના મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે આ પુલ ૧૯૮૫માં બનાવવામાં આવ્યો હતો અને જરૂરિયાત મુજબ સમયાંતરે તેની જાળવણી કરવામાં આવતી હતી. ઘટનાના દ્રશ્યો દર્શાવે છે કે બે થાંભલા વચ્ચેના પુલનો આખો સ્લેબ તૂટી પડ્યો છે. સ્લેબ તૂટી પડવાના કારણે પુલ પરથી પસાર થતા વાહનો નદીમાં પડી ગયા હતા. લગભગ ૯૦૦ મીટર લાંબા ગંભીરા પુલમાં ૨૩ થાંભલા છે અને તે ગુજરાતના વડોદરા અને આણંદ જિલ્લાઓને જોડે છે. તેનું ઉદ્‌ઘાટન ૧૯૮૫માં થયું હતું.

વડોદરામાં પુલ તૂટી પડવાથી ૯ લોકોના મોત થયા છે અને ૯ લોકો ઘાયલ થયા છે. પીએમ મોદીએ આ ઘટના પર શોક વ્યક્ત કર્યો છે અને મૃતકોના પરિવારજનો અને ઘાયલોને વળતર આપવાની જાહેરાત કરી છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જાહેરાત કરી હતી કે પ્રધાનમંત્રી રાષ્ટ્રીય રાહત ભંડોળમાંથી મૃતકોના પરિવારોને ૨ લાખ રૂપિયાની આર્થિક સહાય આપવામાં આવશે. આ ઉપરાંત આ અકસ્માતમાં ઘાયલ થયેલા લોકોને ૫૦,૦૦૦ રૂપિયાની આર્થિક સહાય આપવામાં આવશે.

### ૨૦૨૫માં ૩ બ્રિજ થયા ધરાશાઈ

કમનસીબે, ભારતમાં પુલ તૂટી પડવાની ઘટનાઓ – ભલે તે બાંધકામ હેઠળ હોય કે સંપૂર્ણપણે બંધાયેલ – અસામાન્ય નથી. ફક્ત ૨૦૨૫ ના પહેલા છ મહિનામાં, દેશભરમાં ઘણા મોટા પુલ તૂટી પડ્યા છે. ગયા વર્ષે, બિહારમાં માત્ર ૨૦ દિવસના સમયગાળામાં લગભગ ૧૨ પુલ તૂટી પડ્યા હતા. આ ઘટનાઓ પાછળના ચોક્કસ કારણો અસ્પષ્ટ છે – પછી ભલે તે નબળી જાળવણી, હલકી ગુણવત્તાવાળા બાંધકામ સામગ્રી અથવા અન્ય માળખાકીય સમસ્યાઓના કારણે હોય. આ વર્ષે ગુજરાત અને મહારાષ્ટ્રમાં ૨૦૨૫માં નોંધાયેલા ત્રણ સૌથી મહત્વપૂર્ણ પુલ તૂટી પડવાની ઘટનાઓ પર એક નજર અહીં છે. ૧૫ જૂનના રોજ, પુણે નજીક ઇન્દ્રાયણી નદી પરનો એક જૂનો લોખંડનો પદયાત્રી પુલ તૂટી પડતાં ચાર લોકો માર્યા ગયા હતા અને ૧૮ અન્ય ગંભીર રીતે ઘાયલ થયા હતા. આ ઘટના કુંડમાલા વિસ્તારમાં બપોરે ૩:૩૦ વાગ્યે બની હતી, જ્યાં છેલ્લા કેટલાક દિવસોથી ભારે વરસાદ પડી રહ્યો છે અને તે એક લોકપ્રિય પર્યટન સ્થળ છે. ૯ જુલાઈના રોજ, ગુજરાતના વડોદરા જિલ્લામાં ચાર દાયકા જૂના પુલનો એક ભાગ તૂટી પડતાં એક બાળક સહિત કુલ ૧૧ લોકોના મોત થયા હતા. મધ્ય ગુજરાતને સૌરાષ્ટ્ર પ્રદેશ સાથે જોડતા મહિસાગર નદી પરના ગંભીરા પુલનો એક સ્લેબ તૂટી પડ્યો. અહેવાલો અનુસાર, આ પુલ ૧૯૮૫ માં બનાવવામાં આવ્યો હતો અને જરૂર પડ્યે સમયાંતરે તેની જાળવણી કરવામાં આવતી હતી.

### અકસ્માતમાં મૃતકોના નામ

વખત સિંહ મનુભાઈ જાદવ (૩૫ વર્ષ) રહે. કહાનવા, તા.જંબુસર કાનજીભાઈ મેલાભાઈ માછી (૭૦ વર્ષ) રહે.ગંભીરા, તા.આણંદ પ્રવીણ લાલજીભાઈ જાદવ (૩૩ વર્ષ) ઉદેવ, ખંભાત , રમેશ રાવજીભાઈ પઢીયાર (૩૮ વર્ષ) મુજપુર, પાદરા, હસમુખભાઈ મહીજીભાઈ પરમાર (૪૦ વર્ષ) હર્ષદપુરા, મજાતણ, પાદરા, નૈતિક રમેશભાઈ પઢીયાર (૨ વર્ષ) મુજપુર, પાદરા, વૈદિકા રમેશભાઈ પઢીયાર (૬ વર્ષ) મુજપુર, પાદરા૮. રાજેશ ઈશ્વર ચાવડા (૨૬ વર્ષ) દેવાણ, તા.આકલાવ, પર્વત ભગવાનભાઈ વાગડિયા (૨૦ વર્ષ) સરસવા, મહીસાગર ઉત્તર, જશભાઈ શંકરભાઈ હરીજન (૬૫ વર્ષ) ગંભીરા, આંકલાવ

### ભોગ બનેલા ઈજાગ્રસ્તોના નામ

નરેન્દ્રસિંહ રતનસિંહ પરમાર (૪૫ વર્ષ) દેહગામ, ગાંધીનગર૨. ગણપતસિંહ માનસિંહ રાજપુત (૪૦ વર્ષ) રાજસ્થાન૩. રાજુભાઈ દોડાભાઈ (૩૦ વર્ષ) દ્વારકા, નાની શિરડી૪. સોનલબેન રમેશભાઈ પઢિયાર (૩૫ વર્ષ) મુજપુર,પાદરા૫. અરવિંદભાઈ મહીજીભાઈ પરમાર – મજાતણ, પાદરા૬. દિલીપભાઈ રામસિંહ પઢિયાર (૩૫ વર્ષ), નાની શેરડી

# રાજસ્થામાં સેનાનું જગુઆર ફાઈટર જેટ ક્રેશ : ૨ના મોત

## કાટમાળ પાસે ખરાબ રીતે શરીરના ટુકડા મળી આવ્યા

નવીદિલ્હી, તા. ૯

રાજસ્થાનના ચુરુ જિલ્લાના રતનગઢ વિસ્તારમાં ભારતીય વાયુસેનાનું એક જગુઆર ફાઈટર જેટ ક્રેશ થયું. આ ઘટના ભાનુડા ગામ પાસે બની હતી. પ્રાપ્ત માહિતી અનુસાર, આ અકસ્માતમાં પાયલોટને બચાવી શકાયો ન હતો. પોલીસ અને સ્થાનિક લોકો અકસ્માત સ્થળે પહોંચી ગયા છે. વિમાનનો કાટમાળ વિશાળ વિસ્તારમાં ફેલાયેલો છે અને કેટલાક ભાગો હજુ પણ સળગી રહ્યા છે. વાયુસેનાના અધિકારીઓ પણ ઘટનાસ્થળે પહોંચી રહ્યા છે. આ અકસ્માતની તપાસ ચાલી રહી છે. ભારતીય વાયુસેનાએ અકસ્માતના કારણો શોધવા માટે કોર્ટ ઓફ ઈન્ક્વાયરીની રચના કરી છે.



ચુરુના એસપી જય યાદવે જણાવ્યું કે રાજલદેસર પોલીસ સ્ટેશન વિસ્તારના ભાનુડા ગામમાં વિમાન દુર્ઘટના બની છે. આમાં બે લોકોના મોત થયા છે. કાટમાળ પાસે ખરાબ રીતે વિકૃત શરીરના ટુકડા મળી આવ્યા હતા. એવું કહેવામાં આવી રહ્યું છે કે ટેકનિકલ કારણોસર પાયલોટ અકસ્માત પહેલા બહાર નીકળી શક્યો ન હતો. છેલ્લા ૫ મહિનામાં દેશભરમાં ત્રણ જગુઆર ક્રેશ થયા છે. જગુઆર ફાઈટર જેટે શ્રીગંગાનગર નજીકના સુરતગઢ એરબેઝથી ઉડાન ભરી હતી. આ જેટ બે સીટર હતું, જેનો ઉપયોગ તાલીમ માટે થતો હતો. સ્થાનિક લોકોના જણાવ્યા મુજબ, તેમણે પહેલા વિમાનનો અવાજ સાંભળ્યો અને પછી જોરદાર વિસ્ફોટ થયો. આ પછી વહીવટીતંત્રને ઘટનાની જાણ કરવામાં આવી. આ ઘટનાના ચોક્કસ કારણો હજુ સુધી જાણી શકાયા નથી. અધિકારીઓએ જણાવ્યું હતું કે તપાસ પૂર્ણ થયા પછી જ વિગતવાર માહિતી શેર કરવામાં આવશે. સેનાનું હેલિકોપ્ટર પણ ઘટનાસ્થળે પહોંચી ગયું છે, આ હેલિકોપ્ટરને રસ્તા પર ઉતારવામાં આવ્યું હતું.

ચુરુ ફાઈટર જેટ ક્રેશની ઘટના પર, ચુરુના રહેવાસી પવને કહ્યું કે મારી બહેન અકસ્માત સ્થળની નજીક રહે છે. વિમાન નીચું ઉડતું હતું અને ધ્રુજતું હોય તેવું લાગતું હતું. તેણે વિચાર્યું કે તે ઉતરવાનો જ છે, પણ બે મિનિટ પછી, તે ક્રેશ થઈ ગયો. આ ઘટના બપોરે ૧૨:૩૦ થી ૧ વાગ્યાની વચ્ચે બની હતી. ક્રેશ થયા બાદ જેટમાં આગ લાગી ગઈ. પ્રત્યક્ષદર્શીઓએ જણાવ્યું કે ક્રેશ થયા પછી ફાઈટર જેટ આગના ગોળામાં ફેરવાઈ ગયું. તે માણસે આગળ કહ્યું કે જે રીતે વિમાન ડગમગી રહ્યું હતું, તેનાથી એવું લાગતું હતું કે વિમાનની સ્થિતિ સારી નથી.

# નિવૃત્તિ પછી વેદ, ઉપનિષદ-કુદરતી ખેતીમાં થવું છે સમર્પિત : શાહ

## કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે પોતાનો રીટાયરમેન્ટ અંગે કરી સ્પષ્ટા

નવીદિલ્હી, તા. ૯

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે બુધવારે કહ્યું કે જાહેર જીવનમાંથી નિવૃત્તિ લીધા પછી, હું મારી જાતને સંપૂર્ણપણે વેદ, ઉપનિષદ અને કુદરતી ખેતીમાં સમર્પિત કરવાની યોજના બનાવી રહ્યો છું. અમિત શાહે ગુજરાત, મધ્યપ્રદેશ અને રાજસ્થાનની સહકારી મંડળીઓ સાથે સંકળાયેલી મહિલાઓ સાથે 'સહકાર-સંવાદ'માં બોલતી વખતે આ વાતો કહી હતી. મેં નક્કી કર્યું છે કે નિવૃત્તિ પછી, હું મારું બાકીનું જીવન વેદ, ઉપનિષદ અને કુદરતી ખેતીને સમર્પિત કરીશ. રાસાયણિક ખાતરો સાથે ઉગાડવામાં આવતા ઘઉં ઘણીવાર ઘણી સ્વાસ્થ્ય સમસ્યાઓનું કારણ બને છે. કુદરતી ખેતી શરીરને રોગમુક્ત બનાવવામાં મદદ કરે છે, પરંતુ કૃષિ ઉત્પાદકતામાં પણ વધારો કરે છે.

કેન્દ્રીય ગૃહમંત્રીએ મંત્રી તરીકેની તેમની સફર અને સહકાર મંત્રાલય



તેમના માટે કેટલું ખાસ છે તે વિશે પણ વાત કરી. અમિત શાહે કહ્યું, જ્યારે હું દેશનો ગૃહમંત્રી બન્યો, ત્યારે બધાએ મને કહ્યું કે મને ખૂબ જ મહત્વપૂર્ણ વિભાગ સોંપવામાં આવ્યો છે, પરંતુ જે દિવસે મને સહકારી મંત્રી બનાવવામાં આવ્યો, તે દિવસે મને લાગ્યું કે મને ગૃહ મંત્રાલય કરતાં પણ મોટો વિભાગ મળ્યો છે, જે ખેડૂતો, ગરીબો, ગામડાઓ અને પ્રાણીઓ માટે કામ કરે છે. કેન્દ્રીય ગૃહમંત્રીએ કહ્યું, ''આ શક્ય બન્યું છે કારણ કે હું દેશભરમાં જ્યાં પણ જાઉં છું, હું જોઉં છું કે નાના પરિવારોની મહિલાઓએ તેમના બાળકોને કેવી રીતે શિક્ષિત કર્યા છે અને તેમના જીવનમાં પરિવર્તન લાવ્યું છે. આજે, જ્યાં પણ સહકારી મંડળીઓ સ્થપાઈ છે, લોકો ₹ ૧ કરોડ સુધી કમાઈ રહ્યા છે, આ બધું ફક્ત ત્રિભુવન કાકાના દૂરંદેશી વિચારોને કારણે શક્ય બન્યું છે. છતાં, તેમણે ક્યારેય પોતાનું નામ બનાવવા માટે કંઈ કર્યું નથી.

અમિત શાહે કહ્યું કે, ગુજરાત જેવા રાજ્યમાં જ્યાં સહકારી સંસ્થાઓ સ્થપાઈ છે, આજે એક કરોડ રૂપિયાની આવક થાય છે. આ મૂળ વિચાર ત્રિભુવન ભાઈ પટેલનો હતો. પરંતુ, તેમણે પોતાના જીવનમાં એવું કંઈ કર્યું નહીં જેનાથી પોતાનું નામ બને. જ્યારે મેં સંસદમાં તેમનું નામ લીધું, ત્યારે દેશમાં પ્રશ્ન એ હતો કે તેઓ કોણ છે? આટલું મોટું કામ કર્યા પછી પણ તેમણે પોતાની ખ્યાતિ માટે કંઈ કર્યું નહીં.

# PM મોદીને નામિબિયાનો સર્વોચ્ચ નાગરિક સન્માન એવોર્ડ

## પ્રધાનમંત્રી મોદીનું ૨૭મું આંતરરાષ્ટ્રીય સન્માન : મોદીએ કહ્યું વેલ્વિચિયા મિરાબિલિસથી સન્માનિત થવું મારા માટે ગર્વ અને સન્માનની વાત





નવીદિલ્હી, તા. ૯

વડા પ્રધાન નરેન્દ્ર મોદીને બુધવારે નામિબિયાના સર્વોચ્ચ નાગરિક સન્માન 'ઓર્ડર ઓફ ધ મોસ્ટ એન્સિયન્ટ વેલવિટ્શિયા મિરાબિલિસ'થી નવાજવામાં આવ્યા હતા. પીએમ મોદી હાલમાં પાંચ દેશોની ૭ દિવસની મુલાકાત દરમિયાન નામિબિયામાં છે. સાત દિવસની તેમની મુલાકાત દરમિયાન, પીએમ નરેન્દ્ર મોદીને ચાર દેશો દ્વારા સર્વોચ્ચ નાગરિક સન્માનથી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ રીતે, આ પ્રધાનમંત્રી મોદીનું ૨૭મું આંતરરાષ્ટ્રીય સન્માન છે અને આ મુલાકાત દરમિયાન ચોથું સન્માન છે.

નામિબિયાના સર્વોચ્ચ નાગરિક સન્માનથી સન્માનિત થયા બાદ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ નામિબિયાના રાષ્ટ્રપતિ ડો. નેતુમ્બો નંદી-ન્દૈતવાહનો આભાર માન્યો. પ્રધાનમંત્રી મોદીએ કહ્યું, વેલ્વિચિયા મિરાબિલિસથી સન્માનિત થવું મારા માટે ગર્વ અને સન્માનની વાત છે. હું નામિબિયાના રાષ્ટ્રપતિ, તેની સરકાર અને લોકોનો હૃદયપૂર્વક આભાર માનું છું અને ૧૪૦ કરોડ ભારતીય નાગરિકો વતી હું આ સન્માન નમ્રતાપૂર્વક સ્વીકારું છું.

૧૯૯૦માં નામિબિયાને સ્વતંત્રતા મળ્યા પછી ૧૯૯૫માં નામિબિયાનો સર્વોચ્ચ નાગરિક સન્માન, ઓર્ડર ઓફ ધ મોસ્ટ એન્સિયન્ટ વેલવિટ્શયા મિરાબિલિસની સ્થાપના કરવામાં આવી હતી. તેનો હેતુ વિશિષ્ટ સેવા અને નેતૃત્વને માન્યતા આપવાનો છે. તે જ સમયે, આ પુરસ્કારનું નામ 'વેલવિટ્શયા મિરાબિલિસ' નામના એક અનોખા અને પ્રાચીન રણના છોડના નામ પરથી રાખવામાં આવ્યું છે. આ છોડ ફક્ત નામિબિયામાં જ જોવા મળે છે. આ સન્માન નામીબિયન લોકોની સહિષ્ણુતા, દીર્ઘાયુષ્ય અને અદમ્ય ભાવનાનું પ્રતીક છે. પીએમ મોદીને નામિબિયાના સર્વોચ્ચ નાગરિક સન્માનથી સન્માનિત કરવા અંગે, નામિબિયાના રાષ્ટ્રપતિ ડો. નેતુમ્બો નંદી-ન્દૈતવાહએ કહ્યું, નામિબિયાના બંધારણ હેઠળ મને મળેલી સત્તાઓ સાથે, મને ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદીને ઓર્ડર ઓફ ધ મોસ્ટ એન્સિયન્ટ વેલ્વિટ્શયા મિરાબિલિસથી સન્માનિત કરવાનો આ સન્માન છે.'' તેમણે કહ્યું, ''વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ નામિબિયા અને વૈશ્વિક સ્તરે સામાજિક-આર્થિક વિકાસ, શાંતિ અને ન્યાયને પ્રોત્સાહન આપવામાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું છે.



# બાળકોમાં વધ્યું મોબાઈલનું વળગણ

## સાંપ્રત સમયમાં બની રહી છે ગંભીર સમસ્યા : કારણો અનેક



રાજકોટ, તા.૯

આજકાલના બાળકો નાની ઉંમરમાં જ મોબાઈલનો ઉપયોગ કરતાં થઈ જાય છે. તેનું કારણ માતા-પિતાનો પ્રેમ અને સ્નેહ છે. જ્યારે બાળકો નાની ઉંમરે હોય છે, ત્યારે માતાપિતા તેમના મનોરંજન માટે ફોન પકડાવી દે છે, જે યોગ્ય નથી. કોમન સેન્સ મીડિયાના અહેવાલ મુજબ, આજે ૧૦ વર્ષની ઉંમરે ૪૨% બાળકો પાસે સ્માર્ટફોન છે. ૧૨ વર્ષની ઉંમર સુધીમાં તે ૭૧ ટકા સુધી પહોંચી જાય છે અને ૧૪ વર્ષની ઉંમર સુધીમાં ૯૧ ટકા બાળકોના હાથમાં મોબાઈલ ફોન હોય છે. ઘણા માતા-પિતા તેમના બાળકોને તેમની સુરક્ષા માટે મોબાઈલ ફોન આપે છે. તેઓ માને છે કે જ્યારે બાળક મુશ્કેલીમાં હોય ત્યારે તે સંપર્ક કરી શકે છે. કામ કરતા માતા-પિતા ઘણીવાર આવું કરે છે. કારણ કે તેમનું બાળક શાળા પછી થોડો સમય ઘરે એકલું રહે છે. કેટલાક વાલીઓ બાળકોને મૂંઝવવા માટે ફોન પણ આપી દે છે. જે બિલકુલ યોગ્ય નથી. માતા-પિતાએ બાળકોને મોબાઈલના વળગણથી દૂર રાખવા માટે સક્રિય પગલાં લેવા ખૂબ જ જરૂરી છે.

બાળકોને મોબાઈલના વળગણથી બચાવવામાં **માતા-પિતાની ભૂમિકા સૌથી મહત્ત્વપૂર્ણ** છે. જો માતા-પિતા સક્રિય અને સમજદારીપૂર્વક કાર્ય કરે, તો આ સમસ્યાને ઘણી હદ સુધી કાબૂમાં લઈ શકાય છે.

બાળકોને મોબાઈલના વધુ પડતા ઉપયોગથી થતા નુકસાન (આંખોની તકલીફ, ઊંઘનો અભાવ, અભ્યાસમાં મુશ્કેલી) વિશે શાંતિથી સમજાવો. બાળકોને ઓનલાઈન સુરક્ષા, સાયબર ધમકીઓ અને યોગ્ય કન્ટેન્ટ પસંદ કરવા વિશે માહિતગાર કરો. બાળકો સાથે વાતચીત કરો, તેમની સાથે રમો, વાર્તાઓ કહો અને તેમની દિનચર્યામાં રસ લો. આનાથી તેમને એકલતા નહીં લાગે અને મોબાઈલની જરૂરિયાત ઓછી થશે. ભોજન વખતે પરિવારના બધા સભ્યો સાથે બેસીને વાતો કરે અને તે સમયે મોબાઈલથી દૂર રહે તેવો નિયમ બનાવો. બાળકોનો સ્ક્રીન ટાઈમ ઘટાડવા અને મોબાઈલના વળગણ દૂર કરવા માટે માત્ર નિયમો બનાવવાથી જ કામ નથી ચાલતું, પરંતુ મનોવૈજ્ઞાનિક સમજણ અને ટેક્નિક્સનો ઉપયોગ કરવો પણ જરૂરી છે.

### માતા-પિતાની વ્યસ્તતા અને બેદરકારી

- સમયનો અભાવ : ઘણા માતા-પિતા પોતાના કામકાજમાં એટલા વ્યસ્ત હોય છે કે તેઓ બાળકોને પૂરતો સમય આપી શકતા નથી. આવા સમયે, બાળકનું મનોરંજન કરવા માટે તેઓ મોબાઈલ આપી દે છે.
- મોબાઈલને ''બેબીસિટર'' તરીકે ઉપયોગ : કેટલાક માતા-પિતા બાળકોને શાંત રાખવા અથવા જમાડવા માટે મોબાઈલનો ઉપયોગ કરે છે. ધીમે ધીમે આ આદત વળગણમાં પરિણમે છે.
- મોબાઈલનો વધુ પડતો ઉપયોગ કરતા માતા-પિતા : જો માતા-પિતા પોતે જ સતત મોબાઈલનો ઉપયોગ કરતા હોય, તો બાળકો તેમને જોઈને અનુકરણ કરે છે.

### મનોરંજન અને શૈક્ષણિક એપ્લિકેશન્સની ભરમાર

- આકર્ષક ગેમ્સ અને વીડિયો : મોબાઈલમાં ઉપલબ્ધ રંગબેરંગી ગેમ્સ, કાર્ટૂન અને વીડિયો બાળકોને ખૂબ આકર્ષે છે અને તેઓ તેમાં ખોવાયેલા રહે છે.
- શૈક્ષણિક એપ્લિકેશન્સનું આકર્ષણ : કેટલીક શૈક્ષણિક એપ્લિકેશન્સ પણ બાળકોને મોબાઈલ તરફ ખેંચે છે, ભલે તેનો હેતુ સારો હોય, પરંતુ તેનો અતિરેક પણ વળગણ તરફ દોરી જાય છે.

### સરળ ઉપલબ્ધતા અને નિયંત્રણનો અભાવ

- ઘરમાં મોબાઈલની સરળ ઉપલબ્ધતા : મોટાભાગના ઘરોમાં સ્માર્ટફોન સરળતાથી ઉપલબ્ધ હોય છે, જેથી બાળકો ગમે ત્યારે તેનો ઉપયોગ કરી શકે છે.
- ઉંમર પ્રમાણે નિયંત્રણનો અભાવ : માતા-પિતા બાળકોને કઈ ઉંમરે મોબાઈલ આપવો જોઈએ અને કેટલો સમય ઉપયોગ કરવા દેવો જોઈએ તેનું યોગ્ય નિયંત્રણ રાખતા નથી.

### સામાજિક અને પીઅર પ્રેશર

- મિત્રોનું અનુકરણ : શાળામાં કે આસપાસના બાળકોને મોબાઈલનો ઉપયોગ કરતા જોઈને બાળક પણ તેની માંગ કરે છે.
- આધુનિક યુગનો પ્રભાવ : ટેક્નોલોજીના આ યુગમાં મોબાઈલને એક સામાન્ય વસ્તુ તરીકે જોવામાં આવે છે, જેના કારણે બાળકો પણ તેનો ઉપયોગ કરતા અચકાતા નથી.

### અન્ય કારણો

- એકવિધતા અને કંટાળો : જ્યારે બાળકોને કોઈ અન્ય પ્રવૃત્તિઓ ન મળે અથવા તેઓ કંટાળો અનુભવે, ત્યારે તેઓ મોબાઈલ તરફ વળે છે.
- ડિજિટલ દુનિયામાં ખોવાઈ જવું : મોબાઈલ બાળકોને એક અલગ જ વર્ચ્યુઅલ દુનિયામાં લઈ જાય છે, જ્યાં તેઓ પોતાની કલ્પનાઓને જીવી શકે છે.

---

હની ટ્રેપ જેવા ગુનાઓમાં કડકમાં કડક કાર્યવાહી થાય તેવા આદેશો

# NDPSના કેસોમાં અગાઉની સરખામણીમાં બમણાથી પણ વધુ કેસો

## કાયદો અને વ્યવસ્થાની સ્થિતિની સમીક્ષા કરતા ગૃહમંત્રી સંઘવી સ્થાનિક પોલીસને પણ એનડીપીએસના કેસ કરવા સૂચના






અમદાવાદ, તા.૯

ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ અંગે ખાસ સમીક્ષા બેઠક યોજી હતી. આ બેઠકમાં રાજ્યના પોલીસ વડા વિકાસ સહાય, ગૃહ વિભાગના પ્રિન્સિપલ સેક્રેટરી નિપૂણા તોરવણે, તમામ પોલીસ કમિશનર તેમજ તમામ રેન્જના વડાઓ સહિતના ઉચ્ચ પોલીસ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

રાજ્યમાં ડ્રગ્સ સામે ચાલી રહેલી ઝુંબેશ અનુસંધાને ગુજરાત પોલીસ દ્વારા કરવામાં આવેલા એનડીપીએસના કેસોમાં અગાઉની સરખામણીમાં બમણાથી પણ વધુ કેસો કરવામાં આવતા મંત્રી હર્ષ સંઘવીએ ગુજરાત પોલીસને અભિનંદન પાઠવી સ્થાનિક પોલીસ પણ એનડીપીએસના કેસ કરવા અંગે સૂચના આપી હતી. તે ઉપરાંત માત્ર ૧૫ દિવસમાં ડ્રગ્સ માફીયાઓ સામે PIT NDPSના મહત્તમ ૧૭ કેસ કરવા બદલ મંત્રીએ ગુજરાત પોલીસને અભિનંદન પાઠવ્યા હતા અને હજુ મહત્તમ કેસ કરવા સૂચના આપી હતી.

ગુજરાતમાં ગેરકાયદેસર રીતે વસતા બાંગ્લાદેશીઓ વિરુદ્ધ થયેલી કાર્યવાહી માટે પણ અભિનંદન પાઠવવામાં આવ્યા હતા. તે ઉપરાંત રાજ્યમાં GujCTOC હેઠળ કરવામાં આવેલી સઘન કાર્યવાહીની પણ મંત્રીશ્રીએ સરાહના કરી હતી. GujCTOC હેઠળ પાંચ મહિનામાં મહત્તમ ૮ કેસ કરી ૭૭ આરોપીઓ સામે કેસ કરવા આવ્યા છે. રાજ્યમાં અસામાજિક તત્વો વિરુદ્ધ કરવામાં આવેલી કામગીરીનો રીવ્યુ કરવામાં આવ્યો હતો. અસામાજિક તત્વો વિરુદ્ધ થયેલી ઐતિહાસિક કામગીરી બદલ અભિનંદન પાઠવી આવા તત્વો સામે હજુ કડકમાં કડક કાર્યવાહી કરવાની દિશામાં ચોક્કસ રણનીતિ ઘડવા સૂચના આપી હતી. તા. ૧લી જાન્યુઆરી ૨૦૨૪થી તા. ૩૧મી મે ૨૦૨૫ દરમિયાન અસામાજિક તત્વો સામે કરવામાં આવેલી કાર્યવાહીમાં ૫૮૨ ગેરકાયદેસર દબાણ દૂર કરાયાં, ગેરકાયદેસર વીજ જોડાણ અંતર્ગત ૧૮૬૧ સામે કાર્યવાહી, ૬૮૯ રીઢા ગુનેગારો સામે જામીન રદ કરવા અંગેની કાર્યવાહી તેમજ અસામાજિક તત્વોના બેંક એકાઉન્ટ તપાસી ગેરકાયદેસર નાણાંકીય વ્યવહારો કરનાર ૩૯૦ સામે કડક કાર્યવાહી કરવામાં આવી છે. અસામાજિક તત્વો વિરુદ્ધ કરવામાં આવેલી આ કાર્યવાહી ગુજરાત પોલીસ દ્વારા ખૂબ સારી રીતે કરવામાં આવી છે તે બદલ અભિનંદન પાઠવ્યા હતા. આ કાર્યવાહી હજુ કડક બનાવવા મંત્રીશ્રી દ્વારા સૂચના આપવામાં આવી હતી.

રાજ્યમાં વ્યાજખોરો વિરુદ્ધ ખૂબ કડક કામગીરી કરવામાં આવી રહી છે. તા. ૧લી જાન્યુઆરી ૨૦૨૪થી તા. ૩૧મી મે ૨૦૨૫ દરમિયાન ૨૪૮૭ વ્યાજખોરો વિરૂધ્ધ ૧૦૫૪ ગુનાઓ દાખલ કરવામાં આવ્યા છે અને ગુજરાત પોલીસ ૬૪૧ લોન મેળા યોજી નાગરિકોને મદદરૂપ થઈ છે. હજુ સ્થાનિક પોલીસ સ્ટેશને એફઆઇઆરમાં વિલંબ ન થાય તેની ખાસ કાળજી રાખવા અને વ્યાજખોર વિરુદ્ધ કડક કાર્યવાહી થાય તે માટે અરજદારને સિનિયર ઓફિસર ખુદ સંવેદનાપૂર્વક સાંભળે અને તેની સમસ્યાનો ઉકેલ લાવે તે અંગે મંત્રી દ્વારા ઉચ્ચ પોલીસ અધિકારીઓને જરૂરી સૂચના આપવામાં આવી હતી. તે ઉપરાંત હની ટ્રેપના તા. ૧લી જાન્યુઆરી ૨૦૨૪થી તા. ૩૧મી મે ૨૦૨૫ દરમિયાન ૨૯૬ આરોપીઓ વિરૂધ્ધ ૬૬ ગુનાઓ દાખલ કરવામાં આવ્યા છે. હની ટ્રેપ જેવા ગુનાઓમાં કડકમાં કડક કાર્યવાહી થાય તેવી સૂચનાઓ પણ આપવામાં આવી હતી.

---

# બાંગ્લાદેશ નહીં તો શ્રીલંકા સામે ભારતીય ટીમ રમશે મેચ

## વનડે-ટી૨૦ આંતરરાષ્ટ્રીય મેચોની શ્રેણીનું થઈ રહ્યું છે આયોજન ટૂંક સમયમાં બીસીસીઆઇ સેડ્યુલ જાહેર થાય તેવી સંભાવના

નવીદિલ્હી, તા. ૯

ભારતીય ક્રિકેટ ટીમને ઈંગ્લેન્ડ પ્રવાસ પૂર્ણ કર્યા પછી બાંગ્લાદેશનો પ્રવાસ કરવાનો હતો. ત્યાં ભારતીય ટીમને ત્રણ વનડે અને ત્રણ ટી૨૦ આંતરરાષ્ટ્રીય મેચની શ્રેણી રમવાની હતી. જોકે, હવે આ શ્રેણી મુલતવી રાખવામાં આવી છે. એટલે કે આ શ્રેણી ઓગસ્ટમાં રમાશે નહીં. પરંતુ હવે ટીમ ઈન્ડિયા વનડે પણ રમશે અને ટી૨૦ આંતરરાષ્ટ્રીય મેચોની શ્રેણી પણ રમશે, ટીમ બદલાયેલી દેખાશે. એવા સમાચાર છે કે ભારતીય ટીમ શ્રીલંકા સાથે ત્રણ વનડે અને ત્રણ ટી૨૦ આંતરરાષ્ટ્રીય મેચની શ્રેણી રમી શકે છે. એવું માનવામાં આવે છે કે જો તેને લીલી ઝંડી આપવામાં આવશે, તો તેનું શેડ્યૂલ પણ ટૂંક સમયમાં જાહેર કરવામાં આવશે.

ભારતનો બાંગ્લાદેશ પ્રવાસ મુલતવી રાખવામાં આવ્યો છે. આ પછી, એવી ચર્ચા છે કે ભારત અને શ્રીલંકા વચ્ચે શ્રેણી રમવી જોઈએ. તેમાં ત્રણ વનડે અને ત્રણ ટી૨૦ મેચનું આયોજન કરી શકાય છે. પહેલા આ પાછળનું કારણ જાણો. પહેલી વાત એ છે કે ભારતીય ટીમ હવે બાંગ્લાદેશનો પ્રવાસ નહીં કરે. જેનો અર્થ એ કે તેની પાસે ઘણો નવરાશનો સમય છે. બીજી તરફ, લંકા પ્રીમિયર લીગ જુલાઈ અને ઓગસ્ટમાં યોજાવાની હતી, જે હવે નહીં થાય. આવી સ્થિતિમાં, શ્રીલંકાના ખેલાડીઓ પણ આ સમયે મુક્ત રહેશે. તેથી, હાલમાં શ્રેણીનું સંચાલન કરવામાં કોઈ અવરોધ નથી લાગતો.



અત્યાર સુધી BCCI અને શ્રીલંકા ક્રિકેટ બોર્ડ દ્વારા આ અંગે કોઈ સત્તાવાર માહિતી આપવામાં આવી નથી, પરંતુ ન્યૂઝ વાયરને ટાંકીને આ સમાચાર પ્રકાશમાં આવ્યા છે. ટીમ ઈન્ડિયાના શ્રીલંકા પ્રવાસ માટે હાલમાં કોઈ શેડ્યૂલ નહોતું, પરંતુ બાંગ્લાદેશ પ્રવાસ મુલતવી રાખ્યા પછી, એક નવું ચિત્ર સામે આવ્યું છે. જાણવા મળ્યું છે કે શ્રીલંકાની ટીમ ઓગસ્ટના અંતમાં ઝિમ્બાબ્વેનો પ્રવાસ કરવાની છે, આ શ્રેણી તે પહેલાં પૂર્ણ થઈ શકે છે. જો બંને બોર્ડ આ શ્રેણી પર સંમત થાય તો ટૂંક સમયમાં સમયપત્રકની જાહેરાત પણ થઈ શકે છે.

ભારત અને શ્રીલંકા વચ્ચે છેલ્લી ODI અને ઝ૨૦ શ્રેણી વર્ષ ૨૦૨૪ માં રમાઈ હતી. ત્યારબાદ ઝ૨૦ શ્રેણી ટીમ ઈન્ડિયાએ જીતી હતી, જ્યારે ODI શ્રેણી શ્રીલંકાએ જીતી હતી. હાલમાં શ્રીલંકાની ટીમ બાંગ્લાદેશ સામે શ્રેણી રમી રહી છે. જેમાં શ્રીલંકાના ખેલાડીઓ ખૂબ જ સારું પ્રદર્શન કરી રહ્યા છે. આવી સ્થિતિમાં, જો ભારત અને શ્રીલંકા વચ્ચે શ્રેણી થાય છે, તો તે ખૂબ જ રસપ્રદ રહેશે અને ઘણી સારી મેચો જોવા મળી શકે છે.

---

# ટેસ્ટ રેંકિંગમાં ગીલ છઠ્ઠા સ્થાને

## શુભમન ગિલ ઈંગ્લેન્ડ પ્રવાસ પર આવ્યો ત્યારે ટીકાકારો તેની ટેકનિક પર સવાલ ઉઠાવી રહ્યા હતા : ગિલે પોતાની પહેલી જ ટેસ્ટમાં સદી ફટકારીને પોતાના ટીકાકારોને ચૂપ કરાવ્યા

નવીદિલ્હી, તા. ૯

ICC એ નવી ટેસ્ટ રેન્કિંગ જાહેર કરી છે જેમાં શુભમન ગિલે ૧૫ બેટ્સમેનોને હરાવીને અજાયબીઓ કરી છે. શુભમન ગિલ નવા ઈંઈઈ રેન્કિંગમાં છઠ્ઠા સ્થાને છે. પહેલી ટેસ્ટ મેચ પછી, તે ૨૧મા સ્થાને હતો અને બીજી ટેસ્ટ પછી, તે હવે છઠ્ઠા સ્થાને છે. દરમિયાન, હેરી બ્રુકે હવે વિશ્વના નંબર ૧ બેટ્સમેનનું સ્થાન સંભાળી લીધું છે. જો રૂટ નંબર ૧ થી નંબર ૨ પર સરકી ગયો છે. જ્યારે શુભમન ગિલ ઈંગ્લેન્ડ પ્રવાસ પર આવ્યો ત્યારે ટીકાકારો તેની ટેકનિક પર સવાલ ઉઠાવી રહ્યા હતા. ગિલે પોતાની પહેલી જ ટેસ્ટમાં સદી ફટકારીને પોતાના ટીકાકારોને ચૂપ કરાવ્યા, જોકે ભારત તે ટેસ્ટ હારી ગયું. આ પછી, ગિલે એજબેસ્ટનમાં અજાયબીઓ કરી અને તેણે પહેલી ઈનિંગમાં બેવડી સદી ફટકારી અને બીજી ઈનિંગમાં તેના બેટમાંથી સદી નીકળી. તેણે એજબેસ્ટન ટેસ્ટમાં ૪૩૦ રન બનાવ્યા હતા અને આ પ્રદર્શનના આધારે તે ICC ટેસ્ટ રેન્કિંગમાં છઠ્ઠા સ્થાને છે. ગિલના રેટિંગ પોઈન્ટ વધીને ૮૦૭ થઈ ગયા છે.

હેરી બ્રુકની વાત કરીએ તો, ઈંગ્લેન્ડના આ ખેલાડીએ પહેલી ટેસ્ટમાં ૯૯ રન અને બીજી ઈનિંગમાં શાનદાર સદી ફટકારી હતી. જે બાદ તે ICC ટેસ્ટ રેન્કિંગમાં નંબર વન પર આવી ગયો છે. જો રૂટ બંને ટેસ્ટમાં નિષ્ફળ ગયો, આ જ કારણ છે કે તે નંબર ૧ નું સ્થાન જાળવી શક્યો નથી. અન્ય બેટ્સમેનોની વાત કરીએ તો, કેન વિલિયમસન ત્રીજા સ્થાને છે. યશસ્વી જયસ્વાલ ચોથા સ્થાને છે અને સ્ટીવ સ્મિથ પાંચમા સ્થાને છે. ટેમ્બા બાવુમા ૭મા નંબરે છે. ઋષભ પંતે શ્રેણીમાં સારું પ્રદર્શન કર્યું છે પરંતુ તે એક સ્થાન નીચે ૮મા નંબરે આવી ગયો છે. ઈંગ્લેન્ડના જેમી સ્મિથે ૧૬ બેટ્સમેનોને હરાવીને ટોપ ૧૦માં પ્રવેશ કર્યો છે. હવે લોર્ડ્સ ટેસ્ટ શરૂ થવાનો છે અને આ મેચમાં રન બનાવનારા ખેલાડીઓ ફરીથી ટેસ્ટ રેન્કિંગમાં મોટા ફેરફારો લાવશે. હવે જોવાનું એ છે કે ગિલ ક્યાં સુધી જઈ શકે છે કારણ કે તેનું લક્ષ્ય નંબર ૧ બેટ્સમેન બનવાનું હશે. વનડે ક્રિકેટમાં તેનું આ સ્થાન છે, શું ટેસ્ટ ક્રિકેટમાં પણ આ શક્ય બનશે?



### એક જ પ્રકારની છેતરપીંડીના વધુ ત્રણ કિસ્સાઃ લેભાગુઓ લાખો ઉસેડી ગયા

# ન્યુઝીલેન્ડ-UK ના વિઝાના નામે ત્રણને સાંઇઠ લાખનો ચૂનો

## એન્જીનીયરને ન્યુઝીલેન્ડ જવુ હતું તેમાં પંદર લાખ ગુમાવ્યાઃ બે પરિવારે યુકે જવા કરેલો પ્રયાસ પિસ્તાલીસ લાખમાં પડ્યો

રાજકોટ, તા. ૯
વિદેશના વર્ક પરમીટ વિઝાના નામે ઠગાઇના કિસ્સા અટકતા જ નથી. એક ભુલો ત્યાં બીજો કિસ્સો હાજર હોય છે. વધુ આવા વધુ બે બનાવ સામે આવ્યા છે. એક એન્જિનીયરને ન્યુઝીલેન્ડના વર્ક પરમીટ વિઝા અપાવી દેવાના નામે પંદર લાખનો ડામ આપી દેવાયો હતો. અન્ય એક કિસ્સામાં બે પરિવારને યુકેના વર્ક પરમીટના નામે પિસ્તાલીસ લાખનું ફ્રોડ થયું છે.

પ્રથમ ઘટના પર નજર કરીએ તો સુરતના એન્જિનિયર સહિત ત્રણને ન્યૂઝીલેન્ડના વર્ક પરમિટ વિઝા અપાવવાના બહાને વડોદરાના વિઝા કન્સલ્ટન્ટે ૧૫ લાખ પડાવી લીધા હતા. જે અંગે માંજલપુર પોલીસે ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે. પોલીસ સુત્રોના કહેવા મુજબ રાંદેર વિસ્તારમાં -ભાત તારા સ્કૂલની બાજુમાં જલધારા ફલેટમાં રહેતા દત્ત ગિરીશભાઇ પટેલ સુરતના કતાર ગામે ડી. આર.સી. કંપનીમાં સર્વિસ એન્જિનિયર છે. માંજલપુર પોલીસ સ્ટેશનમાં તેણે ફરિયાદ નોંધાવી જણાવ્યું છે મારે વિદેશ જવાનું હોઇ મારી માસીના દીકરા બંસી પટેલને વાત કરી હતી. હું તીર્થ પટેલ અને બંસી પટેલમાં માંજલપુર ઇવા મોલ પાસે શાલીન કોમ્પલેક્સમાં ધ વર્લ્ડ વિઝા હબ નામની ઓફિસમાં ગયા હતા. ઓફિસમાં અમે તુષાર સપકાળને મળ્યા હતા. તુષારે ન્યૂઝીલેન્ડના વર્ક પરમિટ વિઝા માટે એક વ્યક્તિના ૧૩ લાખ થશે. તેવું કહ્યું હતું.

ત્યારબાદ અમે ત્રણેય ભાઇઓએ હા પાડતા તેણે તમારા વર્ક પરમિટ વિઝા આવી જશે. તેવી ખાત્રી આપી હતી અને એડવાન્સ પેટે પાંચ લાખ માંગ્યા હતા. અમે તેને ૧૫ લાખ આપ્યા હતા. તેની સામે તુષારે એમ. ઓ.યુ. કરી આપ્યું હતું. જેમાં લખ્યું હતુ કે ન્યૂઝીલેન્ડમાં વર્ક વિઝા કોન્ટ્રાક્ટમાં નક્કી થયેલી કંપનીનું નામ સિલ્વર ફર્ન ફાર્મ્સમાં ફુટ પ્લકીંગ પોકરની જોબ અને ૧૩ લાખનું પેકેજ દત્ત અને તીર્થ પટેલે નક્કી કર્યુ છે. જેના ૧૦ લાખ મળ્યા છે. ત્યારબાદ વિઝા ના મળે તો




રૂપિયા પરત કરશે. તુષાર સપકાળથી વિઝાનું કામ નહીં થતા અમે રૂપિયાની પરત માંગણી કરી હતી. પરંતુ રૂપિયા ન આપતાં ફરિયાદ નોંધાવાઇ હતી.

બીજી ઘટના પર નજર કરીએ ગાંધીનગરના સેક્ટર ૧૬માં આવેલી એક્રેઈટ વિઝા કન્સલ્ટન્સી દ્વારા સેક્ટર ૨૪ની મહિલા અને અમદાવાદના યુવાનને પરિવાર સાથે યુકેના વર્ક પરમિટ અપાવવાના બહાને કુલ ૪૫ લાખ રૂપિયાની છેતરપિંડી કરવામાં આવી હોવાની ઘટના બહાર આવી છે. જે સંદર્ભે હાલ પોલીસ દ્વારા ત્રણ વ્યક્તિઓ સામે ગુનો દાખલ કરીને તપાસ શરૂ કરી છે. ગાંધીનગરમાં વધુ એક વાર બહાર આવી છે. જે ઘટના સંદર્ભે પોલીસ સૂત્રોમાંથી મળતી વિગતો -માણે ગાંધીનગર શહેરના સેક્ટર ૨૪ હરસિધ્ધનગર ખાતે રહેતા કાજલબેન રાહુલ કુમાર નાયી દ્વારા ફરિયાદ નોંધાવવામાં આવી હતી કે, અમદાવાદ સૈજપુર બોઘા ખાતે રહેતા અને સેક્ટર ૧૬માં આવેલી એક્રેઈટ વિઝા કન્સલ્ટન્સી ચલાવતા મેહુલભાઈ રાજેશભાઈ સોની અને કુડાસણ પ્રમુખ એવન્યુ કોમ્પલેક્ષમાં જીનલબેન પંચાલ દ્વારા તેમને અને તેમના પરિવારને યુકેના વર્ક પરમીટ ત્રીસ લાખ રૂપિયામાં આપવાનું નક્કી કરવામાં આવ્યો હતું.

આ માટે તેમણે તબક્કાવાર રૂપિયા ચૂકવ્યા હતા અને નકલી સ્પોન્સર લેટર પણ બનાવી આપ્યો હતો. એટલું જ નહીં બે ત્રણ કોરા કાગળ ઉપર સહી પણ લેવામાં આવી હતી. ૨૪.૨૫ લાખ રૂપિયા રોકડા તેમને આપવામાં આવ્યા હતા. ઈન્ટરવ્યૂ બાદ તેમના વિઝા રિજેક્ટ થયા હોવાનું કહેવામાં આવ્યું હતું અને રૃપિયા પરત માગતા ૩.૮૭ લાખ રૂપિયા પરત કર્યા હતા. પણ બાકી નીકળતા ૨૦.૩૭ લાખ પરત નહીં આપીને છેતરપિંડી આચરવામાં આવી હતી.

ઉપરાંત આ જ ટોળકી દ્વારા અમદાવાદના ઘાટલોડીયા ખાતે રહેતા સંદીપભાઈ ગણપતભાઈ નાઈને પણ નિશાન બનાવવામાં આવ્યા હતા અને તેમને તેમની પત્ની અને પુત્રને પાંચ વર્ષના યુકેના વર્ક પરમિટ વિઝા આપવા સત્યાવીસ લાખ રૂપિયા નક્કી કર્યા હતા અને જે મુજબ તેમણે પચ્ચીસ લાખ રૂપિયા ચૂકવી આપ્યા હતા પરંતુ તેમનું કામ કરી આપવામાં આવ્યું ન હતું. જેથી આ ઘટનામાં પણ મહેશભાઈ રાજેશભાઈ સોની, નિધિબેન સોની અને જીનલબેન પંચાલ સામે ગુનો નોંધી તપાસ શરૂ કરાઈ છે. આમ વધુ ત્રણ વીઝા ફ્રોડ સામે આવ્યા છે.



# રૂડાના ૨૩ ગામોને પીવાના પાણીની સુવિધા કરાવાશે ઉપલબ્ધ

## રાજકોટ શહેરી વિકાસ સત્તામંડળ દ્વારા ૧૭૭મી બોર્ડ બેઠક યોજાઈ

રાજકોટ, તા. ૯
રાજકોટ શહેરી વિકાસ સત્તામંડળ દ્વારા ગઈકાલે ૧૭૭મી બોર્ડ બેઠક ચેરમેન તુષાર સુમેરાની અધ્યક્ષતામાં યોજાઈ હતી. બોર્ડ બેઠકમાં અનેક મુદ્દાઓને બહાલી આપવામાં આવી. જેમાં રૂડા દ્વારા તૈયાર કરાયેલી રૂડા વિસ્તારની મંજુર થયેલી મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૭૭(વાજડી ગઢ)ની પ્રારંભિક નગર રચના યોજનાની ટીપીઓ દ્વારા તૈયાર કરાયેલ કામ ચલાઉ પુનઃરચનાની દરખાસ્તોને પરામર્શ આપવાની આગળની કાર્યવાહી કરવા મંજૂરી આપવામાં આવેલ છે.

રૂડા વિસ્તારમાં ૪૮ ગામોનો સમાવેશ છે. આંતરમાળખાકિય સુવિધા અંતર્ગત અગાઉ ફેઝ-૧ અંતર્ગત ૨૦ ગામોમાં શુધ્ધ પીવાનું પાણી આપવાની યોજના કાર્યરત છે, અને હાલેફેઝ -૨ હેઠળ ૧૫ ગામોને રૂ. ૧૧૯.૩૪ કરોડના ખર્ચે શુધ્ધ પીવાનું પાણી આપવાના કામને તથા ફેઝ-૩ હેઠળ ૮ ગામોને રૂ. ૬૫.૦૦ કરોડના ખર્ચે શુધ્ધ પીવાનું પાણી આપવાના કામને બહાલી આપવામાં આવેલ છે. જે અન્વયે SJMMSVY હેઠળ ગ્રાન્ટની માંગણી કરવામાં આવશે.

રૂડા હસ્તક આવેલા પા. પૂ. યોજનાના પમ્પીંગ સ્ટેશન અને હેડવર્કસ પર સોલારરૂફટોપ મુકવાની પહેલ કરવામાં આવેલ છે, જે કામગીરી માટે રૂ. ૨.૧૧ કરોડના ખર્ચને બહાલી આપવામાં આવેલ છે. આંતરમાળખાકિય સુવિધા અંતર્ગત DTP ૪૩ (વાજડી-વડ) મા અંદાજીત ૪કિ.મી.લંબાઇના ડામર રસ્તા બનાવવાની કામગીરી માટે રકમ રૂ.૧૫.૩૪ કરોડના ખર્ચને બહાલી આપવામાં આવેલ છે.

પ્રધાનમંત્રી આવાસ યોજના અને મુખ્યમંત્રી ગૃહ યોજના અંતર્ગત વિવિધ સાઇટ ખાતે ફાળવેલ આવાસ ધારકો દ્વારા આવાસ ભાડે આપેલ હોય, તેવા આવાસને નિયતપ્રક્રિયા દ્વારા સીલ કરવા અને તે અંગે નિયત ચાર્જ વસુલ કરવાની નીતિને બોર્ડની બહાલી આપવામાં આવેલ છે. રાજકોટ શહેરી વિકાસ સત્તામંડળ હસ્તકની જગ્યામાં હોર્ડિંગ્સ-બોર્ડ/ કોમ્યુનિકેશન ટાવર ઉભા કરવા માટે નવા ટેન્ડર કરવાની બાબતને બોર્ડની બહાલી આપવામાં આવેલ છે.

ચેરમેન તથા મ્યુનિસિપલ કમિશ્નર તુષાર સુમેરા, રિઝીયોનલ કમિશ્નર ઓફ મ્યુનિસિપાલીટી મહેશ જાની, જીલ્લા પંચાયત પ્રમુખ પ્રવિણાબેન રંગાણી, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીન ઠાકર, રૂડાના સી.ઈ.એ. જી.વી.મીયાણી, કલેક્ટરના પ્રતિનિધિ તરીકે મહેક જૈન, મુખ્ય નગર નિયોજકના પ્રતિનિધિ તરીકે કે.આર.સુમરા તથા RMCના સીટી એન્જી. કે.કે.મહેતા હાજર રહ્યા હતા.

# દબાણ હટાવ વિભાગનો માત્ર દેખાડો

## જૂન એન્ડમાં ૪૨ રેકડી, ૧૯૧૫ બોર્ડ બેનરો કર્યા જપ્ત : ૪.૫૮ લાખનો વસૂલ્યો દંડ

રાજકોટ, તા. ૯
રાજકોટ મહાનગરપાલિકાની દબાણ હટાવ શાખા દ્વારા જૂનના છેલ્લા ૧૫ દિવસમાં શહેરના વિવિધ માર્ગો ઉપર દબાણ રૂપ એવી રેકડી કેબીનો તથા બોર્ડ બેનરો હટાવવામાં આવ્યા અને ૪.૫૮ લાખનો દંડ વસૂલવામાં આવ્યો. હાલ જે વિગતો મળી રહી છે અને જાણકાર વર્તુળો જણાવી રહ્યા છે તે મુજબ મહાનગરપાલિકા નો દબાણ હટાવ શાખા માત્ર દેખાવની જ કામગીરી કરી રહી છે. છેલ્લા ઘણા સમયથી આ ઝુંબેશ યથાવત રીતે ચલાવવામાં આવે છે છતાં પણ દબાણ કરતાં ઉમા સહેજ પણ ડર નથી જે સૂચવે છે કે વિભાગની કામગીરી માત્ર વાહવા અને ફોટા પોતે જ સીમિત છે. જો વિભાગ ખરા અર્થમાં કામગીરી કરવા માંગતું હોય તો એવી કામગીરી હોવી જોઈએ કે ભવિષ્યમાં પણ વેપારીઓ દબાણ કરવાનું વિચાર પણ ન કરે પણ આ તો તેરી ભી ચૂપ અને મેરી ભી ચૂપ જેવી ઘટનાને અંજામ આપવા જેવી બાબત છે.

રાજકોટ શહેરમાં જુદી જુદી જગ્યાએ જાહેર માર્ગો પર દબાણ રૂપ એવા રેકડી-કેબીન, અન્ય ચીજવસ્તુઓ, શાકભાજી-ફળો જપ્તી તેમજ પશુઓને આપવામાં આવતું લીલું, બોર્ડ-બેનરો વગેરે જપ્ત કરવાની કામગીરી કરવામાં આવેલ છે.જ્યુબેલી મવડી બ્રિજનીચે રેલ્વે લાઈન, આનંદ બંગલા ચોક, રામનાથ પરા, કરણપાર્ક, રૈયા રોડ, નંદનવન પાર્ક, રવિવારી આજીડેમ, કોઠારીયા રોડ, મોરબી રોડ સેટેલાઈટ ચોક પાસેથી રસ્તા પર નડતર રૂપ ૪૨ રેકડી/કેબીન જપ્ત કરવામાં આવી હતી.









જ્યુબેલી, જામનગર રોડ, હેમુગઢવી હોલ, જંકશન રોડ, ગાયત્રીનગર મે.રોડ, ઢેબર રોડ, જંકશન રોડ, કૃષ્ણનગર મે.રોડ, રૈયા રોડ, ૧૫૦ ફુટ રોડ, કાલાવાડ રોડ, નાણાવટી ચોક, ભીમનગર રોડ, યુનિ.રોડ, કોઠારીયા રોડ, ધરાર માર્કેટ, મોરબી રોડ સેટેલાઈટ ચોક પરથી જુદી-જુદી અન્ય ૫૬૪ પરચુરણ ચીજ વસ્તુઓ જપ્ત કરવામાં આવી હતી.

જામનગર રોડ, લક્ષ્મિનગર, જ્યુબેલી, યુનિ.રોડ, કોટેચા ચોક થી આકાશવાણી ચોક સુધી, ધરાર માર્કેટ, કેસરી પુલ, પારેવડી ચોક, કોઠારીયા રોડ, મોરબી રોડ સેટેલાઈટ ચોક પાસેથી ૧૨૬૫ કિલો શાકભાજી/ફળ જપ્ત કરવામાં આવી. કોઠારીયા રોડ, સંતકબીર રોડ, પેડક રોડ, ભાવનગર રોડ, પુષ્કરધામ મેઈન રોડ, યુનિ.રોડ, નાણાવટી ચોક, રૈયા રોડ, મવડી વિસ્તાર, સ્વામીનારાયાણ ચોક, ઢેબર રોડ, સોરઠીયાવાડી પાસે થી રૂ.૩૭,૨૫૦/- મંડપ કમાન છાજલી ભાડુ વસુલ કરવામાં આવેલ છે.

૮૦ફુટ રોડ, પારેવડી ચોક, સંતકબીર રોડ, ધરાર માર્કેટ, કોઠારીયા રોડ, મોરબી રોડ, ભાવનગર રોડ, કુવાડવા રોડ ૮૦ફુટ રોડ, અટિકા ફાટક, જામનગર રોડ, ટાગોર રોડ, આનંદ બંગલા ચોક, મવડી મેઈન રોડ, આહિર ચોક પરથી રૂ.૪,૨૧,૪૯૫ વહિવટી ચાર્જ વસુલ કરવામાં આવ્યો હતો. જામનગર રોડ, જલારામ ચોક, જંકશન પ્લોટ, રેસકોર્ષ રોડ, યુનિ.રોડ, ૧૫૦ ફુટ રોડ, નાણાવટી ચોક, સાધુવાસવાણી રોડ, પટેલ કન્યા છાત્રાલય, કોઠારીયા રોડ, સેટેલાઈટ ચોક પરથી ૧૯૧૫ બોર્ડ-બેનર જપ્ત કરેલા છે .

### તાજેતરમાં જ સોશિયલ મિડીયામાં જાગૃતિ ફેલાવતાં મેસેજ વહેતા થયા હતાં ત્યાં જ એક શિકાર થયો

# RTO ચલણની લિંક ઓપન કરતાં ગુમાવ્યા સાડાચાર લાખ

## વેપારીના બેંક એકાઉન્ટમાંથી એક ટ્રાન્જેક્શન થતાં બેંકના રિલેશનશીપ મેનેજર સાથે વાત કરતા'તા ત્યાં બીજી રકમ ઉપડી ગઇ

રાજકોટ તા. ૯
સાયબર ફ્રોડની અફાટ દુનિયામાં ઓનલાઇન નીતનવા નુસ્ખાઓનો ઉપયોગ કરી લોકોને છેતરવામાં આવે છે. જાત જાતના ને ભાત ભાતના ગતકડાઓ થકી ગઠીયાઓ લાખો કરોડો ઉસેડી લેવામાં સફળ રહે છે. હવે ગઠીયાઓએ આરટીઓના ચલણના નામે ઠગાઇ શરૂ કરી છે. તાજેતરમાં જ સોશિયલ મિડીયામાં આ પ્રકારનો જાગૃતિ ફેલાવતો મેસેજ વાયરલ થયો હતો. જેમાં આરટીઓ ચલણના નામે આવતી લિંક ઓપન નહિ કરવા ચેતવણી અપાઇ હતી. આ વચ્ચે એક વેપારીએ પોતાને આરટીઓ ચલણની લિંક મળતાં તે ઓપન કરતાં જ સાડા ચાર લાખ ગુમાવી દીધા હતાં!

લોકો માટે લાલબત્તી સમાન આ ઘટનાની વિગતો પર નજર કરીએ તો મૂળ અમરેલીના પંકજભાઇ ઠેસીયાના એકાઉન્ટમાંથી રૂ.૪૯,૯૯૯ કપાઇ ગયા હતાં. હાલ આ વેપારી સુરતના નાના વરાછામાં રહે છે અને ઓનલાઈન વેપાર સાથે સંકળાયેલા છે. તેમને મોબાઈલ ફોન ઉપર આવેલી આરટીઓ ચલણની લીંક ખોલતા તેમના ત્રણ બેન્ક એકાઉન્ટમાંથી પાંચ ટ્રાન્ઝેક્શન મારફતે રૂપિયા ચાર લાખ ચાલીસ હજાર કપાઇ ગયા હતાં. પોલીસ સુત્રોએ આ ઘટનાની વિગતો આપતાં કહ્યું હતું કે મુળ અમરેલી લાઠી કેરાળાના વતની અને સુરતમાં નાના વરાછા યમુનાનગર વિભાગ ૧માં રહેતા અડતાલીસ વર્ષીય પંકજભાઇ ગોબરભાઇ ઠેસીયા સરથાણા યોગીચોક એપલ સ્કવેર ખાતે ટેક્ષટાઈલ પ્રોડક્ટ ઓનલાઈન વેચવાનું કામ કરે છે.

તેમના એચડીએફસી બેન્કમાં ત્રણ એકાઉન્ટ છે. તનેઓ ઓફિસે હાજર જતા ત્યારે તેમના એક બેન્ક એકાઉન્ટમાંથી રૂ.૪૯,૯૯૯ કપાતા તરત બેન્કમાંથી તેમને ફોન આવ્યો હતો. તેમણે પોતે ટ્રાન્ઝેક્શન કર્યું નથી તેમ કહેતા બેન્કે તે ટ્રાન્ઝેક્શન કેન્સલ કર્યું હતું. પરંતુ ત્યાર બાદ પણ બેન્કમાંથી પૈસા કપાયાના મેસેજ આવતા હોઇ તેમણે બેન્કના રીલેશનશીપ મેનેજરને ફોન કરી બાદમાં કસ્ટમર કેરમાં પ્રોસેસ કરાવી હતી. પરંતુ ત્યાં સુધીમાં તેમના ત્રણ બેન્ક એકાઉન્ટમાંથી કુલ પાંચ ટ્રાન્ઝેક્શન મારફતે રૂ.૪,૩૯,૬૫૮.૦૧ કપાઈ ગયા હતા. આ અંગે તેમણે સાયબર ક્રાઈમ હેલ્પલાઇન ૧૯૩૦માં ફોન કરીને જાણ કરી હતી. આ પછીં બેન્કમાંથી ફોન કરી તેમને પૂછ્યું હતું કે તમારા ફોનમાં આરટીઓ ચલણની લીંક આવી હતી? તે સમયે પંકજભાઈને જાણ થઈ હતી કે તેમણે તે લીંક ખોલ્યા બાદ




પૈસા કપાઈ ગયા હતા. આ મામલે તેમણે ગતરોજ સરથાણા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા વુમન પોલીસ ઇન્સ્પેક્ટર એસ.એ.શાહે વધુ તપાસ હાથ ધરી હતી.

### રિયલ એસ્ટેટ પ્રોપર્ટીના ટાસ્ક પુરા કરવાના નામે એન્જિનીયરે ગુમાવ્યા બત્રીસ લાખ

ઠગાઈની અન્ય એક ઘટના જોઇએ તો એન્જિનીયરની નોકરી કરતાં યુવાન સાથે રીયલ એસ્ટેટ પ્રોપર્ટી માર્કેટીંગનું પ્રમોશન કરવાના અને ટાસ્ક પુરા કરી કમાણી કરવાના નામે એકત્રીસ લાખ તોંતેર હજારની ઠગાઇ થઇ છે. ટેગિગ્રામ ઉપર રિયલ એસ્ટેટ પ્રોપર્ટી માર્કેટિંગના -મોશનના ટાસ્ક પૂરા કરીને પૈસા કમાવાની લાલચમાં ખાનગી કંપનીના એન્જિનિયરે રૂ. ૩૧.૭૩ લાખ ગુમાવ્યા હતા. યુવકનો વિશ્વાસ કેળવવા તેની પાસે શરૂઆતમાં ફ્રી ટાસ્ક પૂરા કરાવીને એકાઉન્ટમાં રૂ. ૧૬,૪૩૯ જમા કર્યા હતા. ત્યાર બાદના ટાસ્કમાં પેકેજ લેવાનું કહીને પૈસા ભરાવ્યા હતા. જોકે એપ્લિકેશનમાં રોકાણ સામે -ોફિટ સાથે રૂ.૭૮.૫૦ કરોડ બેલેન્સ દેખાતું હતું.

આ મામલે વસ્ત્રાલ માનસરોવર હાઇટ્સમાં રહેતા જયેશભાઈ રમણભાઈ સુથાર મુંબઈની ખાનગી કંપનીમાં સિનિયર સર્વિસ એન્જિનિયર છે. તે ટેલિગ્રામ જોતા હતા ત્યારે અજાણ્યા આઇડી પરથી મેસેજ આવ્યો હતો. જેમાં શબીના તરીકે ઓળખ આપીને તમને એક ટાસ્ક આપવાની વાત કરી હતી. જેમાં તેમને રિઅલ એસ્ટેટનું કામ કરતી ડીએલએફ નામની કંપનીની બિલ્ડિંગની પોસ્ટ આવે તેમાં પ્રોસેસ કરવા કહ્યું હતું અને તેના બદલામાં તમને પૈસા અપાશે, તેમ કહ્યું હતું. ત્યાર બાદ શબીનાએ લિંક મોકલીને રજિસ્ટ્રેશન કરાવડાવ્યું હતું. ત્યાર બાદ ફ્રી ટ્રાયલ ટાસ્ક આપ્યો હતો જેમાં મકાન અને ફ્લેટનાં ણક્ષ્શમોશન અપાયાં હતાં. ટાસ્ક પૂરા થતાં જયેશભાઈના એકાઉન્ટમાં રૂ.૧૬,૪૩૯ જમા થયા હતા. પછી શબીનાએ આગળના ટાસ્ક પૂરા કરવા હોય તો પેકેજ લેવાનું કહ્યું હતું. પછી જુદા જુદા પેકેજ મોકલીને ટાસ્ક પૂરા કરાવાયા હતા. જેમાં જયેશભાઈને નફા સાથેના પૈસા અલગ દેખાતા હતા.

ત્યારબાદ તેમને આગળના ટાસ્ક પૂરા કરાવવા માટે ગ્રુપમાં એડ કર્યા હતા અને બીજી લિંક પણ મોકલી હતી. જેમાં તેમને ટાક્સ પૂરા કરવા માટે પૈસાની જરૂર હોય તો લોન પણ આપવાની વાત કરાઈ હતી. પરંતુ જયેશભાઈ સંમત થતાં તેમને રૂ. ૮.૧૧ લાખની લોન આપી હતી. જે જયેશભાઈને એપ્લિકેશનમાં દેખાતી હતી. ત્યાર બાદ તેમના જણાવ્યા પ્રમાણે જયેશભાઈએ રિઅલ એસ્ટેટ પ્રોપર્ટીના માર્કેટિંગના ટાસ્ક પૂરા કરવાની સ્કિમમાં રૂ. ૩૧.૭૩ લાખ ભર્યા હતા. સામે તેમને પ્રોફિટ સાથે રૂ. ૭૮.૫૦ કરોડ બેલેન્સ દેખાતુ હતુ. પરંતુ તેઓ પૈસા વિડ્રો કરી શકતા ન હતા. ત્યાર બાદ લિંક ઓપન થતી ન હતી. જેથી પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાની જાણ થતા જયેશભાઈએ સાઈબર ક્રાઈમમાં ફરિયાદ નોંધાવી હતી.

રાજકોટ મિરર
તંત્રીની કલમે

# બ્રાન્ડેડ ગુરુ!

## સ્થાનિક તથા રાષ્ટ્રીય સ્તરના બ્રાન્ડેડ ગુરુઓનો ફૂલ સ્ટોક ઉપલબ્ધ



ગુરુ તત્વ એટલે પરમશક્તિના મહાપ્રવાહની સરવાણી શિષ્યની આધી-વ્યાધી-ઉપાધી દૂર કરીને પરમાત્માનો સાક્ષાત્કાર કરાવીને મોક્ષ પ્રાપ્તિ સુધીન દિવ્ય અને ભવ્ય યાત્રા કરાવવાની ક્ષમતા આ સરવાણી ધરાવે છે. આજે પરમના તેજથી ઝળહળતા ગુરુઓને વંદના કરવાનો મંગલ અવસર છે.

આજે મંદિરો-આશ્રમો-ધાર્મિક સંસ્થાઓમાં ગુરુપૂર્ણિમા ઉજવણીની ધૂમ મચી છે. શિષ્યો-ભક્તો ગુરુપૂજન-દર્શન માટે ઊમટી પડ્યા છે. ગુરુ પૂનમ એટલે અજ્ઞાનતાનું અંધારું તોડીને જ્ઞાનનો પ્રકાશ ફેલાવવાનો મંગલ અવસર. સનાતન પરંપરામાં ગુરુ-શિષ્ય પરંપરાથી વૈદિક જ્ઞાન-સાધના નિરંતર વહે છે. આ પરંપરાઓ અનેક દિવ્ય મહાત્માઓ આપ્યા છે.

ગુરુ એટલે શિષ્ય-ભક્તની સમસ્યાઓનો ઉકેલ. રાજશક્તિ કરતા પણ ધર્મશક્તિ વધારે બળવાન ગણાય છે. સનાતન પરંપરામાં અનેક ગુરુઓએ માર્ગ દર્શન આપીને રાજ્યની સમસ્યાઓ ઉકેલીને સમાજને-રાજ્યને બળવાન-તેજવાન બનાવ્યા છે. ગુરુ પરંપરા આજે પણ ધબકે છે. પણ, મોટાભાગના ગુરુઓ સમસ્યાઓના ઉકેલ આપવાને બદલે સમસ્યારૂપ બની રહ્યા છે.

પરંપરામાં કંઇક ગરબડ થઇ ગઇ હોય તેમ નથી લાગતું? ગુરુ શોધવા એ સામાન્ય બાબત નથી. ભક્ત-શિષ્ય લાયક બને અને પરમાત્માની કૃપા થાય ત્યારે ગુરુ પ્રાપ્ત થાય. વર્તમાન સમયમાં ધર્મક્ષેત્રે ગુરુઓનો પાર નથી. માર્કેટમાં વિવિધ સ્થાનિકથી માંડીને રાષ્ટ્રીય-આંતરરાષ્ટ્રીય બ્રાન્ડના ગુરુઓ ફૂલ સ્ટોકમાં ઉપલબ્ધ છે.

ધર્મ-અધ્યાત્મમાં ભાવનાનું મહત્વ છે. માર્કેટમાં ગુરુઓના ભાવ બોલાય છે. સ્થાનિકથી માંડીને વૈશ્વિકસ્તરે બ્રાન્ડેડ ગુરુઓ ઓફ લાઇન અને ઓનલાઇન ઉપલબ્ધ રહે છે. ગુરુઓનો સ્ટોક વધતો જ જાય છે. ગુરુઓની દૂકાનથી માંડીને મહાકાય કંપની જેવા આશ્રમોમાં ભીડ ઓછી થતી નથી. માર્કેટ ગરમા ગરમ રહે છે. બ્રાન્ડેડ ગુરુઓ પોતાની બ્રાન્ડના મંત્રો, યોગ, ધ્યાન, વિધ્વિ સાધનાઓ, જ્ઞાન વગેરેનું અકલ્પનીય માર્કેર્ટિંગ કરી રહ્યા છે. ઘણાએ આ માટે બ્રાન્ડિંગ કંપનીઓનો પણ સહારો લીધો છે.

મોટાભાગના ગુરુ-શિષ્યો લાલચ કે સ્વાર્થથી જોડાય છે. ઘણીવાર ગુરુ માર્કેટમાં ગળાકાપ હરિફાઇથી માંડીને કાપા-કાપી સુધીના કાંડો પણ જોવા મળે છે. એવા દ્રશ્યો પણ સર્જાય છે કે, જાહેરમાં ગુરુને શિષ્ય પગે લાગે અને ખાનગીમાં શિષ્ય સામે ગુરુ સાષ્ટાંગ દંડવત કરે છે....

પરંપરા જળવાઇ, પણ ઉદ્દેશ વિસરાયો છે. આ સમયે પરમાત્માની સરવાણી જેવા દિવ્ય ગુરુઓને વંદના કરીને પ્રાર્થના કરીએ કે, ગુરુપૂર્ણિમાનો મૂળ ઉદ્દેશ સ્થાપિત થાય તેવી કૃપા કરો...

!! લાખ રૂપિયાની વાત !!
ઘણી વાર જિંદગીમાં તકલીફો
આપણી પરીક્ષા લેવા માટે
નથી આવતી,
પણ આપણી સાથે
જોડાયેલા
લોકોની સાચી
ઓળખાણ
કરવા માટે આવે છે...

પૂ ભક્તિ સ્વામીજી
પ્રમુખ શ્રી અખિલ ભારતીય સંત સમિતિ રાજકોટ જિલ્લા
પુ ભકિત સ્વામીજી (હિન્દુ રાષ્ટ્રહિત રક્ષક)
શ્રી સ્વામિનારાયણ સનાતન આશ્રમ-ખીરસરા



# અખિલેશ યાદવના યોગી સરકાર પર આકરા પ્રહારો

## ઉત્તર પ્રદેશની ચૂંટણીમાં કથિત ગોટાળા અને ટેબલેટ વિતરણમાં વિલંબ જેવા મુદ્દાઓ પર સાધ્યું નિશાન

રાજકોટ, તા. ૯

સમાજવાદી પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ અને પૂર્વ મુખ્યમંત્રી અખિલેશ યાદવે રાજ્યની યોગી સરકાર પર આકરા પ્રહારો કર્યા છે. તેમણે સુલતાનપુરમાં સપા કાર્યકરની હત્યા, ઉત્તર પ્રદેશની ચૂંટણીમાં કથિત ગોટાળા અને ટેબલેટ વિતરણમાં વિલંબ જેવા મુદ્દાઓ પર સરકારને ઘેરી લીધી છે. અખિલેશે કહ્યું કે સુલતાનપુરમાં સપા કાર્યકર સુનીલ યાદવની હત્યાના કેસમાં પરિવારને ન્યાય મળવો જોઈએ. તેમણે સરકાર પર આ મામલે બેદરકારી દાખવવાનો આરોપ લગાવ્યો છે. મીડિયા સાથે વાત કરતા અખિલેશે કહ્યું, 'સુલ્તાનપુરમાં અમારા કાર્યકરની હત્યા કરવામાં આવી છે. આ ખૂબ જ દુઃખદ છે. સરકારે આ મામલે તાત્કાલિક કાર્યવાહી કરવી જોઈએ જેથી પરિવારને ન્યાય મળે. તેમણે એવો પણ દાવો કર્યો હતો કે ઉત્તર પ્રદેશની ચૂંટણીમાં મોટા પાયે ગોટાળા થયા છે. તેમણે આરોપ લગાવ્યો કે બૂથ લેવલ ઓફિસર્સ (BLO) જાણી જોઈને લોકોના મત કાઢી રહ્યા છે.

મુરાદાબાદ ચૂંટણી પર સવાલ ઉઠાવતા તેમણે કહ્યું કે 'મુરાદાબાદ ચૂંટણી સંપૂર્ણપણે લૂંટાઈ ગઈ છે. ચૂંટણી પંચ ડેટા છુપાવી રહ્યું છે. અખિલેશે એવો પણ આરોપ લગાવ્યો હતો કે ચૂંટણીમાં યુપીના સૌથી કુખ્યાત અધિકારીઓને મહત્વપૂર્ણ જવાબદારીઓ સોંપવામાં આવી હતી. જેના કારણે ચૂંટણીની નિષ્પક્ષતા પ્રભાવિત થઈ છે. આ સાથે અખિલેશે કહ્યું કે યુપીના લોકોના મત કાઢી નાખવામાં આવ્યા છે. આ ચૂંટણીઓમાં, દરેક વ્યક્તિએ આવીને ૬ મત આપ્યા. આ બધું આયોજનબદ્ધ રીતે કરવામાં આવી રહ્યું છે જે સ્પષ્ટપણે દર્શાવે છે કે સરકાર પોતાની સત્તાનો દુરુપયોગ કરી રહી છે.

યોગી સરકાર પર નિશાન સાધતા, અખિલેશે ટેબ્લેટ વિતરણ યોજનાની નિષ્ફળતાનો પણ ઉલ્લેખ કર્યો. તેમણે કહ્યું, 'સરકારે છેલ્લા નવ વર્ષમાં ગોળીઓનું વિતરણ કેમ ન કર્યું?' શિક્ષણના ડિજિટાઇઝેશનની વાતો થઈ રહી છે, પરંતુ વાસ્તવમાં કંઈ થઈ રહ્યું નથી. તેમણે સરકારની અંદરના આંતરિક ઝઘડાનો પણ ઉલ્લેખ કર્યો કે 'સમગ્ર સરકારમાં લડાઈ ચાલી રહી છે. અધિકારીઓ એકબીજા વિરુદ્ધ લખી રહ્યા છે. મંત્રી અધિકારી સામે ફરિયાદ કરી રહ્યા છે. નાયબ મુખ્યમંત્રી પણ ફરિયાદ કરી રહ્યા છે. અખિલેશે મરાઠી ભાષા પર પણ પોતાના વિચારો વ્યક્ત કર્યા. તેમણે કહ્યું, ''જે લોકો મરાઠી ભાષા શીખવવા માંગે છે તેમણે ૧,૦૦૦ કરોડ રૂપિયાનું રોકાણ કરવું જોઈએ. અમે મરાઠી ભાષાની વિરુદ્ધ નથી.'' ભાજપ પર પ્રહાર કરતા તેમણે કહ્યું કે સરકારની નીતિઓ અને કામગીરી જનતાના હિતમાં નથી. સપા વડાએ એમ પણ કહ્યું કે તેમની પાર્ટી ૨૦૨૭ની ચૂંટણી માટે સંપૂર્ણ તૈયારીઓ કરી રહી છે.

# ગેરકાયદે અમેરિકા મોકલનાર એજન્ટો પર EDના દરોડા

## ED એ મની લોન્ડરિંગની તપાસ શરૂ કરી છે, જે પંજાબ અને હરિયાણા પોલીસ દ્વારા નોંધાયેલી ૧૭ FIR પર આધારિત

નવીદિલ્હી, તા. ૯

EDએ મંગળવારે પંજાબ અને હરિયાણાના અનેક જિલ્લાઓમાં એક સાથે દરોડા પાડ્યા હતા. આ દરોડા ગેરકાયદેસર રીતે અમેરિકા મોકલવામાં આવેલા લોકો સાથે સંબંધિત ડોન્કી રૂટ કેસમાં પાડવામાં આવી રહ્યા છે. હરિયાણા અને પંજાબના અમૃતસર, સંગરુર, પટિયાલા, મોગા, અંબાલા, કુરુક્ષેત્ર અને કરનાલમાં દરોડા પાડવામાં આવી રહ્યા છે. આ કેસમાં, ED એ મની લોન્ડરિંગની તપાસ શરૂ કરી છે, જે પંજાબ અને હરિયાણા પોલીસ દ્વારા નોંધાયેલી ૧૭ FIR પર આધારિત છે. આ FIR માં, કેટલાક ટ્રાવેલ અને વિઝા એજન્ટો અને દલાલો પર લોકોને અમેરિકા મોકલવાના નામે લાખો રૂપિયાની ઉઘરાણી કરવાનો આરોપ મૂકવામાં આવ્યો છે. તપાસમાં જાણવા મળ્યું છે કે એજન્ટો નિર્દોષ લોકોને કાયદેસર રીતે ફ્લાઇટ દ્વારા વિદેશ મોકલવાની વાત કહીને છેતરતા હતા. બદલામાં, તેઓ પ્રતિ વ્યક્તિ ૪૫ થી ૫૦ લાખ રૂપિયા સુધીની મોટી રકમ વસૂલતા હતા. પરંતુ વાસ્તવમાં, આ લોકોને ગધેડા રૂટ દ્વારા અમેરિકા મોકલવામાં આવ્યા હતા, એટલે કે જંગલો અને ખતરનાક માર્ગો દ્વારા ઘણા દેશોની સરહદો પાર કરીને.




વધુમાં, આ એજન્ટો ડોન્કી રૂટ પર કાર્યરત દાનવો અને માફિયાઓ સાથે મળીને લોકો અને તેમના પરિવારોને ધમકાવતા અને પૈસા પડાવતા હતા. ઘણી વખત આ પરિવારોને સતત ધમકી આપવામાં આવતી હતી કે જો તેઓ પૈસા નહીં આપે તો તેમના સંબંધીઓ ગંભીર જોખમમાં મુકાઈ શકે છે. ED એ અમેરિકાથી દેશનિકાલ કરાયેલા લોકોના નિવેદનો પણ નોંધ્યા છે. આ નિવેદનોમાંથી કેટલાક નવા નામો બહાર આવ્યા છે, જેમના ઠેકાણાઓ પર આજે દરોડા પાડવામાં આવી રહ્યા છે. EDની આ કાર્યવાહીને એક મોટા ટ્રાવેલ ફ્રોડ નેટવર્કનો પર્દાફાશ કરવાની દિશામાં મહત્વપૂર્ણ માનવામાં આવી રહી છે. એજન્સીને આશા છે કે આ તપાસમાં ઘણા વધુ ચોંકાવનારા ખુલાસા થઈ શકે છે.

સૂત્રોએ વધુમાં જણાવ્યું હતું કે ટ્રાવેલ એજન્ટોએ કથિત રીતે ઇચ્છુક સ્થળાંતર કરનારાઓ સાથે ૪૫-૫૫ લાખ રૂપિયાની છેતરપિંડી કરી હતી. આમાંના ઘણા એજન્ટો ક્યારેય પીડિતોને રૂબરૂ મળ્યા નથી અને સ્થાનિક સંપર્કો દ્વારા કામ કરતા હતા. યુવાનોને કાયદેસર વિદેશમાં નોકરી આપવાનું વચન આપવામાં આવ્યું હતું, પરંતુ તેમને અનેક દેશોમાંથી પસાર થઈને ગેરકાયદેસર 'ગધેડા' માર્ગ અપનાવવાની ફરજ પાડવામાં આવી હતી.

તપાસકર્તાઓને જાણવા મળ્યું કે આ ''દાન આપનારાઓ'' અને તેમના સહયોગીઓએ યુવાનો પ્રવાસ પર હતા ત્યારે સ્થળાંતર કરનારાઓ અને તેમના પરિવારો પર વધારાના પૈસા માટે દબાણ કર્યું હતું. માહિતી અનુસાર, ED એ ઘણા દેશનિકાલ થયેલા લોકોના નિવેદનો નોંધ્યા છે, જેનાથી નેટવર્કના કાર્યકારી માળખાનો ખુલાસો કરવામાં અને નવા શંકાસ્પદોની ઓળખ કરવામાં મદદ મળી છે.દેશનિકાલ કરાયેલા લોકોને તમામ સંબંધિત દસ્તાવેજો સબમિટ કરવા કહેવામાં આવ્યું હતું, જેમાં ટ્રાવેલ એજન્ટોના બેંક ખાતાની વિગતોનો સમાવેશ થાય છે જેમણે ચૂકવણી કરી હતી. PMLA હેઠળ સંપૂર્ણ તપાસ શરૂ કરવામાં આવી હતી કારણ કે આ કેસમાં નોંધપાત્ર ગેરકાયદેસર નાણાકીય વ્યવહારો સામેલ છે, એક અધિકારીએ નામ ન આપવાની શરતે જણાવ્યું હતું.

# મતદાર યાદીના સુધારણા અભિયાન સામે વિપક્ષી રાષ્ટ્રીય જનતા દળનો વિરોધ

## રાહુલ ગાંધી અને અન્ય નેતાઓએ પટનામાં કર્યો વિરોધ : આરજેડી, કોંગ્રેસ, ડાબેરી પક્ષો, વિકાસશીલ ઇન્સાન પાર્ટી અને સ્વતંત્ર નેતા પપ્પુ યાદવનો સમાવેશ

નવીદિલ્હી, તા. ૯

વિધાનસભા ચૂંટણી પહેલા મતદાર યાદીના ચાલી રહેલા ખાસ સઘન સુધારણા અભિયાન સામે બુધવારે કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી, વિપક્ષી રાષ્ટ્રીય જનતા દળના નેતા તેજસ્વી યાદવ અને મહાગઠબંધનના અન્ય નેતાઓએ બિહારભરમાં વિરોધ પ્રદર્શનો કર્યા. મતદાર યાદીમાં સુધારો કરવા અને નવા શ્રમ સંહિતા લાગુ કરવાના ચૂંટણી પંચના નિર્ણયના વિરોધમાં રાજ્યભરમાં ''બિહાર બંધ'' મનાવવામાં આવી રહ્યો છે. સ્પેશિયલ લેબર કોડએ વિવાદ ઉભો કર્યો છે જેમાં વિપક્ષી પક્ષોએ અનિયમિતતાઓ અને મતદારોના મતાધિકારથી વંચિત રહેવાનો આરોપ લગાવ્યો છે, ખાસ કરીને પૂરગ્રસ્ત વિસ્તારોમાં. સ્પેશિયલ લેબર કોડના વિરોધમાં ૯ જુલાઈના રોજ કેટલાક રાજકીય પક્ષો દ્વારા રાજ્યવ્યાપી બંધનું આયોજન કરવામાં આવી રહ્યું છે.

આ વિરોધ પ્રદર્શનનું આયોજન અને સમર્થન મહાગઠબંધન પક્ષો દ્વારા કરવામાં આવી રહ્યું છે, જેમાં આરજેડી, કોંગ્રેસ, ડાબેરી પક્ષો, વિકાસશીલ ઇન્સાન પાર્ટી અને સ્વતંત્ર નેતા પપ્પુ યાદવનો સમાવેશ થાય છે. આ ''ચક્કા જામ'' એ જ દિવસે થઈ રહ્યો છે જ્યારે ૧૦ કેન્દ્રીય ટ્રેડ યુનિયનો અને તેમના સહયોગી સંગઠનોએ લઘુત્તમ વેતન અને નવા શ્રમ સંહિતા સહિત અન્ય મુદ્દાઓની માંગણી સાથે ભારત બંધનું એલાન આપ્યું છે.



બિહાર વિધાનસભામાં વિરોધ પક્ષના નેતા તેજસ્વી યાદવ, બિહાર કોંગ્રેસના અધ્યક્ષ રાજેશ કુમાર, બિહાર માટે અખિલ ભારતીય કોંગ્રેસ સમિતિના પ્રભારી કૃષ્ણ અલ્લાવારુ અને ડાબેરી પક્ષોના નેતાઓએ હાજરી આપીને સોમવારે એક પ્રેસ કોન્ફરન્સમાં વિરોધની જાહેરાત કરી હતી. પત્રકાર પરિષદમાં બોલતા યાદવે કહ્યું કે વિરોધ પ્રદર્શનો સમગ્ર બિહારમાં થશે. તેમણે કહ્યું કે મહાગઠબંધન શ્રમ સંહિતા અને મતદાર યાદી સુધારા બંનેનો વિરોધ કરી રહ્યું છે. તેમનો આરોપ છે કે SIR પ્રક્રિયાએ ''ગૂંચવણ'' ઉભી કરી છે અને તે ટૂંકા સમયમાં પૂર્ણ થઈ રહી છે. તેમણે એવો પણ દાવો કર્યો હતો કે આ સુધારાનો હેતુ શાસક ગઉઅને ફાયદો કરાવવાનો હતો. રાહુલ ગાંધી અને અન્ય નેતાઓએ પટનાના આવકવેરા ગોલંબરથી વિરોધ પ્રદર્શન શરૂ કર્યું. પટનાના મહાત્મા ગાંધી પુલ પર ટાયરો સળગાવીને વિરોધ પક્ષોના મોટી સંખ્યામાં વિરોધીઓ રસ્તાઓ પર ઉતરી આવ્યા હતા અને ટ્રાફિકને અવરોધિત કર્યો હતો.

ફક્ત તમારા મત જ નહીં પરંતુ તમારા ભવિષ્યનું પણ ચોરી કરવાનો પ્રયાસ છે. પરંતુ બિહારના યુવાનો તે થવા દેશે નહીં, કારણ કે સમગ્ર વિપક્ષ તમારી સાથે ઉભો છે, રાહુલ ગાંધીએ બુધવારે પટનામાં વિરોધ પ્રદર્શન દરમિયાન કહ્યું. બિહાર વિધાનસભા ચૂંટણીના થોડા મહિના પહેલા મતદાર યાદીમાં સુધારા અંગે મુખ્ય ચૂંટણી કમિશનર (CEC) જ્ઞાનેશ કુમારની ટીકા કરતા, પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ રાજેશ રામે અગઈ ને જણાવ્યું, ''દિલ્હીમાં રહીને નિર્ણય લેવા અને જમીન પર રહીને નિર્ણય લેવા વચ્ચે તફાવત છે. જો તમારે આ કરવાનું હતું, તો તમારે લોકસભા ચૂંટણી પહેલા તે કરવું જોઈતું હતું.''

# શબ્દ બ્રહ્મ

## સદગુરૂ કૃપા હી કેવલમ્...

## ગુરુ પૂર્ણિમા

### અપરંપાર અજવાળાં પ્રદેશનાં સમર્થ સમ્રાટ શ્રી સદગુરુ ભગવાનને ચરણે કોટી કોટી વંદન



અષાઢ સુદ પૂનમ એટલે કે વેદ વ્યાસની જન્મ જયંતી! વેદ વ્યાસ પરાશર ઋષિ અને મત્સ્ય કન્યા સત્યવતીનાં પુત્ર છે. ભગવાન વેદ વ્યાસે સાંપ્રત મન્વતંરમાં વેદને વિભાજીત કર્યાં અને અઢાર પુરાણ લખ્યાં, આ ઉપરાંત મહાભારતનું પઠન પણ કર્યું, મહાભારતને પંચમ વેદ પણ કહેવાય છે, આમ વેદ વ્યાસ એ સનાતન ધર્મનાં પ્રથમ આચાર્ય છે, માટે આજનાં દિવસને વ્યાસ પૂર્ણિમા અથવા ગુરુ પૂર્ણિમા કહેવામાં આવે છે. આમ જુઓ તો ભારતીય સનાતન ધર્મમાં દરેકે દરેક મહિના અને બધી જ તિથિઓનું મૂલ્ય છે, પરંતુ એક શિષ્ય અષાઢ મહિનો આવતાં ગદગદિત થઈ જાય છે, કારણકે તેની માટે અષાઢ સુદ પૂનમ એટલે કે ગુરુપૂર્ણિમા એક અનેરૂ મહત્વ ધરાવતું પર્વ છે, અને એટલે સર્વ પ્રથમ તો શ્રી સમર્થ સદગુરુ ભગવાનનાં ચરણોમાં કોટી કોટી વંદન. શિક્ષક અને ગુરુ માં બહુ જ તફાવત છે! ગુરુ માટે આપણે ત્યાં અનેક વ્યાખ્યાઓ થઈ છે. આપણાં સનાતન ધર્મમાં અધ્યાત્મ પંથ પર દોરનારને ગુરુ કહેવામાં આવે છે! વિશ્વમાં એક સનાતન ધર્મમાં જ આત્મા પરમાત્માનાં સાક્ષાત્કારની વાત છે, અને ગુરુ સંસારમાં રહીને પણ પરમ તત્વની પ્રાપ્તિ થઈ શકે, એવું જ્ઞાન આપે છે. ગુરુ એટલે શિષ્યને અજ્ઞાન રુપી અંધકારથી જ્ઞાન રુપી પ્રકાશ તરફ દોરતી અલૌકિક શક્તિ. ગુરુ એટલે શિષ્યની જીવાદોરી, ગુરુ એટલે હરક્ષણ જાગૃત રાખતું પ્રેરક બળ, ગુરુ એટલે દિવ્ય રોશની, ગુરુ એટલે અનુભવની એરણે ચડાવીને નિત્ય નૂતન જ્ઞાન આપતું અસ્તિત્વ, સિદ્ધિ નહીં પણ શુદ્ધિ જરૂરી છે, એ સમજાવી સ્પર્ધા મુક્ત કરી સંસાર સુખદ બનાવે. બાળકનાં જન્મથી જ એને સાચાં સંસ્કાર આપનાર માતા પિતાને પ્રથમ ગુરુ તરીકે મનાવવામાં આવે છે. બીજાં શિક્ષક કે જે અક્ષરજ્ઞાન સુધી દોરી એને વિવિધ વિષયો શીખવે છે, પછી ધ્યેય સિદ્ધ કરનાર આચાર્યને સ્થાન આપવામાં આવ્યું છે. પણ ગુરુ એટલે ગુરુ એનું સ્થાન સૌથી ઉપર છે, અને એટલે જ ગુરુને સાક્ષાત પરબ્રહ્મનું સ્થાન આપ્યું છે. ગુરુ ગોવિંદ દોનું ખડે કાકે લાગૂ પાય! બંદઉ ગુરુ પદ પદમુ પરાગા..જેવાં શ્લોકથી શિષ્ય ગુરુ પૂજન કરે છે, અને ગુરુ શિષ્યને પરમ પથ પર દોરે છે. ગુરુ બિન જ્ઞાન કહાં સે પાઉં..એમ સાચાં શિષ્યને ધ્યાન કરવા માટે, સદગુરુનું મંગલ સ્વરૂપ પર્યાપ્ત છે, પૂજા કરવા માટે તેનાં ચરણ, અને ગુરુનાં વચનો જીવન મંત્ર બની તેને કાયમ દોરે છે, અને ગુરુકૃપા તેને મોક્ષ તરફ લઈ જાય છે.

ધ્યાનં મૂલમ ગુરુ મૂર્તિ,
પૂજા મૂલમ ગુરુ પદમ,
મંત્ર મૂલમ ગુરુ વાક્યમ,
મોક્ષ મૂલમ ગુરુ કૃપા..

આમ તો ગુરુપૂર્ણિમા નામમાં જ ગુરુનો વિશિષ્ઠ અર્થ સમાયો છે! ગુરુ + પૂર્ણિમા એટલે કે જે ગુરુ, શિષ્યને પૂનમના ચાંદ જેમ સોળ સિદ્ધિની કે સોળ શુદ્ધી અપાવે છે, અથવા તો પૂર્ણ આનંદ સુધીની સફર કરાવી એને જન્મ મૃત્યુનાં શાશ્વત બંધન માંથી મુક્ત કરી, આનંદ સ્વરૂપ બનાવે છે, અને એટલે એનાં પૂજનનો મહિમાં ગવાયો છે.

આજે આપણી પાસે વૈજ્ઞાનિક વિકાસને કારણે આનંદ સિવાય લગભગ બધું જ છે, એમ કહી શકાય! માનવી અવકાશ યાત્રા પણ કરી શકે છે! અન્ય ગ્રહ પરનું અવલોકન પણ કરી શકે છે. પણ ગુરુ એક એવો ગ્રહ છે, જો એને ચરણે બેસી જઈએ તો બાકી બધાં આગ્રહો છોડાવીને અનુરાગમાં ફેરવી નાખે. હકીકતમાં સુખને આનંદ સમજવાની ભૂલને કારણે જ આપણે આનંદ સુધી પહોંચી શકતા નથી. માનવી છીએ એટલે સુખની ચાહ એમ સમાપ્ત થતી નથી! કે શ્રેષ્ઠ સુખ માટેની જીદ્દ પણ જતી નથી! કારણકે સમજ એટલે કે તત્વતઃ જ્ઞાનનો અભાવ છે. માનવીની બીજી ભૂલ એ છે કે શિક્ષણથી સમજ કે જ્ઞાન આવે! પણ શિક્ષણથી માત્ર માહિતી કે જાણકારી વધી છે, ઉલટી સાવ સામાન્ય સમજથી પણ આપણે દૂર થતાં જઈએ છીએ! કારણકે આપણી સમજ સહજ નથી. ગયાં વર્ષે ગુરુપૂર્ણિમાના લેખમાં આપણે સદગુરુ શિષ્યને સૂર્ય, સત્ય, અને શબ્દ સન્મુખ કરી એનાં જીવનને સરલ તરલ બનાવી પ્રસન્નતાથી ભરે છે એમ કહ્યું હતું.

આ વખતે સદગુરુ પોતાનો શિષ્ય પૂર્ણતાના આરે પહોંચી શકે એ માટે, પ્રથમ જીવન માંથી ત્રણેય કાળના કાટને કાઢી, સત્યનિષ્ઠ કરે છે, ત્યારબાદ સમય, સંજોગ, અને સંબંધની સમજને સમ બનાવી સહજ બનાવે છે.

સમય ** એટલે કે સાલ, તારીખ, તિથિ, વાર મુજબ જે વર્તમાન કાળ હોય, એની સામે આપણો લાખ વિરોધ હોય, પણ એમાં આપણે કંઈ જ કરી શકીએ નહીં! નથી ભૂતકાળમાં જવાતું કે નથી ભવિષ્યમાં! દાખલા તરીકે આજે ગુરુવાર છે તો છે! આપણાં ઈચ્છવાથી એ રવિવાર થઈ જતો નથી! ઉપરાંત હમારે જમાને મેં તો..અને એ આપણે સૌ જાણીએ જ છીએ! છતાં સમ રહી શકતાં નથી. વ્યક્તિગત રીતે સમયનું પરિબળ હંમેશા પરિપેક્ષ હોય છે, એટલે કે કોઈનો ભૂતકાળ પીડિત હોય, કોઈનો પ્રસન્ન હોય, પણ જે થયું તે થયું અને જે ગયું તે ગયું! એવી આપણી જાણકારીને સહજ સમજમાં પરિવર્તિત કરવાનો અનુભવ કરાવીને શિષ્યને સમ બનાવે છે.

સંજોગ** એટલે કે સમય સાથે જોડાયેલી એવી પરિસ્થિતિ કે જેમાં આપણે નિઃસહાય થઈ જઈએ છીએ. કુદરતી આપત્તિ સમયે લાખ ધમપછાડા કરીએ છતાં કંઈ હાથ આવતું નથી, દાખલા તરીકે કોરોના વાયરસનો પ્રકોપ! ત્યારે આપણે સાવચેતી રાખવી, મૌન રહેવું, ધીરજ રાખવી, કે સમય છે, આ પણ પસાર થઈ જશે! પરિસ્થિતિ સામાજિક પારંપરિક કે વ્યક્તિગત પણ હોય શકે છે,પણ ધીરજના ફળ મીઠા એવી સમજ કેળવવી પડે અને એ સદગુરુ કૃપાથી કેળવાય છે.

સંબંધ** સમય સંજોગને આપણે હજી સ્વીકારી લઈએ છીએ! પણ સંબંધમાં બાંધછોડ થતી નથી, અને એ જ આનંદ સુધી ન પહોંચવાનું સૌથી મોટું વિઘ્ન છે. કોઈ પણ આપસી સંબંધ હોય, એમાં અપેક્ષા ઉપેક્ષા, હા અને નાં, આગ્રહ નિગ્રહ કે પછી નિંદા સ્તુતિ એટલે કે પ્રસંશા ના દ્વન્દ્વ યુદ્ધ ચાલે જ રાખે છે, અને એમાંથી લોભ, લાલચ, ઈર્ષા, અહમ, દીનતા, ક્રોધ, કામ, અને હિંસા જેવા ભાવ પ્રગટે છે! પોતાની તરફથી અપેક્ષા મુક્ત થવું એ જ તમામ ભાવોમાં સમ રહેવાની ચાવી છે, એ સત્ય સદગુરુ સમજાવે છે.

ઘણાને એમ થતું હશે કે સદગુરુનું આટલું મહાત્મ્ય શું કામ છે? પણ એ તો કોઈ શુભ મંગલમાં નિરંતર ગતિ કરતાં ચરણોમાં આધિ, વ્યાધિ, ઉપાધિ, બધું જ છોડી બેસી જઈએ તો જ સમજાય! ગઈકાલ સુધી જગત દુઃખનું મૂળ કહેનાર સાધક જગત એટલે જ જગદીશ! એ સત્યને સ્વીકારી ઉદાર, કૃપાળુ, માયાળું, અને મિતભાષી બનીને લોકમંગલ માટે સદગુરુનાં આચરણને અનુસરે છે.આમ સાધક શિષ્ય માટે સદગુરુ તેનું સકળ અસ્તિત્વ છે, તેનાં વ્યક્તિત્વને ઘડનાર પરમ શિલ્પકાર છે, અને તેનામાં તમામ પ્રકારની વિદ્યાનું રોપણ કરનાર એક સમર્થ ગુરુ એટલે કે આચાર્ય પણ છે, અને જીવન રંગોને બેલેન્સ કરનાર એક ગજબનો ચિત્રકાર પણ છે. સદગુરુ પરનાં પૂર્ણ ભરોસાથી શિષ્યમાં શરણાગત ભાવ સ્થાયી બને છે, જેથી શિષ્યનો દીવો આંધી તોફાનમાં પણ પ્રકાશ ફેલાવી શકે છે! અને આવાં અપરંપાર અજવાળાં પ્રદેશનાં સમર્થ સમ્રાટ એવાં મારા શ્રી સદગુરુ ભગવાનને ચરણે આજના દિવસે સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. જય સીયારામ.

લી ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

### સગીરાઓને મિત્રતા, લગ્નની લાલચે ફસાવી દેહ પીંખવાની વધુ બે ઘટના

# બાળાને સિક્યુરીટી ગાર્ડે બનાવી હવસખોરીનો શિકાર

## પોલીસે દબોચી ખોખરો કર્યોઃ બીજી ઘટનામાં સગીરાનું અપહરણ કરી વારંવાર દૂષ્કર્મઃ પછી તરછોડીને ભાગી ગયોઃ પોલીસે શરૂ કરી શોધખોળ

રાજકોટ તા. ૯

સગીરાઓ, યુવતિઓ અને પરિણીતાઓને મિત્રતા અને પછી પ્રેમજાળમાં ફસાવી દૂષ્કર્મ આચરી લેવાના કિસ્સા અટકતા જ નથી. અનેક બનાવોમાં તો દૂષ્કર્મ આચરી લીધા બાદ જે તે કહેવાતો પ્રેમી તરછોડીને ભાગી પણ જતો હોય છે. દૂષ્કર્મના વધુ બે બનાવ સામે આવ્યા છે જેમાં એક સગીરાને ખુદ સિક્યુરીટી ગાર્ડએ હવસખોરીનો શિકાર બનાવી લીધી હતી. બાળાની માતા કામ પર ગઇ ત્યારે તે બાળાને અગાસી પર લઇ ગયો હતો અને બળજબરી આચરી લીધી હતી. પોલીસે આ વિકૃતને દબોચી લીધો હતો. બીજી ઘટનામાં સગીરાને લગ્નની લાલચ આપી ફસાવી યુવાને બળાત્કાર ગુજારી લીધો હતો. બાદમાં સગીરાને મુકીને ભાગી ગયો હતો. પોલીસ આ શખ્સને શોધી રહી છે.

પ્રથમ ઘટના પર નજર કરીએ તો જેની જવાબદારી લોકોના માલમિલ્કતની દેખરેખની હોય છે એ સિક્યુરીટી ગાર્ડ જ ભાન ભુલ્યો હતો. બોપલ વિસ્તારમાં આવેલી સોસાયટીમાં કામ કરતી મહિલાની બાળકી સાથે સોસાયટીના સિક્યુરિટી ગાર્ડે દુષ્કર્મ આચર્યું હતું. સિક્યુરિટી ગાર્ડની આ હરકત અંગે સગીરાએ માતાને જાણ કરતા માતાએ પોલીસને જાણ કરી હતી. પોલીસ દ્વારા આ અંગે ગુનો નોધી તાત્કાલિક દુષ્કર્મના આરોપ સાથે સિક્યુરિટી ગાર્ડની ધરપકડ કરી છે. સોસાયટીમાં એક મહિલા તેની સગીર બાળકી સાથે રોજ કામ કરવા જતી હતી. આ સોસાયટીમાં કામ કરનાર સિક્યુરિટી ગાર્ડની નજર મહિલાની સગીર દીકરી પર હતી. દરમિયાન હવે સગીરાને ઘરે મુકીને માતા કામ પર જતા સિક્યુરિટી ગાર્ડે મોકાનો ફાયદો ઉઠાવીને સગીરા સાથે જબરજસ્તી દુષ્કર્મ આચરી લીધું હતું.

આ બનાવ અંગે સગીરાની માતાએ પોલીસને જાણ કરતા પોલીસ સ્થળ પર પહોંચી હતી. બોપલ પોલીસની ટીમ સ્થળ પર પહોંચી હતી.પોલીસ દ્વારા આસપાસના દ્દવ્સ ફૂટેજ તપાસવામા આવ્યા હતા.જે બાદ સ્થળની તપાસ કરીને આરોપીની ઓળખ કરવામાં આવી હતી.પોલીસે સિક્યુરિટી ગાર્ડ વિનોદ જાટવ સામે પોસ્કો એક્ટ હેઠળ ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.આરોપી મૂળ રાજસ્થાનનો રહેવાસી છે અને કેટલાક સમયથી સિક્યુરિટી ગાર્ડ તરીકે નોકરી કરતો હતો. તે બાળાને છત પર લઇ ગયો હતો અને બળજબરી આચરી હતી. તેને પોલીસે પકડીને હવસખોરી ઉતારી હતી.



**ત્રીજા બનાવમાં પરિણીતા સાથે પરિચય કેળવી ફસાવીઃ બ્લેકમેઈલ કરી વારંવાર બળાત્કાર**

બીજી ઘટના પર નજર કરીએ તો નડીયાદના વડતાલ પંથકમાં રહેતી સત્તર વર્ષીય સગીરાને એક યુવકે લગ્ન કરવાની લાલચ આપી ભગાડી લઇ જઇ દુષ્કર્મ આચર્યું હોવાની ઘટના -કાશમાં આવી છે.આ બનાવ અંગે વડતાલ પોલીસે પોક્સો એક્ટ અન્વયે ફરિયાદ નોંધી સગીરાને શોધી કાઢી પરિવારને સોંપવામાં આવી છે જ્યારે યુવકની શોધખોળ ચાલુ છે. આ બનાવ અંગે વડતાલ પોલીસ મથકેથી મળતી વિગતો અનુસાર વડતાલ પંથકમાં ૧૭ વર્ષીય સગીરા પરિવાર સાથે રહેતી હતી.આ દરમિયાન જોળ ગામના મિતુલ પરમારે સગીરાને લગ્નની લાલચ આપી પ્રમજાળમાં ફસાવી હતી.

ત્યારબાદ મિતુલ સગીરાને ભગાડી ગયો હતો.આ બાદ યુવકે સગીરાને ત્રણ દિવસ અલગ અલગ સ્થળે ફેરવી તેની પર દુષ્કર્મ ગુજાર્યું હતું. બીજી તરફ ગુમ થયેલ સગીરાને શોધખોળ પરિવારજનોએ હાથ ધરી હતી જો કે ગુમ થયેલ સગીરાની કોઈ ભાળ મળી ન હતી.આથી આ બનાવ અંગે સગીરાના ભાઇએ વડતાલ પોલીસ મથકે મિતુલ પુનમભાઇ પરમાર સાથે ફરિયાદ આપતા વડતાલ પોલીસે પોક્સો એક્ટ અન્વયે ફરિયાદ નોંધી હતી. આ શખ્સ સગીરાને મુકીને ભાગી ગયો હતો. પોલીસે સગીરાને શોધી કાઢી પરિવારજનોને સોંપી હતી. ભાગી ગયેલા વિપુલની તલાશ યથાવત છે.

ત્રીજી આવી ઘટનામાં સુરતના કાપોદ્રા વિસ્તારમાં રહેતી પરિણિતા સાથે પરિચય કેળવ્યા બાદ તારા પતિ વિશે વાત કરવી છે એમ કહીં હોટલમાં બોલાવી બળાત્કાર ગુજારનાર હવસખોર સામે પોલીસમાં ફરિયાદ નોંધાય છે. બળાત્કાર ગુજાર્યા બાદ તેનો વિડિયો ઉતારી વાયરલ કરવાની ધમકી આપી બ્લેકમેઇલ કરતો હતો. મુળ ભાવનગરનો વતની અને હાલ કાપોદ્રા સાગર સોસાયટીમાં રહેતા મહેન્દ્ર ભીખા અણઘણે વરાછાની પરિણિતા સાથે પરિચય કેળવ્યો હતો. બાદમાં બંને વચ્ચે વાતચીત શરૂ થઇ હતી. દરમિયાનમાંમહેન્દ્રએ પરિણિતાને તેના પતિ વિશે કંઇક વાત કરવી છે એમ કહીને હોટલમાં મળવા બોલાવી હતી.

જ્યાં મહેન્દ્રએ બળજબરીથી તેની સાથે શારીરિક સબંધ બાંધ્યો હતો. એટલું જ નહીં પરિણિતાનો બીભત્સ વીડિયો ઉતારી ધમકી આપી હતી. આ પછી મહેન્દ્ર પરિણિતાને બ્લેકમેઇલ કરીને અલગ અલગ જગ્યાએ મળવા માટે બોલાવીને બળાત્કાર ગુજાર્તો હતો. મહેન્દ્રના આ ત્રાસથી કંટાળી ગયેલી પરિણિતાએ આખરે પોતાના પતિને સઘળી હકિકત જણાવી હતી. બાદમાં હવસખોર મહેન્દ્ર વિરૂદ્ધ વરાછા પોલીસમાં ફરિયાદ નોંધાવતા પોલીસે બળાત્કારનો ગુનો નોંધી તપાસ શરૂ કરી હતી.




# હાઈવે-સર્વિસ રોડને ઝડપભેર સમથળ બનાવવા આદેશ

## પેચવર્ક અને રિસરફેસિંગની કામગીરી અંગે કલેક્ટરે લીધા ક્લાસ : 'જિલ્લા માર્ગ સલામતી સમિતિ' ની બેઠક યોજાઈ

રાજકોટ, તા. ૯

રાજકોટ જિલ્લા કલેક્ટર ડો. ઓમ પ્રકાશના અધ્યક્ષ સ્થાને જિલ્લા માર્ગ સલામતી સમિતિની બેઠક યોજાઇ હતી, જેના અધ્યક્ષ અને કલેક્ટરએ વરસાદ બાદ પ્રવર્તમાન સ્થિતિમાં ધોરી માર્ગો અને સર્વિસ રોડ પર પડેલા ખાડાઓની મરામત વહેલી તકે પૂર્ણ કરવા વિવિધ એજન્સીઓને ખાસ તાકીદ કરી હતી. કલેક્ટરએ ખાસ કરીને રાજકોટ-જેતપુર, રાજકોટ-ભાવનગર તેમજ રાજકોટ-અમદાવાદ હાઈવે, સર્વિસ રોડ પર પડેલા ખાડાઓને સમથળ બનાવી ચોમાસામાં વાહન ચાલકોને હાલાકી ન ભોગવવી પડે તે પ્રકારે કામગીરી કરવા ખાસ સુચના આપી હતી. સાથો સાથ હાઈવે ઉપર બાકી રહી ગયેલી પ્રિમોન્સુન કામગીરી પણ પૂર્ણ કરવા કલેક્ટરશ્રીએ સંબંધિત વિભાગોને સૂચના આપી હતી.

બેઠકમાં નેશનલ હાઇવે, આર.એન્ડ. બી. પંચાયત તેમજ સ્ટેટ, રૂડા સહીત વિવિધ એજન્સી દ્વારા રસ્તા કામગીરીની સમીક્ષામાં હાલમાં સાત હનુમાન પાસે રાજકોટથી અમદાવાદ તરફ જતા રસ્તા પરનો ફલાયઓવર ખુલ્લો મુકવામાં આવ્યો હોવાનું તેમજ રાજકોટ ભાવનગર હાઈવે પર રોડ મરમ્મતની કામગીરી અંગે માહિતી પુરી પાડવામાં આવી હતી. રોડ સેફટી કમિટીના મેમ્બરોએ ધોરાજી-ઉપલેટા હાઇવે પર સુપેડી ગામ પાસે થયેલ ગંભીર અકસ્માતની સ્થળ મુલાકાત લઈ અકસ્માતના કારણો અંગે સમીક્ષા કરી હતી. રાજકોટ જિલ્લાના બ્લેક સ્પોટ પર અકસ્માત નિવારણ અર્થે એન્જિનિયરિંગ કોલેજના પ્રોફેસરને સાથે રાખી સુધારા સૂચન આપવા પણ ખાસ આયોજન હાથ ધરવામાં આવ્યું છે. આર.ટી.ઓ. તેમજ પોલીસ વિભાગ દ્વારા રાજકોટ શહેરમાં પોલીસ હેડ ક્વાર્ટર, એસ. ટી. ડેપોમાં ડ્રાયવર તેમજ શાળા કોલેજ ખાતે યોજાયેલ રોડ સેફટી સેમિનારની માહિતી પૂરી પાડી હતી. આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી અનંદુ સુરેશ ગોવિંદ, આસિસ્ટન્ટ કલેક્ટર મહેક જૈન, પ્રાંત અધિકારી ચાંદની પરમાર, આર.ટી.ઓ. કેતન ખપેડ, રોડ સેફટી કાઉન્સિલના જે. વી. શાહ. રૂરલ એસ.પી. એસ.એસ. રાઘવેન્દુ, બોલબાલા ટ્રસ્ટના જયેશભાઈ ઉપાધ્યાય સહિત શિક્ષણ, આર. એન્ડ. બી, ૧૦૮, નેશનલ હાઇવે ઓથોરિટી, રૂડા, એલ.એન્ડ. ટી. સહીત વિવિધ વિભાગના અધિકારીશ્રી તેમજ પ્રતિનિધીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# રાઈડ્સ વગરનો હશે લોકમેળો ?

## આજે ફોર્મ ઉપાડવાનો છેલ્લો દિવસ : ૧૩૫ ફોર્મ ઉપડ્યા ૨૫ ફોર્મ થયા જમા, મુદત લંબાવાય તેવી શક્યતા

રાજકોટ, તા. ૯

શહેરમાં આયોજિત થનારો લોકમેળો આ વખતે અનિશ્ચિતતા ના વાદળોમાં ઘેરાયો છે કારણકે આજે ફોર્મ ભરવાની છેલ્લી તારીખ છે અને ઉપાડવા માટે અને જમા કરાવવા માટે ૧૧ જુલાઈ અંતિમ દિવસ નિર્ધારિત કરવામાં આવ્યો છે ત્યારે વધુ એક વખત ફોર્મ ઉપાડવાની મુદતમાં વધારો થાય તેવી અટકળો પણ જોવા મળી રહી છે.

રાજકોટમાં દર વર્ષે યોજાતો લોકમેળો આ વર્ષે પણ વિવાદોના વંટોળમાં ઘેરાયો છે. આજે ૧૦ જુલાઈ, ગુરુવાર, ફોર્મ ઉપાડવાની છેલ્લી તારીખ છે, જ્યારે ફોર્મ જમા કરાવવાની છેલ્લી તારીખ ૧૧ જુલાઈ, શુક્રવાર છે. જોકે, હજુ સુધી માત્ર ૧૩૫ ફોર્મ જ ઉપાડવામાં આવ્યા છે, અને તેમાંથી ફક્ત ૨૫ ફોર્મ ભરાઈને પરત જમા થયા છે. ફોર્મ ભરવાની આ સુસ્તીને કારણે મેળાના આયોજન પર પ્રશ્નાર્થ સર્જાયો છે અને તંત્ર પણ દોડતું થઈ ગયું છે. હાલની સ્થિતિ જોતાં મેળો યોજવો શક્ય નથી તેમ લાગી રહ્યું છે, કારણ કે માત્ર ૨૫ ફોર્મ જ ભરાઈને આવ્યા છે અને ૧૩૫ ફોર્મ ઉપડ્યા હોવા છતાં એક પણ વેપારીએ ભરેલું ફોર્મ પરત આપ્યું નથી. આ પરિસ્થિતિને કારણે લોકમેળા સમિતિ પણ ગૂંચવણમાં મુકાઈ છે.બીજી તરફ, અપૂરતા ફોર્મ ઉપડવા ઉપરાંત, ટેન્ડર પ્રક્રિયા સહિતની અન્ય વ્યવસ્થાઓ પણ ગોટાળે ચડી છે. મેળા સંબંધિત ટેન્ડર પ્રક્રિયા પણ હજુ સુધી હાથ ધરવામાં આવી નથી, જેના કારણે મેળાના આયોજન પર વધુ અનિશ્ચિતતા છવાઈ છે.



કલેક્ટર તંત્રએ આ અંગે હવે કોઈ નક્કર નિર્ણય લેવો અનિવાર્ય છે કારણ કે અત્યારે જો નિર્ણય લેવામાં નહીં આવે તો ટેન્ડર સહિતની પ્રક્રિયામાં ખાસો એવો વિલંબ થશે કારણ કે ૧૫ ઓગસ્ટ સ્વતંત્રતા દિવસ ની સાથે સાતમ પણ છે એટલે ૧૪ ઓગસ્ટના રોજ રાંધણ છઠ જે દિવસથી મેળો શરૂ થઈ જતો હોય છે પરંતુ હાલની સાંપ્રત સ્થિતિને જો ધ્યાને લેવામાં આવે તો અત્યારે તે શક્ય નથી ત્યારે તંત્ર હવે વૈકલ્પિક પ્લાન કઈ રીતે અમલમાં લાવશે તે અત્યંત મહત્વનું છે. થોડા દિવસ પૂર્વે કલેક્ટરે એવું પણ જણાવ્યું હતું કે જો રાઇડસ સંચાલકો ફોર્મ નહીં ભરે તો પણ મેળાનું આયોજન કરવામાં જ આવશે પરંતુ આ મેળો અલગ રીતનો હશે તે માટેનો રસ્તો અને પ્લાન નક્કી કરી લેવામાં આવ્યો છે ત્યારે હવે આગામી દિવસોમાં જોવાનું એ રહ્યું કે કલેક્ટર આ અંગે શું પ્લાન કરે છે.

હાલના કલેક્ટર થોડા વધુ આકરા નિર્ણયો લે તેવું પણ જાણકાર વર્તુળો જણાવી રહ્યા છે પરંતુ રાઈડસ સંચાલકો દ્વારા અગાઉ મુખ્યમંત્રી અને ત્યારબાદ રાજકોટના સાંસદને પણ રજૂઆત કરવામાં આવી હતી કે તેમને જે એસઓપીનું પાલન કરવામાં જે પ્રેશર આપવામાં આવી રહ્યું છે તે અશક્ય છે ત્યારે અન્ય લોકમેળામાં તો કોઈ આકરા નિર્ણયો લેવામાં આવતા નથી અને ત્યાં પણ નિયમો સાથે ઘણી વખત બાંધછોડ પણ કરવામાં આવી રહી છે ત્યારે આ તકે યોગ્ય વ્યવસ્થા ઉભી કરવામાં આવે તે ખૂબ જરૂરી છે ત્યારે માત્ર રાજકોટમાં જ કેમ જડ વલણ તંત્ર દ્વારા અપનાવવામાં આવી રહ્યું છે તેનો કોઈ અંદાજો નથી તો સામે કલેક્ટર વિભાગ પણ એ જ વાત ઉપર ધ્યાન કેન્દ્રિત કરીને બેઠું છે અને સ્પષ્ટતા કરી છે કે સરકારની જે ગાઈડ લાઈન છે તે મુજબ જ લોકમેળાનું આયોજન થશે જે ખરા અર્થમાં રાઈડ્સ સંચાલકો માટે અનેક પ્રશ્નો ઊભા કરી રહ્યું છે.

### હત્યા, હત્યાના પ્રયાસની રોજીંદી ઘટનાઓ વચ્ચે વધુ બે ચોંકાવનારા કિસ્સા

# હજાર રૂપરડીના મોબાઈલની બબાલમાં યુવાનને રહેંસી નંખાયો

## પહેલા એક હજારમાં ફોન વેંચ્યો, પછી વેંચનારે તેના વધુ રૂપિયા માંગી ડખ્ખો કરી બીજા બે જણા સાથે મળી એકવીસ વર્ષના યુવાનને પતાવી દીધો

રાજકોટ તા. ૯

અમુક લોકો એવા હોય છે જે મગજનો પારો સતત ઉંચો રાખીને ફરતાં હોય છે. નહિ જેવી વાતે ઉકળી ઉઠી તેઓ હુમલા પણ કરી દેતાં હોય છે. નાની મોટી વાતે હત્યા કરી નાંખવાની ઘટનાઓ રાજ્યભરમાં સામાન્ય અને રોજીંદી થઇ પડી હોય તેમ વધુ એક હત્યા થઇ છે. એક હજાર રૂપિયાના મોબાઇલ ફોનના ડખ્ખામાં એક યુવાનને ત્રણ મિત્રોએ મળી ચપ્પુના ઘા મારી પતાવી દીધો છે. એકવીસ વર્ષીય યુવાનની હત્યાથી પરિવારજનોમાં માતમ છવાઇ ગયો હતો. બીજી તરફ એક રિક્ષાચાલક ધરાર પ્રેમી બન્યો હતો અને અગાઉ પોતાને પ્રેમ કરતી વિધવાને પોતાની સાથે પરાણે સંબંધ રાખવાનું કહી છરીના ઘા ઝીંકી મારી નાખવાનો પ્રયાસ કર્યો હતો.

હત્યાની ઘટના પર નજર કરીએ તો આ બનાવ સુરત શહેરના લિંબાયત વિસ્તારમાં આવેલા ટ્રિસનલ ચોકી નજીક બન્યો છે. રાત્રે એક યુવકની ચપ્પુના ઘા ઝીંકીને નિર્મમ હત્યા કરી દેવામાં આવી છે. હત્યાનો ભોગ બનનારની ઓળખ નૂરાની મસ્જિદ વિસ્તારના રહેવાસી એકવીસ વર્ષીય અરબાઝ ઉર્ફે બિન્દ્રા રિયાઝ ખાન તરીકે થઇ છે. પોલીસની પ્રાથમિક તપાસમાં હત્યાનું કારણ માત્ર એક હજાર રૂપિયામાં ખરીદવામાં આવેલા એક મોબાઇલ ફોનને લઈને થયેલો સામાન્ય વિવાદ હોવાનું સામે આવ્યું છે. ઘટનાની વધુ માહિતી આપતાં પોલીસ સુત્રોએ જણાવ્યુ.હતું કે અરબાઝે આરોપી અનવર પાસેથી એક હજાર રૂપિયામાં એક મોબાઇલ ખરીદ્યો હતો. બાદમાં અરબાઝ આ મોબાઇલના બદલામાં અનવર પાસેથી વધુ પૈસાની માંગણી કરવા લાગ્યો. આ વાતને લઈને બંને વચ્ચે બોલાચાલી થઈ હતી.

ત્યારબાદ હજાર રૂપરડીના ફોનનો આ વિવાદએટલો ઉગ્ર બન્યો કે અનવરે પોતાના અન્ય બે સાથીદારો સાથે મળીને અરબાઝ પર ચપ્પુ વડે હુમલો કર્યો અને તેની હત્યા કરી નાખી હતી. ઘટનાની જાણ થતાં જ લિંબાયત પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી અને તાત્કાલિક કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસે આ મામલે ત્રણ આરોપીઓ વિરુદ્ધ હત્યાનો ગુનો નોંધીને તપાસ શરૂ કરી દીધી છે. અનવર સહિત ત્રણ લોકોની આ હત્યામાં સંડોવણી સામે આવી છે. આ ઘટનાને પગલે સમગ્ર વિસ્તારમાં સનસનાટી ફેલાઈ ગઈ હતી. પોલીસે મૃતદેહનું પોસ્ટ મોર્ટમ કરાવી વિશેષ કાર્યવાહી કરી હતી. લિંબાયત પોલીસ મથકના એસીપી એન.કે. કમલિયાએ જણાવ્યું હતુ કે એક હજાર રૂપિયામાં પહેલા મોબાઇલ ફોન વેંચાયો હતો. પછી આ જ મોબાઇલ ફોનના વધુ પૈસા માંગવામાં આવતાં માથાકુટ શરૂ થઇ હતી અને વાત હત્યા સુધી પહોંચી હતી. આરોપીઓને ઝડપી લેવા ટીમો કામે લાગી છે. આરોપીઓ તેના ઘરેથી ભાગી ગયા છે.



**વિધવાને રિક્ષાચાલકે પ્રેમમાં ફસાવીઃ ડખ્ખો કરતાં હોઇ સંબંધ તોડી નાંખતા છરીના ઘા ઝીંકી હત્યાનો મહિલાની પ્રયાસ કર્યો**

અન્ય એક હત્યાની કોશિષની ઘટના સામે આવી છે. જેમાં પ્રેમપ્રકરણનો ડખ્ખો કારણભુત છે. ગાંધીનગર શહેર નજીક આવેલા રાંધેજા ગામમાં પ્રેમ સંબંધ રાખવાની ના પાડનાર વિધવા મહિલા ઉપર ગામના યુવાન દ્વારા છરી ઝીંકીને હત્યાનો પ્રયાસ કરવામાં આવ્યો હોઇ પેથાપુર પોલીસે એફઆઇઆર દાખલ કરી છે. પોલીસે જણાવ્યા અનુસાર ગાંધીનગર નજીક રાંધેજા ગામમાં રહેતી મહિલાના પતિનું અવસાન પાંચ વર્ષ અગાઉ થયું હતું અને તેના બાળકોને શાળાએ લાવવા લઈ જવા માટે ગામના જ યુવાન રોહિત રાવળની રીક્ષા બાંધવામાં આવી હતી અને રિક્ષામાં મહિલા પણ બાળકો સાથે આવતી જતી હતી તે દરમિયાન બંને વચ્ચે પ્રેમ થયો હતો અને મોબાઈલ નંબરની આપ લે પણ થઈ હતી. જો કે રોહિત અવારનવાર મહિલા સાથે તકરાર કરતો હોવાથી છેલ્લા ચાર મહિનાથી તેણે સંબંધ કાપી નાખ્યો હતો.

હવે તેણી રોહિત સાથે કોઇપણ પ્રકારની વાતચીત કરતી ન હતી. આ દરમિયાન સાંજના સમયે આ મહિલા નોકરી ઉપરથી છૂટી ત્યારે આ રોહિત રાવળ રીક્ષા લઈને ત્યાં આવ્યો હતો અને ફરીથી પ્રેમ સંબંધ રાખવા માટે દબાણ કરતો હતો. જો કે મહિલાએ તેની સાથે સંબંધ રાખવાનો ઇનકાર કરતા ધમકી આપીને જતો રહ્યો હતો. જેથી મહિલા આ યુવાનના ઘરે પહોંચી હતી અને તેની માતાની હાજરીમાં યુવાનને કહ્યું હતું કે તે શું કામ તેને હેરાન કરી રહ્યો છે. જેના પગલે રોહિતે કહ્યું હતું કે તું મારી સાથે સંબંધ નહીં રાખે તો તને શાંતિથી જીવવા નહીં દઉં તેમ કહીને ઉશ્કેરાઈ ગયો હતો અને ઘરમાં જઈને પેન્ટના ખિસ્સામાંથી છરી કાઢીને મહિલાના પેટમાં હુલાવી દીધી હતી. જેના પગલે થઈ બૂમાબૂમ થઈ ગઈ હતી અને આસપાસના લોકો દોડી આવતા ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે મહિલાને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. પોલીસે રોહિત રાવળ સામે હત્યાના પ્રયાસનો ગુનો દાખલ કરી તેને ઝડપી લેવા તપાસ આદરી હતી.

### અપમૃત્યુની ઘટનાનો સિલસિલો યથાવતઃ ચાર પરિવારોમાં શોક-ગમગીની

# યુવાન ઝેરી દવાવાળા ડબલાથી પાણી પી જતાં જીવ ગુમાવ્યો

## એક વર્ષ પહેલા જ પરણેલી યુવતિએ ઝેર પી મોત વ્હાલુ કર્યુ: બેભાન હાલતમાં આધેડ અને યુવાને લીધા અંતિમ શ્વાસ

રાજકોટ તા. ૯

અપમૃત્યુની ઘટનાઓના સિલસિલામાં વધુ ચાર પરિવારોએ સ્વજન ગુમાવી દીધા હતાં. જેમાં એકવીસ વર્ષના એક યુવાને વાડીમાં મજૂરી કરતી વખતે ભુલથી દવાવાળા ડબલાથી પાણી પી લેતાં તેનો જીવ ગયો હતો. બીજા બનાવમાં એક પરિણીતાએ ઝેરી દવા પી મોત મેળવી લીધુ હતું. તેના આપઘાત પાછળ કોઇ કારણ બહાર આવ્યું નહોતું. અન્ય બનાવમાં એક યુવાનનું અને અએક આધેડનું બેભાન થઇ જવાને કારણે મૃત્યુ થયું હતું. આ ચારેયના મૃતદેહોના સિવિલ હોસ્પિટલ ખાતે પોસ્ટમોર્ટમ કરાવી પોલીસે જરૂરી કાર્યવાહી કરી હતી.

વિગતો પર નજર કરીએ તો જુનાગઢના વિસાવદર તાબેના લાલપુર ગામે રહેતાં એકવીસ વર્ષના યુવાને રાતે વાડીએ ભુલથી ઝેરી દવાવાળા ડબલાથી પાણી પી લેતાં ઝેરી અસર થવાને કારણે તેનો જીવ નીકળી ગયો હતો. લાલપુર રહેતો એકવીસ વર્ષનો રવિ મનસુખભાઇ લુહાર રાતે વાડીએ હતો ત્યારે ઝેરી અસર થતાં વિસાવદર સારવાર અપાવી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. પરંતુ અહિ વહેલી સવારે દમ તોડી દીધો હતો. હોસ્પિટલ ચોકીના રામશીભાઇ વરૂ, મહેશભાઇ જોગડા સહિતે વિસાવદર પોલીસને જાણ કરી હતી. પિતા મનસુખભાઇના કહેવા મુજબ રવિ બે ભાઇ અને એક બહેનમાં નાનો હતો. વાડીએ પાણી વાળવા ગયો ત્યારે ભુલથી દવાવાળા ડબલાથી પાણી પી લેતાં ઝેરી અસર થઇ હતી. ખરેખર શું બન્યું? તેની તપાસ વિસાવદર પોલીસ કરી રહી છે.



અન્ય એક ઘટનામાં પરિણીતાએ આપઘાત કર્યો હતો. ચોટીલાના નાનીયાણી ગામે ઝૂપડામાં પરિવાર સાથે રહેતી નયનાબેન સાગર ચૌહાણ નામની એકવીસ વર્ષની પરિણીતાએ ઘાંસમાં છાંટવાની દવા પી લેતાં ચોટીલા સારવાર અપાવી રાજકોટ ખાનગી હોસ્પિટલમાં ખસેડાઇ હતી. પરંતુ અહિ મોત નિપજતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો. હોસ્પિટલ મારફત જાણ થતાં ચોટીલા પોલીસે કાર્યવાહી કરી હતી. આપઘાત કરનાર નયનાબેનના લગ્ન એક વર્ષ પહેલા થયા હતાં. તેણીના માવતર ચોટીલાના મોલડી ગામે રહે છે. તેણી બે બહેન અને એક ભાઇમાં મોટી હતી. પતિ ખેત મજૂરી કરે છે. કારણ અંગે સાસરીયા કે માવતર પક્ષના લોકોએ પોતે પણ અજાણ હોવાનું કહેતાં ચોટીલા પોલીસે તપાસ યથાવત રાખી હતી.

અન્ય બે ઘટનાઓમાં બેભાન હાલતમાં આધેડ અને યુવાનની જિંદગીનો અંત આવી ગયો હતો. જેમાં લક્ષ્મીવાડી શેરી નંબર દસમાં રહેતાં રાજભુાઇ ગોવંદભાઇ ચાવડા નામના ચુમાલીસ વર્ષના આધેડ ઘરે બેભાન થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાયા હતાં. પરંતુ અહિ મૃત્યુ થતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો. રાજુભાઇ અપરિણીત હતાં અને ત્રણ ભાઇ બે બહેનમાં બીજા હતાં. હાલમાં તે બિમાર રહેતાં હતાં. ભક્તિનગર પોલીસે આકસ્મિક મૃત્યુની નોંધ કરી હતી.

જ્યારે બીજી ઘટનામાં મોરબી રોડ હડાળા ચોકડી નજીક મોમાઇ હોટલ પાસે અઠ્ઠાવીસ વર્ષનો યુવાન પ્રજ્ઞેશભાઇ પરષોત્તમભાઇ ચુડાસમા બેભાન હાલતમાં મળતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. પરંતુ અહિ દમ તોડી દીધો હતો. હોસ્પિટલ ચોકી મારફત કુવાડવા પોલીસને જાણ કરવામાં આવી હતી. આમ ચાર અપમૃત્યુની ઘટના જે તે હતભાગીના સ્વજનોને શોકમાં ડુબાડી ગઇ હતી.

# વરસાદથી ક્ષતિગ્રસ્ત થયેલા રસ્તાઓનું સમારકામ શરૂ

## રાજકોટના મવડી-નાના મવા વિસ્તારમાં ૩૨૦ મીટર જેટલું પેચવર્ક કરાયું





રાજકોટ, તા. ૯

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરના વિવિધ વિસ્તારોમાં વરસાદથી ક્ષતિગ્રસ્ત થયેલા રસ્તાઓનું સમારકામ કરાયું હતુ. માત્ર રાજકોટ જ નહીં પરંતુ સમગ્ર રાજ્યમાં હાલ આ વિકટ પરિસ્થિતિનો સામનો લોકો કરી રહ્યા છે ત્યારે સરકારે પણ આ અંગે નક્કર કામગીરી કરવા માટે હાલ સ્થાનિક પ્રશાસનને આદેશ કર્યો છે જે બાદ સ્થાનિક પ્રશાસન દ્વારા તમામ જરૂરી સૂચનાઓ પણ આપી દેવામાં આવી છે અને રોડ રસ્તા ની હાલત જે કફોડી થઈ હોય તેને ઝડપભેર ઠીક કરવા માટે જણાવ્યું છે.

મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ રાજ્યમાં વરસાદથી ક્ષતિગ્રસ્ત થયેલા રસ્તાઓનું સમારકામ કરવામાં આવી રહ્યું છે. ત્યારે રાજકોટ શહેરમાં મ્યુનિસિપલ કમિશનરશ્રી તુષાર સુમેરાના નેજા હેઠળ મહાનગરપાલિકાની ટીમ દ્વારા શહેરના વિવિધ વિસ્તારોમાં ક્ષતિગ્રસ્ત થયેલા રસ્તાઓનું સમારકામ કરવામાં આવી રહ્યું છે. વાહન ચાલકોને તેમજ રાહદારીઓને હાલાકી ભોગવવી ન પડે તે માટે વિવિધ વિસ્તારોમાં રસ્તાઓનું સમારકામ કરવામાં આવી રહ્યું છે.

જે અંતર્ગત વોર્ડ નં -૧૧માં વગડ ચોકડી પાસે સીસી વર્ક - ૫૦ ચોરસ મીટરનું પેચ વર્ક, વગડ ચોકડીથી ટીલાળા ચોકડી સુધીમાં વેટમિક્સ મટીરિયલનું ૧૧૦ ચોરસ મીટર જેટલું પેચ વર્ક, બાપા સીતારામ ચોકથી અવધ ગદર રોડ વેટમિક્સ મટીરિયલનું ૧૫૦ ચોરસ મીટર જેટલું પેચ વર્ક તથા નાના મવા ચોક બી.આર. ટી.એસ. રૂટ ઉપર પેવિંગ બ્લોક સહિતનું ૧૦ ચોરસ મીટરનું પેચ વર્ક એમ થઈને કૂલ ૩૨૦ મીટરનુ પેચવર્ક કરવામાં આવ્યું હતું.

### કચરો ફેંકવાની રિક્ષાચાલકે ના પાડતાં બે જણાને ન ગમ્યું ને ધમાલઃ રિક્ષાવાળાને ફટકાર્યો

# બંગડી બજારમાં કટલેરીની રેકડીવાળાએ ધમાલ મચાવી

રાજકોટ તા. ૯

શહેરી બંગડી બજારમાં રિક્ષાવાળા ઉપર કટલરીની લારીવાળો ધોકાથી તૂટી પડ્યો હતો. વાત સાવ કચરા જેવી હતી પણ રેંકડીવાળાએ મોટી બબાલ મચાવી દીધી હતી. વિગતો જોઇએ તો રામનાથપરા પોલીસ લાઇન પાસે રહેતાં પાંત્રીસ વર્ષનો રિક્ષાચાલક યુનુસભાઇ ઇકબાલભાઇ ટોયા ધર્મેન્દ્ર રોડ પર બંગડી બજારમાંકટલેરી બંગડીની રેંકડી રાખી ઉભા રહતાં મુળ બિહારના કિશન નામના શખ્સ તથા અજાણ્યાએ ધોકાથી હુમલો કરી માર મારતાં સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ થતાં આ બનાવની જાણ હોસ્પિટલ પોલીસ ચોકી મારફત એ-ડિવીઝન પોલીસને કરવામાં આવી હતી.



હુમલો શા માટે થયો? તે અંગે વાત કરતાં રિક્ષાચાલક યુનુસભાઇએ કહ્યું હતું કે હું મારી રિક્ષા લઇને બંગડી બજાર રોડ પર રાજદિપ કોલ્ડ્રીંક્સ પાસે ઉભો હતો ત્યારે ત્યાં કટલેરીની લારી વાળા કિશન બિહારીએ કચરો ફેંકતા તેને ધ્યાન રાખવાનું ગાળો દેવા માંડ્યો હતો. તેને ગાળો બોલવાની ના પાડતાં અન્ય એક શખ્સ સાથે મળી મને ઢીકાપાટુનો અને ધોકાથી માર માર્યો હતો. પોલીસે આ મામલે તપાસ હાથ ધરી હતી. ઉભી બજારે બટાઝટી બોલી જતાં લોકોના ટોળા ભેગા થઇ ગયા હતાં.

# જમાઇને સસરાએ પાઇપથી ફટકાર્યો યુવાનને ફઇના દિકરાએ ઘાયલ કર્યો

## બે ઘટનામાં બે યુવાન લોહીલુહાણ થઇ જતાં સરકારી હોસ્પિટલના ખાટલે પહોંચ્યા

રાજકોટ તા. ૯

મારામારીની ઘટનાઓ રોજબરોજ બનતી રહે છે. બે એવી ઘટના સામે આવી છે જેમાં ઘરના જ મારકણા બની ગયા હતાં. એક યુવાનને તેના સસરાએ પાઇપથી ફટકારી લોહીલુહાણ કર્યો હતો તો બીજા બનાવમાં એક યુવાનને તેના ફઇના બે દિકરાએ ઇંટોના ઘા મારી હોસ્પિટલ ભેગો કરી દીધો હતો.

ગોંડલના ગોમટા ગામે રહેતાં સની અશોકભાઇ સોલંકી નામના બત્રીસ વર્ષના યુવાનને ગોંડલમાં સિવિલ હોસ્પિટલ સામે રામ મંદિર નજીક રહેતાં તેના સસરા કાળુભાઇ શામજીભાઇએ લોખંડના પાઇપથી માર મારતાં લોહીલુહાણ થઇ જતાં ગોંડલ સારવાર અપાવી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો.



સનીના કહેવા મુજબ તે બકાલુ અને ફ્રુટ વેંચી ગુજરાન ચલાવે છે. સંતાનમાં ત્રણ દિકરા અને ત્રણ દિકરી છે. પત્નિ બેના પંદરેક દિવસ પહેલા ઝઘડો કરી ગોંડલ માવતરે રીસામણે આવી ગઇ હતી. પોતે ગઇકાલે પત્નિને મનાવવા અને તેડવા આવતાં સસરા કાળુભાઇએ હવે એને મારે તારી સાથે નથી મોકલવી તેમ કહી ગાળો દઇ લોખંડના પાઇપથી હુમલો કર્યો હતો. હોસ્પિટલ ચોકીના રામશીભાઇ વરૂ, મહેશભાઇ જોગડાએ ગોંડલ એ-ડિવીઝનને જાણ કરી હતી.

જ્યારે બીજી ઘટનામાં જુના માર્કેટ યાર્ડ પાછળ મંછાનગરમાં રહેતાં મનિષ વિનોદભાઇ સારલા નામના વીસ વર્ષના યુવાનને ઘર નજીક તેના ફઇના દિકરાઓ રવિ અને મનિષે હુમલો કરી ઢીકાપાટુ મારી ઇંટના ઘા કરી ઇજા પહોંચાડતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાતાં બી-ડિવીઝન પોલીસને જાણ કરાઇ હતી. મનિષ કડીયા કામની મજૂરી કરે છે અને કેટલાક મહિનાથી સાયલાથી અહિ રાજકોટ રહેવા આવ્યો છે. તેના મોટા ભાઇ સંજયના કહેવા મુજબ ફઇના દિકરાઓ સાથે જુનુ મનદુઃખ હોઇ તેનો ખાર રાખી મનિષ પર હુમલો કર્યો હોવાનું કહેતાં પોલીસે તપાસ હાથ ધરી હતી.

# રાજકોટ જિલ્લાના ગામડામાં પીવાના પાણી માટે ૬૧ લાખ ખર્ચાશે

## પાણી પુરવઠાની વાસ્મો યોજનામાં નાણા ફાળવાયા : જિલ્લા જળ અને સ્વચ્છતા સમિતિની બેઠક યોજાઇ

રાજકોટ, તા. ૯

રાજકોટ કલેક્ટર કચેરી ખાતે કલેક્ટર ડો. ઓમ પ્રકાશની અધ્યક્ષતામાં જિલ્લા જળ અને સ્વચ્છતા સમિતિ (વાસ્મો)ની બેઠક યોજાઈ હતી. જેમાં કલેક્ટરએ વાસ્મો દ્વારા ચાલી રહેલા વિવિધ કાર્યોની માહિતી મેળવીને સમીક્ષા કરી હતી તેમજ જરૂરી સૂચનો આપ્યા હતા. આ બેઠકમાં રાજકોટ જિલ્લાના તાલુકાઓના વિવિધ ગામોમાં હયાત બોર પર પમ્પિંગ મશીનરી સપ્લાય કરવાની કામગીરી, ભૂગર્ભ સંપ બનાવવાની કામગીરી તેમજ ગત બેઠકોમાં ગ્રામ્ય પાણી પુરવઠા યોજનાના અન્ય વિવિધ પ્રસ્તાવિત રૂ. ૬૧.૫૬ લાખના ખર્ચે થનાર ૧૫ કામોને સમિતિ દ્વારા સૈદ્ધાંતિક મંજૂરી આપવામાં આવી હતી. ઉપરાંત, અન્ય વિભાગોની પાણીને લગત યોજનાઓના કામોને મળેલ સૈધ્ધાંતિક મંજુરીના પ્રગતિના કામો અંગે કલેક્ટરએ જરૂરી સૂચનો કર્યા હતા.

આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી અનંદુ સુરેશ ગોવિંદ, ડી.આર.ડી.એ.ના નિયામક એ.કે.વસ્તાણી, પ્રાંત અધિકારી ચાંદની પરમાર અને વિમલ ચક્રવર્તી, પાણી પુરવઠા વિભાગના કાર્યપાલક ઈજનેર અંકિત ગોહેલ સહિત વિવિધ વિભાગના અધિકારીઓ- કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.



### દેશી-વિદેશી દારૂના ધંધાર્થીઓની કમ્મર તોડી નાખવા પોલીસના વધુ બે દરોડા

# રૈયામાં રેઇડઃ 'કટીંગ' થાય એ પહેલા પાંચ લાખનો દારૂ ઝડપાયો

## રૈયા ગામમાં એલસીબી ઝોન-૨ના આર. એચ. ઝાલા અને ટીમ ત્રાટકીઃ ત્રણ પકડાયા, બે સુત્રધારની શોધખોળ

રાજકોટ તા. ૯

દેશી વિદેશી દારૂના ધંધાર્થીઓ પર પોલીસ સતત ધોંસ બોલાવી રહી છે. દરમિયાન શહેર એલસીબી ઝોન-૨ ટીમે રૈયા ગામમાં કટીંગ વખતે જ ત્રાટકી જઇ ત્રણ શખ્સને પાંચ લાખથી વધુના દારૂ સાથે અને બે વાહન સાથે પકડી લીધા હતાં. જ્યારે અન્ય બે શખ્સના નામ સામે આવ્યા હતાં. બીજી તરફ ક્રાઇમ બ્રાંચે એક લાખનો પાંચસો લીટર દારૂ કારમાં ભરીને નીકળેલા એક શખ્સને પકડ્યો હતો. જેમાં બે શખ્સોના નામ ખુલ્યા હતાં.

વિગતો પર નજર કરીએ તો દારૂની પ્રવૃતિને ડામી દેવા શહેર પોલીસ સક્રિય બની હોય રોજબરોજ લાખોનો દારૂ પકડાઇ રહ્યો છે. છુટક બૂટલેગરો પણ ઝપટમાં આવી રહ્યા છે. આ દરમિયાન શહેરના રૈયા ગામ સ્મશાન સામે મફતીયાપરામાં ઇંટોના ભઠ્ઠા પાસે વિદેશી દારૂના જથ્થાનું કટીંગ થતું હતું તે વખતે જ એલસીબી ઝોન-૨ ટીમે દરોરડો પાડી રૈયા ગામ, શિવપરા, ગાંધીગ્રામના ત્રણ શખ્સોને રૂા. ૫,૧૪,૮૦૦ના ૩૯૬ બોટલ દારૂ અને રિક્ષા, ટુવ્હીલર સાથે પકડી લઇ રૂા. ૬,૯૪,૮૦૦નો મુદ્દામાલ કબ્જે કર્યો છે. સુત્રધાર રૈયાના શખ્સ અને અન્ય એક યોગરાજનગરના શખ્સના નામ ખુલતાં શોધખોળ હાથ ધરવામાં આવી હતી. એલસીબી ઝોન-૨ ટીમ દારૂ જૂગારની પ્રવૃતિ અટકાવવા પેટ્રોલીંગમાં હતી ત્યારે ચોક્કસ બાતમી પરથી દરોડો પાડ્યો હતો.

બાતમી મળી હતી કે અગાઉ દારૂના ગુનામાં પકડાયેલ ફૈઝલ બ્લોચ અને વિનયએ રૈયા ગામ સ્મશાન સામે મફતીયાપરામાં ઇટોના ભઠ્ઠા પાસે દારૂનો જથ્થો ઉતાર્યો છે અને કટીંગ કરી રહ્યા છે. આ માહિતી પરથી દરોડો પાડવામાં આવતાં ત્રણ શખ્સ પકડાઇ ગયા હતાં. પોલીસે રૂા. ૫,૧૪,૮૦૦નો રોયલ ચેલેન્જ દારૂ ૩૯૬ બોટલ અને ત્રણ મોબાઇલ ફોન, જીજે૦૩બીયુ-૪૦૨૭ નંબરની રિક્ષા અને જીજે૦૩એમએફ-૨૨૧૫ નંબરનું એક્ટીવા કબ્જે કર્યા હતાં. પોલીસે જે ત્રણ શખ્સને પકડ્યા તેણે પોતાના નામ તેણે પુછતાછમાં પોતાના નામ અલ્ફાઝ ફિરોઝભાઇ ગોરી (રિક્ષા ડ્રાઇવર, રહે. રૈયા ગામ સ્મશાન સામે મફતીયાપરા), અમીરખાં ફિરોઝખાં બ્લોચ (પ્રાઇવેટ નોકરી, રહે. રૈયા રોડ બ્રહ્મસમાજ ચોક, શિવપરા-૨) અને યશ ઉર્ફ બીટુ સુરેશભાઇ ઝીંઝુવાડીયા (ફુલનો ધંધો, રહે. ગાંધીગ્રામ ભારતીનગર-૪, બંસી કોમ્પલેક્ષ) જણાવ્યા હતાં.

દારૂના જથ્થાનું કટીંગ કરતાં રંગેહાથ ઝપટમાં આવી ગયેલા આ ત્રણેયની ધરપકડ કરી પુછતાછ કરવામાં આવતાં કબુલ્યું હતું કે આ દારૂનો જથ્થો રૈયા ગામ સ્મશાન પાસે રહેતાં ફૈઝલ રાજુભાઇ બ્લોચ અને અયોધ્યા ચોક યોગરાજનગરમાં રહેતાં વિનય રાજુભાઇ ઉકેડીયાએ ઉતાર્યો છે. આ બંને હાજર ન હોઇ તેની શોધખોળ હાથ ધરવામાંઆવી હતી. પોલીસના કહેવા મુજબ ઝડપાયેલમાં યશ ઉર્ફ બીટુ અગાઉ ગાંધીગ્રામ પોલીસમાં મારામારી, દારૂના ગુનામાં પકડાયો હતો. જ્યારે સુત્રધાર ફૈઝલ વિરૂધ્ધ અગાઉ ગાંધીગ્રામ, યુનિવર્સિટી પોલીસમાં મારામારી, એટ્રોસીટીના બે ગુના નોંધાયા હતાં. જ્યારે વિનય ઉકેડીયા વિરૂધ્ધ ગાંધીગ્રામ, યુનિવર્સિટી, પ્ર.નગર, લોધીકા પોલીસમાં હત્યા-એટ્રોસીટી, મારામારી-ધમકી, દારૂ, તોડફોડ, જૂગારધારા હેઠળ આઠ ગુના નોંધાઇ ચુક્યા છે.

સુત્રધારો ઝડપાયા પછી તે ક્યાંથી જથ્થો લાવ્યા હતાં? તે સહિતની વિગતો સામે આવશે. આ કામગીરી પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, જેસીપી મહેન્દ્ર બગડીયા, ડીસીપી ઝોન-૨ જગદીશ બાંગરવાની સુચના અનુસાર પીએસઆઇ આર. એચ. ઝાલા, એએસઆઇ જયંતિભાઇ ગોહિલ, રાજેશભાઇ મિયાત્રા, હેડકોન્સ. રાહુલભાઇ ગોહેલ, શકિતસિંહ ગોહિલ, હેમેન્દ્રભાઇ વાઘીયા, ધર્મરાજસિંહ ઝાલા અને કોન્સ. કુલદીપસિંહ રાણાએ આ કામગીરી કરી હતી.



ક્રાઇમ બ્રાંચે પાંચસો લિટર દેશી દારૂ ભરેલી કાર સાથે એકને પકડ્યોઃ બે સપ્લાયરના ખુલ્યા નામ

બીજી તરફ ક્રાઇમ બ્રાંચની ટીમે રાજકોટ મોરબી હાઇવે પર બેડી ચોકડી પાસેથી બાતમીને આધારે એક શખ્સને ફોર્ડ કારમાં રૂા. ૧ લાખના ૫૦૦ લિટર દેશી દારૂ સાથે ઝડપી લીધો હતો. જ્યારે રાજકોટ, સુરેન્દ્રનગરના બે શખ્સના નામ ખુલ્યા હતાં. ટીમ દારૂ જૂગારની પ્રવૃતિ અટકાવવા પેટ્રોલીંગમાં હતી ત્યારે હેડકોન્સ. દિલીપભાઇ બોરીચા, દિપકભાઇ ચૌહાણ અને કોન્સ. વિશાલભાઇ દવેની બાતમી પરથી જીજે૧૦કેએ-૭૭૦૨ નંબરની કાર બેડી ચોકડીએ આંતરી લેવાઇ હતી. તેમાંથી રૂા. ૧ લાખનો ૫૦૦ લિટર દેશી દારૂ મળતાં તે તથા કાર, મોબાઇલ મળી ૨,૦૨,૦૦૦નો મુદ્દામાલ કબ્જે કરી તેમાં બેઠેલા શખ્સની પુછતાછ કરતાં પોતાનું નામ અનિલ ભીમાભાઇ મુળીયા હોવાનું અને ચુનારાવાડમાં રહેતો હોવાનું કહ્યુ હતું.

પોલીસે અનિલની પુછપરછ કરતાં તેણે આ દારૂ બાબતે બે શખ્સો ચોટીલાના સાલખડાના વસંત લઘરાભાઇ બાવળીયા અને રાજકોટ માજોઠીનગરના અનવર ઉર્ફ બાબુમાજોઠી યુસુફભાઇ ફુલાણીના નામ આપતાં બંનેની શોધખોળ થઇ રહી છે. અનિલ અગાઉ ડીસીબી, ચોટીલામાં દારૂના ચાર ગુનામાં, વસંત ડીસીબી, સુરેન્દ્રનગર, કુવાડવામા દારૂના ત્રણ ગુનામાંઅને અનવર ઉર્ફ બાબુમાજોઠી ડીસીબી, થોરાળામાં દારૂના ચાર ગુનામાં સંડોવાઇ ચુક્યો છે. પીઆઇ એમ.આર. ગોંડલીયા, પીઆઇ એમ. એલ. ડામોર, સી. એચ. જાદવ, પીએસઆઇ વી. ડી. ડોડીયા, એએસઆઇ અમિતભાઇ અગ્રાવત, દિગપાલસિંહ જાડેજા, હેડકોન્સ. સંજયભાઇ રૂપાપરા, દિપકભાઇ ચૌહાણ, દિલીપભાઇ બોરીચા, રાજેશભાઇ જળુ, પ્રદિપસિંહ જાડેજા, જયરાજભાઇ કોટીલા, વિશાલભાઇ દવેએ કાર્યવાહી કરી હતી. આમ લાખોનો વિદશી દારૂ કટીંગ થાય એ પહેલા અને એક લાખનો દેશી દારૂ પ્યાસીઓમાં વેંચાય એ પહેલા પકડી લેવામાં સફળતા મળી હતી.

જેને ગામને છેતરવા જ છે એ કોઇપણ હદ સુધી જઇ શકેઃ બાળકોની ઇચ્છા સાથે થયો ખિલવાડ

# ક્રિકેટ કેમ્પના નામે PH.D કરતો શખ્સ 'ગરીયો' ફેરવી ગયો

## સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં અભ્યાસ કરતાં શખ્સે પોતે મેઘાલય ક્રિકેટ એસોસિએશનમાં પસંદગી સમિતીમાં સામેલ થયો છે કહી રાજકોટના ત્રણ યુવાનોના પુત્રોને મેઘાલય તાલિમમાં લઇ જવાને નામે રોકડા ખંખેરી લીધાઃ પછી કહ્યુ-તાલિમ કેમ્પ રદ્દ થયો છેઃ બી-ડિવીઝન પોલીસે દાખલ કરી એફઆઈઆર

રાજકોટ તા. ૯

જેને બીજાને છેતરવા જ છે એવા લોકો કોઇપણ નુસ્ખાઓને હાથવગુ હથીયાર બનાવી પોતાનું કામ ઉતારી લઇ ખિસ્સા ગરમ કરી લેતાં હોય છે. ફ્રોડની વધુ એક ઘટના રાજકોટ શહેરના બી-ડિવીઝન પોલીસ સ્ટેશનમાં નોંધાઇ છે. જેમાં એસૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં પીએચડી કરતાં કચ્છ ભુજના એક શખ્સે એવી ગઠીયાગીરી આચરી છે કે લોકો વિચારતા થઇ જાય છે. આ શખસે પોતાની મેઘાલય ક્રિકેટ એસોસિએશનમાં પસંદગી સમિતીમાં નિમણુંક થઇ છે તેવી વાત ફેલાવી હતી અને ત્યારબાદ યુનિવર્સિટીના જ સ્પોર્ટ્સ કર્મચારી મારફતા તેમના ત્રણ મિત્રોના પુત્રોને મેઘાલય ક્રિકેટની પ્રેકટીસના કેમ્પમાં લઇ જવાના નામે રૂપિયા ઉઘરાવી લીધા હતાં. પછી પ્રેકટીસ કેન્સલ થઇ કહી રૂપિયા ખાઇ ગયો હતો.

આ કિસ્સામાં આ શખ્સે ક્રિકેટ કેમ્પમાં બાળકોને લઇ જવાના નામે ચુમાલીસ હજાર એકસો રૂપિયાની ઠગાઇ કરી છે. વિગતો જોઇએ તો આ બનાવમાં બી-ડિવીઝન પોલીસે મોરબી રોડ જુના જકાતનાકા પાસે ઇન્દ્રપ્રસ્થ સોસાયટી-૨માં રહેતાં આડત્રીસ વર્ષના મેહુલભાઇ મુકેશભાઇ ધોળકીયાની ફરિયાદ પરથી કચ્છ ભુજના પ્રજ્ઞેશ હનુભા બારહટ વિરૂધ્ધ ઠગાઇનો ગુનો નોંધ્યો છે. મેહુલભાઇ ધોળકીયા વેપાર કરી ગુજરાન ચલાવે છે. તેણે જણાવ્યું છે કે મારા પત્નિનું નામ મિતલબેન છે અને સંતાનમાં ૧૬ વર્ષનો દિકરો પ્રેમ છે જે ધોરણ-૧૧માં ન્યુ એરા સ્કૂલમાં ભણે છે તેમજ કુવાડવા રોડ પર ક્રિકેટ એકેડેમીમાં ક્રિકેટની પ્રેકટીસ કરે છે. દિકરી છ વર્ષની છે. ફેબ્રુઆરી-૨૦૨૫માં મારા મિત્ર ચિંતનભાઇ કિશોરભાઇ રાવલ છે.

ચિંતનભાઇ સૌરાષ્ટ્ર યુનિવસ્ટિીમાં સ્પોર્ટસ વિભાગમાં નોકરી કરતાં હોઇ અને ભુજ કચ્છના પ્રજ્ઞેશ હનુભા બારહટ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ખાતે પીએચડી કરતાં હોઇ ચિંતનભાઇએ મને કહ્યુ હતું




હોંશે હોંશે મેઘાલય જવાની તૈયારી કરી ચુકેલા બાળકો નિરાશ થઇ ગયા

કે પ્રજ્ઞેશ બારહટ મેઘાલય ક્રિકેટ એસોસિએશનમાં રેફરી તરીકે પસંદગી સમિતીમાં નિમણુક પામેલ છે અને તમારા તથા મિત્રોના બાળકોને ઇન્ટરનેશનલ ક્રિકેટમાં સામેલ થવું હોય તો રૂા. ૧૫૦૦૦ ફી રખાઇ છે. જેમાં વીસ દિવસ માટે મેઘાલયમાં રહેવા જમવાની સુવિધા સાથે ક્રિકેટની તાલિમ અપાશે તેવી વાત પ્રજ્ઞેશ બારહટે કરી છે. તેમ મારા મિત્રએ મને કહેતાં અને તમારો દિકરો પ્રેમ ક્રિકેટમાં આગળ વધવા ઇચ્છતો હોય તો પ્રજ્ઞેશ બારહટને ફોન કરી જાણી લેજો તેવી વાત કરી હતી. આથી મેં પ્રજ્ઞેશને ફોન કરતાં તેણે કહેલું કે તમારા બાળકને ક્રિકેટ માટેનું રજીસ્ટ્રેશન કરાવવું હોય તો તમારે ૧૪૭૦૦ રૂપિયા આપવા પડશે. આથી મને તેના પર વિશ્વાસ આવી ગયો હતો.

આથી મેં તેને ફી પેટેના રૂપિયા આપવા ચિંતનભાઇને ગૂગલ પે કરી દીધા હતાં. ચિંતનભાઇએ પ્રજ્ઞેશને આ રકમ આપી દીધી હતી. આ ઉપરાંત ચિંતનભાઇએ તેના અન્ય મિત્ર હિરેનભાઇ રાઠોડના પુત્રને અને રવિન્દ્રભાઇ ભટ્ટના પુત્રને મેઘાલય ક્રિકેટ પ્રેકટીસમાં મોકલવા માટે બીજા ૨૯૪૦૦ પણ પ્રજ્ઞેશને આપ્યા હતાં. આ પછી પ્રજ્ઞેશે અમારા બાળકોના નામોવાળી ફલાઇટ ટિકીટ અને મેઘાલય ક્રિકેટ એસોસિએશનના નામવાળો લેટપરપેડ અમારા વ્હોટ્સએપમાં મોકલ્યો હતો. આ પછી પ્રજ્ઞેશે મને ફોન કરી કહેલુ કે મેઘાલય ક્રિકેટ એસોસિએશને કોઇપણ કારણોસર પ્રેકટીસ કેન્સલ કરી છે, હવે જવાનું થશે ત્યારે તમને જાણ કરીશ. જો કે આ પછી અમે વારંવાર પ્રજ્ઞેશને ફોન કરતાં તેણે અમારો ફોન ઉપાડ્યો નથી અને અમારો સંપર્ક કર્યો નથી. આથી તેણે અમારી સાથે ઠગાઇ કરી હોવાનું જણાયું હતું. બી-ડિવીઝન પોલીસ સ્ટેશનના ઇન્સ્પેક્ટર એસ. એસ. રાણેના માર્ગદર્શન હેઠળ પીએસઆઇ એ. બી. ચૌધરીએ તપાસ શરૂ કરી છે. આ શખ્સે અન્ય કોઇ સાથે આ પ્રકારે ફ્રોડ આચર્યુ છે કે કેમ? તેની પણ તપાસ થઇ રહી છે.

# ભોં ટાંકો જીવલેણ બન્યો : ડોલ ભરતી વખતે વૃધ્ધ ગબડી પડતાં મોત

## અન્ય બનાવમાં કેનેરા બેંકના પ્યુન આડત્રીસ વર્ષના આનંદભાઇ મુલીયાણાનું હડતાલ વખતે હાર્ટએટેક આવી જવાથી મૃત્યુ

રાજકોટ તા. ૯

અપમૃત્યુની ઘટનાઓમાં શહેરના જંગલેશ્વર વિસ્તારમાં ભોં ટાંકામાં પડી જવાથી એક વૃધ્ધનું મોત થયું હતું. તો અન્ય એક બનાવમાં બેંકના પ્યુનનુ હાર્ટએટેક આવી જતાં મૃત્યુ થયું હતું.

વિગતો પર નજર કરીએ તો મુજબ જંગલેશ્વર શેરી નં. ૨૫માં રહેતાં અડસઠ વર્ષના વેરશીભાઇ ભનુભાઇ ભોજવીયા ઘરના ફળીયામાં આવેલા ભોં ટાંકામાંથી પાણીની ડોલ ભરી રહ્યા હતાં ત્યારે બેલેન્સ ગુમાવતાં ટાંકામાં પડી ગયા હતાં. પરિવારજનોને જાણ થતાં બેભાન હાલતમાં બહાર કાઢી સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ તેમને તબિબે મૃત જાહેર કરતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો. મૃત્યુ પામનાર વેરશીભાઇ ચાર ભાઇ અને બે બહેનમાં મોટા હતાં અને નિવૃત જીવન જીવતાં હતાં. તેમને સંતાનમાં એક દિકરી અને ચાર દિકરા છે. હોસ્પિટલ ચોકીના રામશીભાઇ વરૂ, મહેશભાઇ જોગડા, ધર્મેન્દ્રભાઇ સહિતે જાણ કરતાં





ભક્તિનગર પોલીસે આકસ્મિક મૃત્યુની નોંધ કરી હતી.

બીજી ઘટનામાં દિલની દગાખોરી વધુ એક જીવ લઇ ગઇ હતી. ગાંધીગ્રામમાં રહેતા યુવાન ઇન્દિરા સર્કલ પાસે બેંકમાં પ્યુન તરીકે નોકરી કરતાં હોઇ ગઇકાલે બેંક હડતાલની રજા હોવાથી બીજા કર્મચારીઓ ઢેબર રોડ વનવેમાં કેનેરા બેંક ખાતે એકઠા થયા હોઇ પોતે પણ ત્યાં આટો મારવા ગયેલ ત્યારે બેંકમાં જ હાર્ટએટેક આવી જતાં તે જીવલેણ નીવડ્યો હતો. ગાંધીગ્રામ અક્ષરનગર-૩માં રહેતાં સાડત્રીસ વર્ષના આનંદભાઇ મુકેશભાઇ મુલીયાણા નામના યુવાન સવારે સાડા અગીયારેક વાગ્યે ઢેબર રોડ વનવેમાં કેનેરા બેંક ખાતે હતાં ત્યારે બેભાન થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયેલ.

પરંતુ અહિ તબિબે આનંદભાઇને નિષ્પ્રાણ જાહેર કરતાં અરેરાટી વ્યાપી ગઇ હતી. તેમને હાર્ટએટેક આવી ગયાનું ખુલ્યું હતું. વધુ માહિતી અનુસાર મૃત્યુ પામનાર આનંદભાઇ બે ભાઇ અને એક બહેનમાં મોટા હતાં. તે કેનેરા બેંકની ઇન્દીરા સર્કલની બ્રાંચમાં પ્યુન તરીકે નોકરી કરતાં હતાં. આજે બેંક હડતાલ હોઇ રજા હતી. જેથી તે ઢેબર રોડ વનવેની બ્રાંચ ખાતે થયેલ ત્યારે આ બનાવ બન્યો હતો. એ-ડિવીઝન પોલીસે કાર્યવાહી કરી હતી.

હત્યાની કોશિષમાં ફરાર શખ્સને LCB ઝોન-૨એ, મારામારી, દારૂમાં ફરાર બે શખ્સને LCB ઝોન-૧ ટીમે દબોચ્યા

# મરવા મજબૂર કર્યાના ગુનામાં ફરાર જાકીરને પેરોલ ફરલો સ્કવોડે પકડ્યો

રાજકોટ તા. ૯

અલગ અલગ ગુનામાં ફરાર શખ્સોને શોધી કાઢવાની ઝુંબેશ અંતર્ગત પેરોલ ફરલો સ્કવોડની ટીમે આઘપાતની ફરજ પાડવાના ગુનામાં ફરાર શખ્સને પકડી લીધો હતો. તો એલસીબી ઝોન-૨ની નાસતા ફરતા સ્કવોડે હત્યાની કોશિષના ગુનામાં ફરાર શખ્સને અને એલસીબી ઝોન-૧ ટીમે મારામારી તથા દારૂના ગુનામાં ફરાર શખ્સોને શોધી કાઢ્યા હતાં.

જાણવા મળ્યા મુજબ શહેરના કોઠારીયા રોડ પર રામપાર્કમાં રહેતા અને જિલ્લા ગાર્ડન પાસે બાપુનગરમાં ઓટો પાર્ટ્સની દુકાન ધરાવનાર વેપારીએ બે માસ પૂર્વે આપઘાત કર્યો હતો. હત્યા કેસમાં સંડોવાયેલા આરોપીની મદદ કર્યાની શંકા રાખી મૃતકના સંબંધીએ ધમકાવતા વેપારીએ આ પગલું ભરી લીધું હતું. વેપારીને આપઘાતની ફરજ પાડવાના ગુનામાં ફરાર જિલ્લા ગાર્ડન ચોક પાસે એકતા સોસાયટી ક્વાર્ટર નં. ૧૨૬માં રહેતાં પચાસ વર્ષના જાકીર આમદભાઇ દલ ને પેરોલ ફરલો સ્કવોડની ટીમે પકડી લીધો હતો. જિલ્લા ગાર્ડન ચોક પાસે બાપુનગરના રહેતા ઇસાન મુસ્તુફાભાઈ કસમાણી નામના યુવાનની હત્યા થઈ હતી. જેમાં પોલીસે અફઝલ જુણેજા, સાહિલ પતાણી અને અમાનઉલ્લા ઉર્ફે અમન ઉર્ફે માયા મહેબૂબ ચૌહાણની ધરપકડ કરી હતી.

ત્રણે આરોપીઓ પૈકી સાહિલ વેપારી કમલેશભાઈ મુકેશભાઈ સરસીયા કે જેમની બાપુનગરમાં મોમાઈ ઓટો પાર્ટ્સ નામની દુકાન આવેલી હોય ત્યાં નોકરી કરતો હતો. જેથી વેપારીએ તેને મદદ કરી કર્યાની શંકા રાખી મૃતકના સંબંધીએ વેપારી કમલેશભાઈ સાથે માથાકૂટ કરી હતી અને ધમકી



આપી હતી. જેથી ગભરાઈને તેમણે હત્યાના બે દિવસ બાદ ગળાફાંસો ખાઈ આપઘાત કર્યો હતો. જે અંગે આજીડેમ પોલીસ સ્ટેશનમાં ઝાકીર દલ, સલીમ સહિતના આરોપીઓ સામે ગુનો નોંધાયો હતો. પેરોલ ફરલો સ્કવોડના ઇન્સ્પેક્ટર બી. એમ. ઝણકાંટના માર્ગદર્શન હેઠળ પીએસઆઇ જે. જી. તેરૈયા, એએસઆઇ અમૃતભાઈ મકવાણા, જહીરભાઈ ખફીફ, ધર્મેન્દ્રસિંહ ઝાલા, હેડકોન્સ. સામંતભાઈ ગઢવી, રાજદિપસિંહ ચૌહાણ, સિરાજભાઈ ચાનીયા, રોહિતભાઈ કછોટ, કોન્સ. કુલદીપસિંહ જાડેજા, શાંતુબેન મુળીયા અને દોલતસિંહ રાઠોડે આ કામગીરી કરી હતી.

જ્યારે ધ્રોલ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા રાયોટીંગ હત્યાની કોશિષના ગુનામાં નાસતા ફરતાં શખ્સ દશરથસિંહ રણજીતસિંહ ઝાલા (રહે. ૧૫૦ રીંગ રોડ, ગોવર્ધન ચોક, મવડી હુડકો ક્વાર્ટર નં. ૧૬)ને રાજકોટમાંથી પકડી લેવાયો હતો. આ શખ્સ સામે ગયા વર્ષે ધ્રોલમાં રાયોટીંગ, હત્યાની કોશિષનો ગુનો નોંધાયો ત્યારેથી તે ફરાર હતો. અગાઉ પણ તેની સામે રાજકોટ તાલુકા પોલીસમાં મારામારીનો એક ગુનો નોંધાયો હતો. પીએસઆઇ આર. એચ. ઝાલા અને ટીમે કાર્યવાહી કરી હતી.

તેમજ એલસીબી ઝોન-૧ ટીમે આજીડેમ પોલીસ સ્ટેશનના મારામારીના ગુનામાં ફરાર શખ્સને અને બી-ડિવીઝનના દારૂના ગુનામાં ફરાર શખ્સને પકડી લીધા હતાં. આજીડેમમાં નોંધાયેલા મારામારીના કેમસાં જંગલેશ્વર રોડ રાધાકૃષ્ણનગર-૧૧માં રહેતો રાહુલ દિલીપભાઇ જાખલીયા તેના ઘરે આવ્યો હોઇ ત્યાંથી અને બી-ડિવીઝનમાં નોંધાયેલા દારૂના ગુનામાં વાવડી ગામ મોરબીમાં સમજુબા સ્કૂલ પાછળ રહેતાં મુળ રંઘોળા ભાવનગરના હરેશ ઉર્ફ હરીયો નરસીભાઇ દેવાયતકાને બેડી ચોકડીએ પકડી લીધો હતો. પીએસઆઇ બી. વી. ચુડાસમા, એએસઆઇ મનરૂપગીરી ગોસ્વામી, ભરતભાઇ વાઘેલા, હેડકોન્સ. હિતેષભાઇ પરમાર, રવિરાજભાઇ પટગીર, નાસતા ફરતા સ્કવોડના હરેશભાઇ પરમા અને વિરેન્દ્રસિંહ જાડેજાએ આ કામગીરી કરી હતી.

# ખોખડદળ નદી પાસે પૈસા ન આપનારને છરી ઝીંકાઇ

## મુળ યુપીના યુવાનને નેણ ઉપરના ભાગી ઘા ઝીંકાતા ઉંડો ખાડો પડી ગયો



રાજકોટ તા. ૯

લુખ્ખાગીરીની ઘટનાઓ અવાર-નવાર બનતી રહે છે. વધુ એક આવા કિસ્સામાં શહેરના જંગલેશ્વર વિસ્તારમાં ખોડિયાર મંદિર પાસે રહેતો પરપ્રાંતિય યુવાન રાજેશ રામુસિંગ ચૌહાણ નામના ચોવીસ વર્ષના યુવાનને તે ખોખડદળ નદી કાંઠે શ્રીહરિ ઇન્ડસ્ટ્રીઝ એરીયામાં ચાલીને જતો હતો ત્યારે અજાણ્યા શખ્સે ઝઘડો કરી ડાબી આંખની ઉપર છરીનો ઘા ઝીંકી દેતાં ગંભીર ઇજા સાથે સિવિલ હોસ્પિટલમાં દાખલ થતાં હોસ્પિટલ ચોકીના સ્ટાફ દ્વારા ઘટનાની જાણ થોરાળા પોલીસને કરવામાં આવી હતી.

ઘાયલ થયેલા રાજેશકુમારના કહેવા મુજબ તે કારખાનામાં મજૂરી કરે છે અને મુળ ઉત્તરપ્રદેશનો વતની છે. પોતે ચાલીને જતો હતો ત્યારે અજાણ્યા શખ્સે આંતરી પૈસા માંગતા ન આપતાં હુમલો કરાયો હોવાનું તેણે કહ્યું હતું. પોલીસે હુમલાખોરને શોધી કાઢવા તપાસ હાથ ધરી હતી.

# યુવાન લટકી ગયોઃ માતાએ બચાવ્યો જીવ

રાજકોટ તા. ૯

અલગ અલગ કારણોસર લોકો આપઘાતનો પ્રયાસ કરતાં હોય છે. વધુ એક આવા બનાવમાં પાંજરાપોળ પાસે સંઘાણી શેરી નં. ૬માં રહેતાં પાંત્રીસ વર્ષના ભાવેશભાઇ દિનેશભાઇ રાઠોડ નામના યુવાને સવારે ઘરે લાકડાની આડીમાં ચૂંદડી બાંધી ગળાફાંસો ખાઇ લેતાં પરિવારજનો જોઇ જતાં બેભાન હાલતમાં નીચે ઉતારી સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં.

વધુ માહિતી અનુસાર ભાવેશભાઇ બે ભાઇમાં નાના છે અને સંતાનમાં એક પુત્ર તથા એક પુત્રી છે. પોતે ઇમિટેશનનું કામ કરે છે. તેના માતા અમરતબેન તેને લટકતો જોઇ જતાં બૂમાબૂમ કરતાં બીજા લોકો એકઠા થઇ ગયા હતાં તેને નીચે ઉતારી હોસ્પિટલે ખસેડ્યા હતાં. ભાવેશભાઇને શરીરમાં અલગ અલગ દુઃખાવા રહેતાં હોઇ કંટાળીને પગલુ ભર્યાનું જણાવાયું હતું. સિવિલ હોસ્પિટલ ચોકીના સ્ટાફે બી-ડિવીઝન પોલીસને જાણ કરી હતી.

રેલનગરના કિશન ભટ્ટ પ્ર.નગર પોલીસમાં હોમગાર્ડ તરીકે ફરજ બજાવે છેઃ સાંજે પોલીસમેન સાથે મારામારીમાં ફરાર જાવેદ ઉર્ફ જાવલાને પકડવા પ્રયાસ કર્યો ત્યારે તે ભાગી ગયો હતો

# હદ થઇ ગઇ...હોમગાર્ડ જવાનને છરી દેખાડી બાઇકની લૂંટ!

## જે તે વખતે જાવેદનું વાહન પોલીસે જપ્ત કર્યુ હતુંઃ ખાર રાખી રાતે હોમગાર્ડ ઘરે જઇ રહેલ ત્યારે રેલનગરમાં આંતરી ધમકી દઇ તેનું વાહન પડાવી લેવાયું

રાજકોટ તા. ૯

શહેરના પ્રદ્યુમનનગર પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતાં હોમગાર્ડ જવાનને રેલનગરમાં નામચીનની છાપ ધરાવતાં શખ્સ સહિત બે જણાએ આંતરી છરી બતાવી ધમકી આપી તેનું મોટર સાઇકલ લૂંટી લેતાં ચકચાર જાગી છે. અનેક ગુનાઓમાં પોલીસ ચોપડે ચડી ચુકેલો શખ્સ મારામારીમાં ફરાર હોઇ તેને કોન્સ્ટેબલ અને હોમગાર્ડ જોઇ જતાં પકડવા જતાં તે ભાગી ગયો હતો પણ તેનું વાહન હાથમાં આવી ગયું હતું. આ વાહન પાછુ આપી દેવાની ધમકી આપી હોમગાર્ડને લૂંટી લેવાયા હતાં.

વિગતો પર નજર કરીએ તો આ બનાવમાં હોમગાર્ડ જવાને છરી બતાવી ધમકી દઇ પચાસ હજારનું મોટરસાઇકલ લૂંટી જવાયું છે. પ્રદ્યુમનનગર પોલીસે રેલનગર શ્રધ્ધા રેસીડેન્સી બ્લોક નં. ૨૯ પરિવાર મોલ પાસે રહેતા ચોવીસ વર્ષનાં કિશનભાઇ શૈલેષભાઇ ભટ્ટની ફરિયાદ પરથી છત્રપતિ શિવાજી ટાઉનશીપ રેલનગરમાં રહેતાં જાવેદ ઉર્ફ જાવલો કરીમભાઇ કાથરોટીયા અને લખન કમેજળીયા વિરૂધ્ધ લૂંટનો ગુનો દાખલ કર્યો છે. કિશનભાઇ હોમગાર્ડ જવાન તરીકે બે વર્ષથી પ્ર.નગર પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવે છે. તેણે જણાવ્યું હતું કે મંગળવારે સાંજે સાડા છએક વાગ્યે હું અને પ્ર.નગર પોલીસ સ્ટેશનના ડી. સ્ટાફમાં ફરજ બજાતાં કોન્સ. તૌફિકભાઇ દાદુભાઇ મંધરા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતાં ત્યારે રેલનગર વિસ્તારમાં બીએસયુપી ટાઉનશીપ બીપીએલ ક્વાર્ટર પાસે પહોંચ્યા ત્યારે બી-ડિવીઝન પોલીસ સ્ટેશનના મારામારીના ગુનામાં ફરાર જાવેદ ઉર્ફ જાવલો



કાથરોટીયા ટાઉનશીપ નજીક રોડ પર જોવા મળ્યો હતો.

આ શખ્સ ફરાર હોઇ તે નામચીન ગુનેગાર હોવાથી તેને અમે પકડવા જતાં તે ભાગી ગયો હતો. તેનું એક્સેસ જીજે૦૩એમએફ-૦૬૭૬ નંબર હાથમાં આવી જતાં અમે પ્ર.નગર પોલીસ સ્ટેશને લઇ આવ્યા હતાં. ત્યાર બાદમાં હું અને કોન્સ. તૌફિકભાઇ પ્ર.નગર પોલીસ સ્ટેશને આવી ગયા હતાં. એ પછી રાતે સાડા અગીયાર વાગ્યા આસપાસ હું એકલો બાઇક જીજે૦૩પીસી-૮૧૩૧ રૂા. ૫૦ હજારનું કે જે મારા મિત્ર મહેશભાઇ ગુલુમલભાઇ દેવાણીના નામનું છે તે લઇને મારા ઘર તરફ જતો હતો ત્યારે રેલનગર પરિવાર મોલથી આગળ રાધિકા મોલ પાસે પહોંચતા જાવેદ ઉર્ફ જાવલો કાથરોટીયા અને બીજો શખ્સ લખન ટુવ્હીલર પર મારી પાછળ આવ્યા હતાં. આ વાહન લખન ચલાવી રહ્યો હતો.બંનેએ મને તેના વાહનથી આંતરી ઉભો રાખ્યો હતો

આ પછી તેણે મારો કાંઠલો પકડી નીચે ઉતારી જાવેદે છરી બતાવી હતી ગાળો દઇ મારી નાખવાની ધમકી આપી હતી. આ પછી તેણે ધમકી આપી કહેલુ કે મારુ એક્સેસ તમે પ્ર.નગરે લઇ ગયા છો એ તૌફિકભાઇને કહેજે મને પાછુ આપી દે નહિતર સારાવટ નહિ રહે. આમ કહી જાવેદ અને લખન મારી પાસેથી મારુ હોન્ડા છીનવી ભાગી ગયા હતાં. પીઆઇ વી. આર. વસાવાનાં માર્ગદર્શન હેઠળ હેડકોન્સ. જે. એચ. જાડેજાએ એફઆઇઆર દાખલ કરી હતી. બંને શખ્સને શોધી કાઢવા ડી. સ્ટાફ, એલસીબી, ક્રાઇમ બ્રાંચની ટીમોએ તપાસ હાથ ધરી હતી.

### ડ્રગ્સ મુક્ત ગુજરાત બનાવવા રાજયવ્યાપી ઝુંબેશ

# રાજકોટમાં પોલીસ-ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગના દરોડા

## પ્રિસ્ક્રિપ્શન વગર દવાનું વેચાણ કરતા ફાર્માસિસ્ટ, શાળા કોલેજો બહાર ખડકેલા પાનના ગલ્લાઓ સહિત વિવિધ સ્થળો પર હાથ ધરાઈ તવાઈ



રાજકોટ, તા. ૯

સમગ્ર દેશમાં હાલ ડ્રગ્સના દૂષણ વિરુદ્ધ ખાસ ડ્રાઈવ ચલાવવામાં આવી રહી છે ત્યારે ગઈકાલે રાજકોટ શહેરમાં પોલીસ અને ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગ દ્વારા સંયુક્ત રીતે ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું જેમાં ફાર્મસીસ્ટ કે જે પ્રિસ્ક્રિપ્શન વગર દવા નું વેચાણ કરતા હોય તેમની તપાસ હાથ ધરવામાં આવી હતી એટલું જ નહીં વિવિધ શાળા તથા કોલેજો અને પાનના ગલ્લાઓ પર તપાસ કરવામાં આવી હતી જેમાં પોલીસના વિવિધ વિભાગો તથા ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગના ઈન્સ્પેક્ટરો જોડાયા હતા એટલું જ નહીં આ તમામ જગ્યાઓ પર નશીલા પદાર્થનું વેચાણ થાય છે કે કેમ તે અંગે પણ તપાસ હાથ ધરવામાં આવી હોવાનું માલુમ પડ્યું છે ત્યારે આગામી દિવસોમાં પણ આ પ્રકારની ઝુંબેશ યથાવત રીતે ચાલુ રાખવામાં આવશે. જેથી યુવાધન ડ્રગ્સના રવાડે ન ચડે.

જાણકાર વર્તુળોના જણાવ્યા અનુસાર ઘણી ઘણી શાળા અને કોલેજો બાર એવી નશીલી ચીજ વસ્તુઓ મળી રહી છે કે જેનાથી વિદ્યાર્થી ઓને યુવાધનનું ભવિષ્ય અંધકારમાં ગરકાવ થઈ જાય છે ત્યારે આ પ્રકારના નશાના પદાર્થનું વેચાણ કરતા પેડલરો વિરુદ્ધ પણ ખાસ કાર્યવાહી શરૂ કરવામાં આવતા ફફડાટ મચી જવા પામ્યો છે. આ ઝુંબેશ માત્ર રાજકોટ શહેર કે જિલ્લા પૂરતી જ સીમિત નથી પરંતુ સમગ્ર રાજ્યમાં આ ઝુંબેશને ચલાવવામાં આવી રહી છે કારણ કે છેલ્લા ઘણા સમયથી ગુજરાતમાં ડ્રગ્સ નું પ્રમાણ જે પ્રમાણે જોવા મળ્યું છે તે ઘણાખરા અંશે દુઃખદ બાબત કહી શકાય અને ચિંતાજનક કહી શકાય. આ તમામ બાબતોને ધ્યાને લઈ ટોચના પોલીસ અધિકારીઓ દ્વારા સર્ચ અને ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું . રાજકોટ શહેરમાં યોજાયેલી આ ઝુંબેશ માં પોલીસની ૪૦ ટીમો હતી એમ કુલ ૫૦ ટીમો શહેરના વિવિધ વિસ્તારોમાં આવેલી શાળા કોલેજો તથા મેડિકલ સ્ટોર અને પાનના ગલ્લામાં ચેકિંગ શરૂ કર્યું હતું. જે ચેકીંગમાં શાળા-કોલેજોની ૧૦૦ મીટરની ત્રિજ્યામાં આવતા પાનના ગલ્લા, પાનની દુકાનોમાં સિરપ સહીતના નશાકીય પદાર્થોનું વેચાણ, મેડિકલ સ્ટોરમાં નશા તરીકે ઉપયોગમાં લઇ શકાય તેવી પ્રિસ્ક્રીપશન વિના વેચાતી દવાઓ તેમજ શાળા-કોલેજોની આસપાસ પડ્યા પાથર્યા રહેતા નશાના કારોબારીઓ વિરુદ્ધ કાર્યવાહી શરૂ કરવામાં આવી છે.

આ ઝુંબેશ દરમિયાન શહેર પોલીસ દ્વારા નિયમભંગ કરતા પાનના ધંધાર્થીઓ, મેડિકલ સ્ટોરના સંચાલકો વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. તેમજ વધુમાં નશાકીય પદાર્થના વેચાણ અંગે ગુનાહિત ઈતિહાસ ધરાવતા શખ્સો શાળા-કોલેજો નજીકથી શંકાસ્પદ રીતે મળી આવશે તેમના વિરુદ્ધ પણ કડક પગલાં લેવામાં આવનાર છે તેમ પોલીસ વર્તુળોએ જણાવ્યું છે.

જેમાં મુખ્યત્વે શાળા-કોલેજોની આસપાસ આવેલા પાનના ગલ્લા અને તેમાં વેચાતા તમાકુથી માંડી નશાના તમામ પદાર્થો અંગે ચેકીંગ શરૂ કરવામાં આવ્યું છે. નિયમ મુજબ શાળા કોલેજોની ૧૦૦ મીટરની ત્રિજ્યામાં નશાના પદાર્થનું વેચાણ કરી શકાય નહિ પણ અનેક સ્થળો પર શાળા-કોલેજોની આસપાસ પાનના ગલ્લા ધમધમતા હોય છે ત્યારે તેવા પાનના ગલ્લાઓ પર દરોડા પાડી કાયદેસરની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે.



# રાજકોટમાં વિવિધ ટ્રેડ યુનિયનોના હજારો કર્મચારીઓ ભારત બંધમાં જોડાયા

## સરકારની નીતીવિરુદ્ધ સૂત્રોચાર : કચેરી બહાર કર્મચારીઓએ કર્યો વિરોધ પ્રદર્શન

રાજકોટ, તા. ૯

ગઈકાલે કેન્દ્ર સરકારની નીતિઓ સામે દેશભરના ટ્રેડ યુનિયનો દ્વારા ભારત બંધનું એલાન આપવામાં આવ્યું હતું જેમાં રાષ્ટ્રીયકૃત બેંકો સહિત સરકારના વિવિધ ટ્રેડ યુનિયનો દ્વારા એક દિવસનું બંધ પાડવામાં આવ્યું હતું અને હડતાલ પર ઉતરી ગયા હતા. રાજકોટ શહેરની જો વાત કરવામાં આવે તો આ હડતાલમાં આશરે ૨૦૦૦થી વધુ ટ્રેડ યુનિયનના કર્મચારીઓ જોડાયા હોવાનું માલુમ પડ્યું છે ત્યારે તેમના દ્વારા કચેરી બહાર સરકાર વિરુદ્ધના સૂત્રોચાર અને વિરોધ પ્રદર્શન પણ કરવામાં આવ્યા હતા.

હોસ્પિટલ ચોકમાં પણ કર્મચારીઓ એકત્ર થયા હતાં. અને યોગ્ય કાર્યવાહી કરવા માંગ કરી હતી. ટ્રેન યુનિયનોની હડતાળથી કરોડોના વ્યવહાર ઠપ્પ થઈ ગયા હતાં. સૂત્રોના જણાવ્યા અનુસાર કેન્દ્ર સરકાર હાલ વિદેશી કંપનીઓના દબાણથી ૪૪ જેટલા શ્રમ કાનૂન રદ કરી નવા ચાર કાનૂન લાગુ કરવા માટે મથામણ કરી રહી છે ત્યારે ટ્રેડ યુનિયનોના કર્મચારીઓનું માનવું છે કે કોરોના સમયમાં તેઓનો ગેરલાભ ઉઠાવી કર્મચારી તથા ખેડૂત વિરુદ્ધના કાયદાઓ બનાવવામાં આવ્યા હતા. આ ચાર નવા લેબર કોડથી કામદાર-કર્મચારીઓના હક્ક અધિકાર ખત્મ થઈ જશે. યુનિયનો બનાવવા અને આંદોલન હડતાલ કરવાના અધિકારો ખત્મ થઈ જશે. કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર ખાનગીકરણ અને ઉદારીકરણની નીતિઓના ભાગરૂપ ફિક્સ પગારની ભરતીઓ તેમજ આઉટસોર્સિંગનો નવો માર્ગ તૈયાર કરી રહી છે.

સામાજિક સેવાઓ શિક્ષણ આરોગ્ય -સમાજ સુરક્ષા સમાજકલ્યાણ સંરક્ષણ વિભાગ વહીવટી તંત્રના વિભાગોનું ખાનગીકરણ કરી કોન્ટ્રાક્ટ સીસ્ટમ દ્વારા કરાર આધારિત ફિક્સ પગારની ભરતીઓ કરી રહી છે. જાહેર ક્ષેત્રના બેન્ક પોસ્ટ એલઆઈસી રેલ્વે બંદરો હવાઈ અડ્ડા હાઈવેના રસ્તાઓ વીજળી ખાણ ખનીજને પાણીના મૂલ્યથી માનીતા ઉદ્યોગપતિઓને આપી રહેલ છે. તેમાં રહેલી રોજગારી ખત્મ કરી રહ્યા છે.

યુનિયનનો એ જે મુદ્દાસર સરકાર સામે વિરોધ વ્યક્ત કર્યો છે તેમાં વીમા ક્ષેત્રે વિદેશી મૂડી રોકાણ નું પ્રમાણ વધારીને ૧૦૦% કરવાનો કેન્દ્ર સરકારનો નિર્ણય, વીમા કાનૂનમાં સુધારા કરવાની સરકારની તજવીજ, જાહેર સાહસોનું ખાનગીકરણ કરવાની સરકારની નીતિ, મજુરહિત વિરોધી કાયદા અમલમાં મુકવા સહિતના વિવિધ મુદ્દે યુનિયનો કેન્દ્ર સરકારના વિરોધમાં છે. યુનિયનો એ સરકાર કેન્દ્ર સરકાર સમક્ષ જે માગણીઓ મૂકી છે તેમાં વીમા પ્રીમિયમ ઉપરનું જીએસટી દૂર કરવો કઈઈમાં વર્ગ ત્રણ અને ચારમાં કર્મચારીઓની ભરતી કરવી. પેન્શનની જૂની સ્કીમ પુનઃ ચાલુ કરવી, સામાન્ય વીમા ક્ષેત્રની ચારેય કંપનીઓનું મર્જર કરવું અને લઘુ લઘુત્તમ વેતન રૂા.૨૬,૦૦૦ કરવાની માગણીઓ મુખ્ય છે. આ માગણીઓ અને વિરોધના વિવિધ મુદ્દાસર યુનિયનો સરકાર સામે આક્રમક બન્યા છે.

### વડોદરાની પુલ દુર્ઘટના બાદ રાજકોટ જિલ્લાએ લીધા આગમચેતીના પગલાં એન્જિનિયરો સાથે બેઠક કરી કલેક્ટરે વિવિધ મુદ્દે માગ્યો રિપોર્ટ

# જિલ્લામાં જર્જરિત પુલ કેટલા કલેક્ટરે માગ્યો રિપોર્ટ



રાજકોટ, તા. ૯

ગુજરાત પર સમયાંતરે આફતો આવી રહી છે અમદાવાદ પ્લેન દુર્ઘટના બાદ વડોદરા કુલ દુર્ઘટનામાં અનેક લોકોએ જીવ ગુમાવ્યા ત્યારે આ પ્રકારની દુર્ઘટના અન્ય શહેરો કે જિલ્લામાં ન ઘટે તે માટે હાલ આગમચેતીના તમામ પગલાંઓ લેવામાં આવી રહ્યા છે ત્યારે ગઈકાલે રાજકોટ કલેકટરના અધ્યક્ષ સ્થાને ઇજનેરોની ખાસ બેઠક બોલાવવામાં આવી હતી જેમાં માર્ગ મકાન વિભાગ હાઈવે ઓથોરિટી સહિતના અધિકારીઓ અને ઇજનેરો હાજર રહ્યા હતા. આ બેઠકમાં ખાસ જે પુલ શહેર અને જિલ્લામાં આવેલા છે તેની ગુણવત્તા ચકાસવા અને તે અંગે રિપોર્ટ કરવા માટે જણાવવામાં આવ્યું. કલેકટરે કડક સુચના આપતા જણાવ્યું હતું કે હાલ તમામ પુલનું ઈન્સ્પેકશન કરવામાં આવે અને તે અંગેનો રિપોર્ટ તાકીદે રજુ કરાય એટલું જ નહીં રાજકોટ જિલ્લામાં આ પ્રકારના હજુ કેટલા ફૂલો છે તે અંગેની માહિતી પણ મેળવવામાં આવી રહી છે.

આવી જ રીતે ગોંડલમાં રાજાશાહી વખતમાં નિર્માણ પામેલ નાનો અને મોટો એમ બે બ્રીજ પણ બિસ્માર બનેલ હોય તેને ભારે વાહનો માટે એક વર્ષ પૂર્વે બંધ કરવામાં આવેલ છે.હવે વડોદરાની પુલ દુર્ઘટના બાદ જિલ્લાના તમામ પુલોની સ્થિતિના રિપોર્ટ કલેકટર ડો. ઓમપ્રકાશ દ્વારા ઈજનેરો પાસેથી મંગાવવામાં આવ્યો છે. હાલ મળતી માહિતી મુજબ સૌથી મોટો પ્રશ્ન એ જ છે કે ઈજનેરો દ્વારા કેમ એન્ડ સમયે જ આ તમામ ફૂલોની ચકાસણી કરવા માટે દોટ મૂકે છે. શું કામ સમયાંતરે આ કામગીરી કરવામાં આવતી નથી. આ તમામ મુદ્દાઓને ધ્યાને લઈને જ હાલ અનેકવિધ પ્રશ્નો ઊભા થઈ રહ્યા છે ત્યારે જોવાનું હવે એ રહ્યું કે રાજકોટમાં આ પ્રકારના જર્જરિત પુલની સંખ્યા કેટલી છે.

# એક જ ઝાટકે લેન્ડગ્રેબિંગમાં ૮ ફરિયાદ

## નવનિયુક્ત કલેક્ટર ઓમ પ્રકાશની કામગીરીથી ફાફડાટ : ૮૦ કેસ પર સુનાવણી, ૫૧ કેસ રદ



રાજકોટ, તા. ૯

લેન્ડગ્રેબિંગ હેઠળ રાજકોટ જિલ્લામાં કુલ આઠ કેસમાં પોલીસ ફરિયાદ કરવાનો નિર્ણય કલેક્ટર દ્વારા લેવામાં આવ્યો છે જેમાંથી બે કેસ રાજકોટ શહેરના છે. મળતી માહિતી મુજબ ૧૭ કેસમાં સમાધાન થયું હોવાનું માલુમ પડ્યું છે જ્યારે ચાર કેસ ને હજુ પણ પેન્ડિંગ એટલે કે વિચારણા હેઠળ રાખવામાં આવ્યા છે. કલેકટરના અધ્યક્ષ સ્થાને જે બેઠક યોજાઈ તેમાં કુલ ૮૦ કેસ પર સુનાવણી હાથ ધરવામાં આવી હતી જેમાંથી ૫૧ કેસ રદ કરવામાં આવ્યા હતા.

લેન્ડગ્રેબિંગ કમિટિની બેઠકમાં બંન્નેપક્ષોના અરજદારોને પણ હાજર રાખી તેમની રજૂઆતો સાંભળવામાં આવ્યા હતા અને દલિલો બાદ ૧૭ કેસોમાં બન્નેપક્ષો વચ્ચે સમાધાન સાધવામાં સફળતા મળી હતી.અત્રે ઉલ્લેખનીય છે કે, રાજ્ય સરકારે નિર્દોષ લોકોની જમીન, મકાન, દુકાન પચાવી પાડનારા લેન્ડ ગ્રેબર્સ અને તેમની સાથે સંકળાયેલી ગુનાહિત પ્રવૃત્તિઓ કરતા અસામાજિક તત્વો સામે કડક કાર્યવાહી કરવા માટે વર્ષ ૨૦૨૦માં લેન્ડ ગ્રેબિંગ એક્ટ પસાર કર્યો હતો. આ કાયદા હેઠળ ઓછામાં ઓછી ૧૦ વર્ષની સજાની જોગવાઈ છે.

જાણકાર વર્તુળોના જણાવ્યા અનુસાર તત્કાલીન કલેકટરની કામગીરી ની સામે હાલના કલેક્ટર દ્વારા આ અંગે આક્રમક વલણ અપનાવવામાં આવ્યું હોય તેવું લાગી રહ્યું છે કારણ કે તત્કાલીન કલેક્ટર દ્વારા જ્યારે બેઠક યોજાતી તો તેમાં બેથી ત્રણ કેસમાં જ પોલીસ ફરિયાદ થતી હોવાનું માલુમ પડ્યું ત્યારે હાલના કલેક્ટર ઓમ પ્રકાશ દ્વારા પ્રથમ બેઠકમાં જ આઠ કેસમાં પોલીસ ફરિયાદ નોંધવાનો જે નિર્ણય લીધો છે તેનાથી હવે લોકોમાં પણ ફાફડાટ મચી ગયો છે. ૬ માસમાં કુલ ચાર વખત મળેલી લેન્ડગ્રેબીંગની બેઠકમાં માત્ર ૫ કેસમાં જ પોલીસ ફરીયાદ દાખલ ક્વામાં આવી હતી. જ્યારે ગઈકાલે મળેલી આ બેઠકમાં એક સાથે ૮ કેસમાં પોલીસ ફરીયાદ દાખલ કરવાનો નિર્ણય લેવામાં આવેલ હતો.

આક્રમક વલણના પગલે કલેક્ટર કચેરીના અધિકારીઓ કર્મચારીઓ અને લેન્ડગ્રેબિંગ ની ફરિયાદ કરનાર લોકોમાં પણ ભારે આશ્ચર્ય જોવા મળ્યો છે કારણ કે હાલ જે કામગીરી કરવામાં આવી રહી છે તે અકલ્પનીય છે જેથી હવે એ વાત પર ભરોસો પણ બેસી રહ્યો છે કે આગામી સમયમાં પણ હવે વધુ કેસોમાં પોલીસ ફરિયાદ નોંધાય શકે તેમ છે. અને ખરા અર્થમાં લોકોને પણ આ બાબતે ન્યાય મળશે.

### હત્યા સ્થળ આસપાસ નથી કોઇ CCTV કેમેરા, નથી હત્યાનો કોઇ સ્પષ્ટ મોટીવઃ હત્યારા કોણ? રહસ્ય ભેદવા મથામણ

# રૈયાધારના મનસુખબાપાનું મર્ડર પોલીસની થશે કસોટી

## વૃધ્ધના મોબાઈલ ફોનની ડિટેઈલ મેળવવા પ્રયાસઃ કામ અઘરૂ પણ સફળતા ચોક્કસ મળશે તેવી પોલીસને આશા

રાજકોટ તા. ૯

શહેરના રૈયાધાર શાંતિનગરના ગેઇટ સામે મોમાઇનગર-૩ મફતીયાપરામાં રહેતાં તોંતેર વર્ષના કડીયા કુંભાર વૃધ્ધ મનસુખભાઇ આણંદજીભાઇ ટાંકની હત્યાએ રૈયાધારમાં ચકચાર મચાવી દીધી છે તો સાથે સાથે આ ઘટનાએ રહસ્ય પણ જગાવ્યું છે. વૃધ્ધને કોણ શા માટે મારી નાંખે? આ સવાલનો જવાબ શોધવા અને હત્યારાને શોધવા પોલીસની ટીમો કામે લાગી છે. માથામાં બોથડ પદાર્થના ઘા ફટકારી વૃધ્ધને મોતને ઘાટ ઉતારી હત્યારાએ લાશ સળગાવવાનો અને પુરાવાનો નાશ કરવાનો પ્રયાસ કર્યો હતો. જતા જતાં ઘરનો દરવાજો બહારથી બંધ કરી દીધો હતો.

ભેદભરમ સર્જતી હત્યાની આ ઘટનામાં યુનિવર્સિટી પોલીસે હત્યાનો ભોગ બનેલા મનસુખભાઇ ટાંકના જમાઇ કોઠારીયા રોડ રણુજા મંદિર પાછળ કૈલાસ પાર્ક-૩માં રહેતાં અને કડીયા કામ કરી ગુજરાન ચલાવતાં તેમના જમાઇ દયાળજીભાઇ બેચરભાઇ વાઘેલાની ફરિયાદ પરથી અજાણ્યા શખ્સ વિરૂધ્ધ હત્યા કરી બાદમાં લાશને સળગાવી દેવાનો પ્રયાસ કરી પુરાવાનો નાશ કરવા અંગે એફઆઇઆર દાખલ કરી હતી. દયાળજીભાઇએ જણાવ્યું હતું કે મારા સસરા મનસુખભાઇ રૈયાધાર મોમાઇનગર-૩માં હાલ એકલા રહેતાં હતાં. મારા સસરાને સંતાનમાં ત્રણ દિકરી છે.

જેમાં તેની એક દિકરી કુંદન સાથે મારા લગ્ન થયા છે. મારા સાસુ ચતુરાબેનનું પાંચ વર્ષ પહેલા બિમારી સબબ અવસાન થયું છે. એક સાળા સંજયભાઇએ પચ્ચીસ વર્ષ પહેલા સ્યુસાઇડ કરી લીધો હતો. ૭/૭ના સોમવારે રાતે અગિયારેક વાગ્યે મારા ફઇજી નયાનાબેન ઘનશ્યામભાઇએ મને ફોન કરી વાત કરી હતી કે-તમારા સસરા મનસુખભાઇના મકાનમાંથી ધૂમાડા નીકળે છે તમે જલ્દી આવો. જેથી હું, મારા પત્નિ કુંદન બંને બાઇક પર મારા સસરાના ઘરે આવ્યા હતાં. અહિ





ઘણા માણસો ભેગા થયા હતાં. મારા સસરાની બાજુમાં ભાડેથી રહેતા તુષારભાઇ ચૌહાણ અને મારા સાઢુ બીપીનભાઇ અરશીભાઇ સોલંકી, ફઇજી નયનાબેન, ફઇજીનો દિકરો રાજશેભાઇ ઘનશ્યામભાઇ સહિતના પણ હતાં. તુષારભાઇએ વાત કરી હતી કે રાતે દસેક વાગ્યે મનસખુભાઇના ઘરમાંથી ધૂમાડા નીકળતાં હોઇ જેથી સૌ પહેલા મેં નજીકમાં જ રહેતાં તેમના ભાણેજ રાજેશભાઇને બનાવની જાણ કરી હતી.

આ પછી રાજેશભાઇએ અમને કહ્યું હતું કે મારા સસરા મનસુખભાઇ ઘરમાં મૃત્યુ પામેનલી હાલતમાં પડ્યા હતાં અને માથામાં ઇજા હતી. હાથ અને છાતીના ભાગે દાઝેલા હતાં. ૧૦૮, ફાયર બ્રિગેડ અને પોલીસ પણ હતી. સસરાની લાશને પોસ્ટમોર્ટમમાં ખસેડાતાં તેમને માથામાં થયેલી ઇજાઓને કારણે મોતનો રિપોર્ટ આવ્યો હતો. ઘરમાં પણ પુષ્કળ લોહી હતું. તેઓ હાથે, છાતીના ભાગે થોડા દાઝેલા હતાં. કોઇએ ઘરમાં ઘુસી મારા સસરાને કોઇ હથીયારના ઘા મારી તેમની હત્યા કરી લાશ સળગાવી દેવાનો પ્રયાસ કર્યો હતો. જો કે હત્યા કોણે કયા કારણોરસ કરી તેની મને ખબર નથી. તેમ વધુમાં દયાળજીભાઇએ કહ્યું હતું.

યુનિવર્સિટી પોલીસ સ્ટેશનના ઇન્સ્પેક્ટર એચ. એન. પટેલ અને ડી. સ્ટાફ ટીમે તપાસ શરૂ કરી છે. સાથે ક્રાઇમ બ્રાંચ પીઆઇ એમ.આર. ગોંડલીયા, પીઆઇ એમ. એલ. ડામોર, સી. એચ. જાદવ, એલસીબી ઝોન-૨ પીએસઆઇ આર. એચ. ઝાલા અને ટીમોએ ભેદ ઉકેલવા તપાસ શરૂ કરી છે. જો કે વૃધ્ધને કોણ શા માટે મારીગયું? તે રહસ્ય હજુ અકબંધ રહેતાં પોલીસે મોબાઇલ કોલ ડિટેઇલ, વૃધ્ધ દ્વારા કોઇ સાથે પૈસાની લેતીદેતી હતી કે કેમ? તે સહિતના મુદ્દાઓની તપાસ આરંભી છે. વળી આસપાસ સીસીટીવી કેમેરા ન હોઇ પોલીસ માટે આ કેસ કપરો બની ગયો છે. પણ ભેદ ઉકેલાઇ જશે તેવી પોલીસને આશા છે.